# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 6


અન્ય પૃષ્ઠો પર...


02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

05 સૌથી ખતરનાક બૉમ્બ
યશવન્ત મહેતા

07 સુખનું અર્થકારણ : હજી...
ધવલ મહેતા

10 હા, કોંગ્રેસ 2017માં...
બાલકૃષ્ણ આનંદ

11 ગુજરાત મુંબઇ રેશનાલીસ્ટ...

12 સવાયા માનવ : જોસેફદાદા
મણીલાલ સુથાર

14 માધુકરી
ડૉ. આનંદ વસાવા / દીવ્યાશા દોશી / યજ્ઞેશ દવે / ફ્લેવીયા એગ્નેસ

19 ન્યાયતંત્રની નબળાઈઓ
કૃષ્ણકાંત વખારીઆ

21 વાંચવું ગમશે...
ગાર્ગી વૈદ્ય

23 કંઈક વીશેષ
મહેન્દ્ર મેઘાણી

25 નવું વાચન

27 પત્ર-સાર

29 આપણા દેશની આર્થીક ગરીબી
કુમારેશ કે. ત્રીવેદી

32 કાવ્યોમાં સાંપ્રત


## ‘મહાદુ આખું મુંબઈ ખાય છે. પેઢીઓની આ ભુખ છે...’

હું એક વાર બંગાળ ગયો હતો અને એ સમય એવો હતો કે ત્યાં બુધન સબરનું મૃત્યુ થયેલું. લગભગ બુધનના મૃત્યુ પછી તરત હું બંગાળ ગયો હતો અને ત્યારે એમને [મહાશ્વેતા દેવીને] મળવાનું થયું. પછી એમને ખબર પડી કે વીમુક્ત વીચરતી જનજાતી માટેના પ્રશ્નોમાં રસ છે અને મને ખબર પડી કે એમને પણ એ પ્રકારનો રસ છે. અમે જ્યારે પહેલીવાર મળ્યાં ત્યારે એમની ઉંમર લગભગ 70 વર્ષની ઉપર હતી અને હું લગભગ 50 વર્ષનો હતો. તો અમે નક્કી કર્યું કે દેશભરમાં ફરીશું અને જ્યાં જ્યાં વીમુક્ત વીચરતી જાતીના વ્યક્તી છે એમને મળીશું, એમની પરીસ્થીતી સમજી લઈશું અને એ પરીસ્થીતી સરકાર સામે, ન્યાયક્ષેત્ર સામે, પોલીસ સામે મુકીશું. તે વીશે લખીશું. લોકોને ભેગાં કરીશું. આશરે 3 લાખ કી.મી. સાથે ફર્યાં. સુરતથી જલગાંવ સુધી પેસેન્જર ટ્રેનમાં આખી રાત બેસીને, તે સમયે મહાશ્વેતાબેનને મેગ્સેસે એવોર્ડ પણ મળ્યો હતો. જ્ઞાનપીઠ પણ મળેલો, દુનીયાભરમાં મશહુર વ્યક્તી, આટલી ઉંમર. પછી ડાયાબીટીસનો પ્રૉબ્લેમ કોઈ બેસવાની જગ્યા નહીં તો વાતો કરતાં...

ડૉક્ટરે તો જાહેર કર્યું કે આ તો જીનેટીક રોગ [સીકલ સેલ] છે એટલે આપણે ખાસ કરવા જેવું નથી. માત્ર આયર્ન કે ટેબલેટ આપીએ. આ લઈને મહાશ્વેતાબેને એક ગજબની વાર્તા લખી ‘મહાદુ’ નામથી. મહાદુ અમરાવતીનો કોરકુ જાતીનો એક છોકરો કે જે છેલ્લો બચ્યો છે અને મૃત્યુની રાહ જોઈ રહ્યો છે. કોરકુ લોકોનું આખું જંગલ અંગ્રેજોએ કપાવ્યું અને સુરત- હાવરા રેલ્વે લાઈનમાં નીચે સ્લીપર નાંખવામાં આવ્યાં તે કોરકુનાં જંગલમાં થઈ આવ્યાં. દુરથી રેલ્વે આવે છે એની સીસોટીથી મહાદુ થોડો વીચલીત થાય છે અને રેલ્વેની ગંધ આવે છે. તે દોડતો દોડતો રેલ્વેમાં બેસી મુંબઈ પહોંચી જાય છે. મુંબઈનો પદાર્થ કદી જોવા મળ્યો નહોતો તે પદાર્થ એટલે અન્ન એને જોવા મળે છે. તે ખાય છે અને કદ વધે છે, મહાકાય થાય છે. મહાદુ આખું મુંબઈ ખાય છે. પેઢીઓની આ ભુખ છે. એનું માથું આકાશને અડે છે. પછી તે ઝુકીને આખો અરબી સમુદ્ર પીવે છે અને હાથ ઉંચો કરી તારા લઈને નવા અક્ષરમાં દુનીયાનો ઈતીહાસ લખે છે. અદ્ભુત કથા. આથી હું મહાશ્વેતાબેનની કેમેસ્ટ્રી સમજી ગયો કે જેટલું લખાણ છે તે અનુભવના આધારે છે, કલ્પનાના આધારે નથી, પછી એમાં કલ્પના ઉમેરે છે, કારણ કે શબ્દનો કીમીયો એમની પાસે છે.

**– ગણેશ દેવી**

[પ્રા. ગણેશ દેવી કૃત ‘સંવાદ’માં યજ્ઞેશ દવેએ લીધેલી મુલાકાતનો અંશ. પુસ્તકની વીગતો માટે જુઓ ‘નવું વાચન.’] ❑

# સાંપ્રત

■ ઈન્દ્રકુમાર જાની

## પક્ષો માટે અસ્તીત્વનો જંગ બની ગઈ ચુંટણીઓ...

પાંચ રાજ્યોની વીધાનસભાની ચુંટણીઓ કોઈ 'ખેલની જેમ રમાઈ નહીં પરંતુ જંગની જેમ લડાઈ...' પહેલીવાર એવું બન્યું કે ખુદ વડા પ્રધાને પોતાના મત વીસ્તારમાં સતત ત્રણ દીવસ સુધી 'અઠે દ્વારકા' જેવું કર્યું ! લાલબહાદુર શાસ્ત્રીના નીવાસસ્થાનથી લઈને જ્યાં જ્યાં જરુર લાગી ત્યાં રુબરુ ગયા. ધારાસભામાં ભાજપના ઉમેદવાર તરીકે જીતતાં લોકપ્રીય ધારાસભ્યને ટીકીટ ન આપી પણ પ્રચારવેળા એમની પીઠ થાબડી... એક સમયે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે જેમનું નામ ચાલતું હતું એવા સાંસદ વરુણ ગાંધીને 40 પ્રચારકોમાં પણ ન લીધાં... 403 પૈકી એક પણ મુસ્લીમ ઉમેદવાર ન રખાયા... પ્રચારના શરુઆતના દીવસોમાં યોગી આદીત્યનાથને પણ પુરતું મહત્ત્વ ન અપાયું - આટઆટલું છતાં ભારતીય જનતા પાર્ટીને ત્રણ ચતુર્થાંશ જેટલી સીટ મળી એ નરેન્દ્ર મોદીનો અંગત વીજય છે. જોકે સરવાળે ભાજપ કે આરએસએસ નહીં પણ જે છે તે એકમેવ નેતા નરેન્દ્ર મોદી જ છે; રાજશાહી હોય તો એમ કહેવાત કે નરેન્દ્ર મોદીનું એકચક્રી શાસન ચાલુ રહ્યું છે.

જો કે મોદી-શાહનું 'કોંગ્રેસમુક્ત ભારત'નું સ્વપ્ન સાકાર થયું નથી. કૉંગ્રેસ પાર્ટી નબળી પડી છે; ઉત્તર પ્રદેશમાં તેનું ભયંકર ધોવાણ થયું છે. પણ પંજાબમાં બેતૃતીયાંશ બહુમતી મળી છે તે નોંધપાત્ર છે. આ લખાય છે ત્યારે મણીપુર અને ગોવામાં બંને પક્ષો વચ્ચે 'કાંટે કે ટક્કર ચલ રહી હૈ.' ઉત્તરાખંડમાં કોંગ્રેસી મુખ્યમંત્રી બંને સીટ પરથી હાર્યા છે તેમને કોંગ્રેસનો આંતરીક વીવાદ નડી ગયો છે... ગુજરાતની ચુંટણીવેળા વડાપ્રધાન વારાણસીની જેમ જ અહીં રહીને તમામ તાકાત લગાવશે એટલે એવું લાગે છે કે ધારાસભામાં સૌથી સીટ જીતવાનો માધવસીંહ સોલંકીનો રેકર્ડ બ્રેક કરે તો નવાઈ નહીં ... 2019માં ભાજપની જીત હવે સરળ બની છે તેમજ રાજ્યસભામાં બહુમતી મેળવવી અને બંધારણમાં ઈચ્છીત સુધારા કરવા - એ બે મુદ્દા વડાપ્રધાન માટે અગ્રતાક્રમે રહેશે.

પાંચ રાજ્યોની વીધાનસભાના પરીણામો અગાઉ મહારાષ્ટ્રમાં યોજાયેલી મહાનગરપાલીકાઓની ચુંટણીના પરીણામો અંગે જબરદસ્ત ઉહાપોહ થયો... ફરીયાદો ઘણી ગંભીર હતી : ભાજપને જ વોટ જાય તેવું કાવતરું ભાજપે કરેલું; અપક્ષને ખુદ પોતાનો અને કુટુંબીઓનો વોટ ન મળ્યો; ઈવીએમમાં ચેડાં : ઉમેદવારોએ નોંધેલા મતો અને ગણતરી કરાયેલ મતોમાં તફાવત વગેરે વગેરે. આ અગાઉ સુપ્રીમ કોર્ટ જાહેર કરી ચુકી છે કે, વર્તમાન સ્વરુપમાં ઈવીએમ (ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન) ફુલપ્રુફ નથી. ઈવીએમના ઉપયોગ વખતે સાથે પેપર પણ આપીને મતપ્રક્રીયાને પારદર્શક બનાવવાનો ચુંટણી પંચને અપાયેલો સમય પુરો થઈ ગયો છતાં આ મુદ્દે પ્રગતી થઈ નથી. જેઓ મતને પવીત્ર ગણતા હોય અને લોકશાહી સુદૃઢ થાય એ માટે મતદાનમાં કશી ગોલમાલ ન થાય એ માટે ચીંતીત લોકોએ 'મશીનને જાકારો આપો'ની માગણી બુલંદ કરવાની જરુર છે. ચુંટણી પ્રક્રીયામાં કોઈપણ તબક્કે ભ્રષ્ટાચાર ચલાવી શકાય નહીં.

## સુપ્રીમ કોર્ટે ખેડુતોની આત્મહત્યા મામલે કરી ટીકા

ગુજરાતમાં સને 2003થી અત્યાર સુધીમાં 619 ખેડુતોને આત્મહત્યા કરવાની ફરજ પડી હોવાના મામલે ભરતસીંહ ઝાલાએ એમની સ્વૈચ્છીક સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં રીટ કરી છે. ખેતીમાં પાક નીષ્ફળ જવાથી ખેડુતોને દેવું થઈ જાય છે એને પરીણામે એને જીવન ટુંકાવી દેવાની નોબત આવે છે. આ સંગઠને આવી સમસ્યાનો સામનો કરી રહેલા પ્રત્યેક ખેડુતને હેક્ટરદીઠ રુ. 30,000ની સહાય ચુકવવાની માગણી કરી છે. આ અંગે સુપ્રીમ કોર્ટની ખંડ પીઠે સરકારની ટીપ્પણી કરી છે કે, 'આ મુદ્દો મહત્ત્વપુર્ણ છે. અમને લાગે છે કે તમે ખોટી દીશામાં જઈ રહ્યા છો. આ સમસ્યાનું સમાધાન, આત્મહત્યા બાદ ખેડુતોને વળતર ચુકવવામાં આવે તે નથી. તેને આપઘાત કરવો પડે જ નહીં એવું કરવાની જરુર છે.' આ અંગે બે સપ્તાહમાં નક્કર યોજના બનાવવા અને રોડમેપ તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે.

## ભારત સરકારના સલાહકારની વાત સંભળાશે ?

ફેબ્રુઆરીના અંતીમ દીવસોમાં ભારત સરકારના મુખ્ય આર્થીક સલાહકાર અમદાવાદની મુલાકાતે આવી ગયા. એમણે ટોચના અર્થશાસ્ત્રી તરીકે કેટલીક વાતો કહી :

• *ભારતમાં સમૃદ્ધ રાજ્યો વધુ ઝડપથી વૃદ્ધી નોંધાવી રહ્યા છે જ્યારે આર્થીક પછાત રાજ્યોનો વીકાસદર ઓછો છે. જોકે સમગ્ર વીશ્વમાં એવું જોવા મળી રહ્યું છે કે ઓછા વીકસીત દેશો, વીકસીત દેશોની*

*સરખામણીએ વધારે ઝડપી વૃદ્ધી કરે છે. ચીનમાં પણ વીવીધ પ્રાંતોમાં આવું જ જોવા મળે છે.*

*• આરોગ્ય અને શીક્ષણ પર કેન્દ્ર સાથે રાજ્યોએ પણ પુરતો ખર્ચ કરવો જોઈએ.*

*• છેલ્લા કેટલાક મહીનાઓમાં દેશમાં ઘણી ખાનગી કંપનીઓની લોનની વસુલાત બાકીનો આંકડો વધ્યો છે. બેંક ફ્રોડ પણ વધ્યું છે. ખાનગી કંપનીઓના વધી રહેલા બેંક દેવા સામે સખત પગલાં ભરવા જરુરી છે.*

*• વીકસીત અને અવીકસીત રાજ્યો સાથે દેશમાં આર્થીક દૃષ્ટીએ બે ભારત વસે છે.*

*• 35 કરોડ લોકો પાસે મોબાઈલ ફોન જ ન હોય ત્યાં કેશલેસ ઈકોનોમીની વાત કવેળાની.*

*• યુનીવર્સલ બેઝીક ઈન્કમ સંદર્ભે ભારતમાં રોજગારી અને આવકની અસમાનતાના પ્રશ્નો છે. આ પરીસ્થીતીમાં રોજગારી સર્જન માટે ગાંધીજીનું આર્થીક મોડલ ખુબ ઉપયોગી સાબીત થશે.*

આ સુચનો વડાપ્રધાને ખુદ નીયુક્ત કરેલા અર્થશાસ્ત્રીએ કર્યા છે; આશા રાખીએ તેમની વાત સંભળાશે.

## દુષ્કર્મ, બાળતસ્કરી, દેશદ્રોહ, હત્યાની ધમકી

તા. ત્રીજી માર્ચના અખબારમાં પહેલા પાને જ બે સમાચાર ચમક્યા : રાષ્ટ્રપતીએ જણાવ્યું કે, અસહીષ્ણુ લોકોને ભારતમાં કોઈ સ્થાન નથી. એની નીચે જ મધ્યપ્રદેશના કુંદન ચંદ્રાવતની ખુલ્લી ધમકી છપાઈ, ‘કેરળના મુખ્યમંત્રીનું માથું વાઢી લાવનારને એક કરોડનું ઈનામ આપીશ. જો કે એમને પક્ષખારીજ કરવામાં આવ્યા છે. પરંતુ ભાજપ સત્તાસ્થાને હોવાથી એમના કાર્યકરો બેફામ બન્યા છે. તેઓ કાયદો ગજવે ઘાલીને ફરે છે... સૈયાં ભયે કોતવાલ ! કેટલીક જાણકારી :

*• નલીયાકાંડ અંગે સરકાર ગંભીર હોય એવી છાપ પડતી નથી. આ દુષ્કર્મનો ભોગ એકથી વધુ મહીલાઓ બની છે અને ધરપકડ કરાયેલ છે તેમનાથી વધુ દોષીતો સંડોવાયેલા છે. તે બંને મુદ્દે સરકારે જરુરી કાર્યવાહી સત્વરે કરવી જોઈએ.*

*• નલીયા કાંડની શાહી સુકાઈ નથી ત્યાં કચ્છના રાપરમાં એક પરીણીતાએ ભાજપના આગેવાનોની નજર સામે પોલીસ દ્વારા દુષ્કર્મ આચરાયાની ફરીયાદ કરી છે. [ગુજરાત સમાચાર : 26-2-2017]*

*• નલીયા, દયાપર અને રાપરના દુષ્કર્મો થકી કચ્છ સેક્સ હબ તરીકે બદનામ થઈ રહ્યું છે, ત્યારે એક વેબસાઈટના રીપોર્ટ મુજબ ગુજરાતમાં છેલ્લા છ મહીનામાં બળાત્કારના 472 કેસ નોંધાયા છે. [સંદેશ : 28-2-2017]*

*• રાજ્યમાં દુષ્કર્મના 400થી વધુ બનાવોમાં એકપણ પીડીતાને વળતર ચુકવાયું નથી. ભાજપી મહીલા આગેવાનો અને ભગીની સંસ્થાઓ ક્યાં છે ? [ગુજરાત ટુડે : 6-3-2017]*

*• ‘બીમલા શીશુ ગૃહ’ સંસ્થાના ઓઠા હેઠળ પશ્ચીમ બંગાળમાં બાળકોના વેપારનું કૌભાંડ. ભાજપનાં મહીલા નેતાની ધરપકડ. ભાજપ અગ્રણીઓ કૈલાસ વીજય વર્ગીય અને રુપા ગાંગલીના સંપર્કમાં હોવાનો આક્ષેપ. મુખ્ય આરોપી જુહી ચૌધરીએ 17 બાળકો વેચ્યા. બેબીની કીમત 1 લાખ અને બાબાની કીમત રૂ. 2 લાખ. [ગુજરાત સમાચાર / ગુજરાત ટુડે : 2-3-2017]*

*• ‘બેટી બચાવો’ની વાતો વચ્ચે મહીલાઓ અસલામત. ગુજરાતમાં 7 વર્ષમાં બળાત્કારના 3,526 અને અપહરણના 11,653 બનાવો. નલીયા દુષ્કર્મ કાંડ, પાટણમાં સામુહીક બળાત્કાર, આસારામના યૌન સંબંધી ગુનાઓ, પારુલ યુની. સેક્સ કાંડ મુખ્ય. [ગુજરાત ટુડે : 5-3-2017]*

*• આ તો ગુજરાતની વાત થઈ. હવે મધ્યપ્રદેશ. અહીં ધ્રુવ સક્સેના, મનીશ ગાંધી, મોહીત અગ્રવાલ, બલરામ પટેલ, બ્રજેશ પટેલ, રાજીવ પટેલ, કુશ પંડીત, જીતેન્દ્ર ઠાકુર, રીતેશ ખુલ્લર, જીતેન્દ્રસીંહ યાદવ, ત્રીલોકસીંહ - આ બધા નામો એ લોકોના છે જેમને મધ્યપ્રદેશની એન્ટી ટેરર સ્ક્વૉડે પાકીસ્તાની ગુપ્તચર એજન્સી માટે કામ કરવાના આરોપસર પકડ્યા છે. સારું છે કે આમાંનું કોઈ જેએનયુનું નથી અને ના તો મુસલમાન છે... એવું હોત તો મીડીયા દીવસો સુધી હોબાળો મચાવત. [ગુજરાત ટુડે : 19-2-2017]*

*• નલીયા દુષ્કર્મ કાંડની પીડીત મહીલાએ અંતે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યાં. હાઈકોર્ટે સરકારને નોટીસ ફટકારી અને એક મહીનામાં તપાસ અહેવાલ સોંપવાનો આદેશ કર્યો.*

*• પર ગામના દલીતોને સરકારે ‘પરગામ’ના કર્યા. પશુનીકાલના મુદ્દે દલીતોનો બહીષ્કાર કરાયો. આ ઘટનાના પડઘા વીધાનસભામાં પડ્યા હતા. સરકારે પાટણમાં પ્લોટ ફાળવ્યો છે. [દીવ્ય ભાસ્કર : 4-3-2017]*

*• આરટીઆઈ દ્વારા પ્રાપ્ત માહીતી મુજબ રાજ્યમાં દલીત મહીલાઓ પર થતા દુષ્કર્મના કીસ્સાઓમાં સતત વધારો થયો છે. 2015-16માં અમદાવાદ શહેર અને જીલ્લામાં સૌથી વધારે કીસ્સા નોંધાયા છે. [દીવ્ય ભાસ્કર : 7-3-2017]*

*• અમરેલી તાલુકાના વરસડા ગામે દલીત સરપંચની સરાજાહેર ક્રુરતાપુર્વક હત્યા કરવામાં આવી. છેલ્લા કેટલાક દીવસોથી રાજ્યમાં દલીતો પરના અત્યાચારના બનાવો વધી રહ્યા છે. ઉનાના સમઢીયાળા ગામે દલીત અત્યાચાર કેસના સાક્ષી પર હુમલો કરી, મોતની ધમકી આપી.*

*• અહીં એક મુદ્દો ખાસ ધ્યાનાર્હ છે. યુપીએ શાસનમાં દીલ્હી ખાતે ‘નીર્ભયા’ દુષ્કર્મ કાંડનો મામલો દીવસો સુધી મીડીયામાં ચમકતો રહ્યો... મધ્ય પ્રદેશમાં દેશદ્રોહીઓ પકડાય તેમ છતાં ‘ગુજરાત ટુડે’ સીવાય અન્ય અખબારોમાં એ અંગે કશી નોંધ નથી. આવી ગંભીર બાબત અંગે મીડીયા નીર્લેપ કે ઉદાસીન રહી શકે નહીં... શંકા એવી જાય છે કે ભાજપનું ‘મીડીયા મેનેજમેન્ટ’ અત્યંત શક્તીશાળી છે.*

## સુપ્રીમ કોર્ટ : વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ફરજીયાત

સુપ્રીમ કોર્ટે દેશના તમામ રાજ્યોના પ્રદુષણ નીયંત્રણ બોર્ડો માટે એવી સુચના જારી કરી છે કે તમામ

ઉદ્યોગોને પ્રાઈમરી એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરુ કરવાની નોટીસ આપો. ત્રણ મહીના પછી અમલ નહીં કરનાર ઔદ્યોગીક એકમોનો વીજ પુરવઠો કાપી નાખો... એ તો એક જાણીતી હકીકત છે કે વીદેશોમાં જેનું ઉત્પાદન પ્રતીબંધીત હોય એવા કેમીકલ્સનું ભારતમાં બેરોકટોક ઉત્પાદન થાય છે. આપણાં જળ-જમીન-જંગલ પ્રદુષીત થાય છે પરંતુ ઉદ્યોગમાલીકોને કે સરકારોને કશી પડી નથી. તાજેતરમાં જ વાપી, અંકલેશ્વર, વટવા વીસ્તારમાં થોડા સમય અગાઉ ઉદ્યોગો પર નીયંત્રણો લદાયા હતા તે હટાવી દેવામાં આવ્યા છે. આ બધું વીકાસના નામે થઈ રહ્યું છે... ગંદું, ખતરનાક, જીવલેણ પ્રવાહી નદી - નાળામાં ઠલવાઈ રહ્યું છે... આશા રાખીએ કે આદેશનો અમલ થશે... આ અગાઉ સુપ્રીમ કોર્ટે સરકારની આકરી ઝાટકણી કાઢતાં ટીકા કરેલી કે, શું ભારત જોખમી કચરાનું ડમ્પીંગ ગ્રાઉન્ડ છે ?

## અખબારી આયનામાં ગુજરાતની ભાજપ સરકાર

• મુખ્યમંત્રી આવાસના ડ્રો બાદ મકાન ન લાગતાં ગરીબ લાભાર્થીઓ પોતાની ડીપોઝીટની રકમ પરત મેળવવા ધક્કા ખાય છે. (ગુજરાત સમાચાર : 14-2-2017)

• સાણંદમાં ખેતરો પાસે નર્મદા કેનાલ છતાં પાણી નહીં : નળકાંઠાના ખેડુતો માટે નર્મદા માઈનોર કેનાલો ન બનતાં પ્રશ્ન વીકરાળ બન્યો. (સંદેશ : 15-2-2017)

• રાજકોટમાં રોજ નાળા-ડેમમાં છોડી દેવાતું 8 કરોડ લીટર ગટરનું પાણી. (ગુજરાત સમાચાર : 16-2-2017)

• `લીલી નાઘેર' શબ્દપ્રયોગ બની ગયો ભુતકાળ; સોમનાથ જીલ્લાનાં દરીયાકાંઠા આસપાસ વધતી ખારાશ ચીંતાજનક. 100થી વધુ ગ્રામવીસ્તારોમાં મીઠું પાણી મળવું દુષ્કર. બેફામ ખનીજચોરીનાં કારણે જમીન અને ભુગર્ભ તળની અવદશા. (ગુજરાત સમાચાર : 17-2-2017)

• કોડીનારમાં સંસદીય સચીવ જેઠાભાઈનાં ધરણાં બીજે દીવસે યથાવત. ભાજપની જુથબંધીનો તકાજો. ધરણાં પર બેઠેલા એમએલએને મળવા કોઈ જતું નથી. (નવગુજરાત સમય : 17-2-2017)

• ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજીમાં ચોંકાવનારી વીગતો સામે આવી. ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પો.નું વધુ એક કૌભાંડ. ડ્રાઈવરને જ પ્રોજેક્ટ ઈન્ચાર્જ બનાવી દેવાયો ! એસીબીએ બાતમી આધારે પાડેલા દરોડામાં રૂ. 16 કરોડની મીલકત બહાર આવી. (ગુજરાત સમાચાર : 17-2-2017)

• અમદાવાદના પુર્વ-દક્ષીણ વીસ્તારને પીવાનું પાણી પુરું પાડતી શેઢી કેનાલમાં 12 માસના જ ટુંકાગાળામાં ત્રણ મોટા ભંગાણ પડ્યાં ! કેનાલને પાકી બનાવી સમસ્યા ઉકેલવા માંગ ! (ગુજરાત સમાચાર : 16-2-2017)

• જજીસ બંગલાના હાઈસીક્યુરીટી ઝોનમાં ચોરી કરી પોલીસની મુછો ખેંચતા તસ્કરો : વસ્ત્રાપુરની મોબાઈલ શોપમાં રૂ. 40 લાખના આઈપેડ અને મોબાઈલ ફોન ચોરાયા. અમદાવાદ શહેરમાં લુંટના ત્રણ બનાવ. જજીસ બંગલાની દરેક ગલીમાં પોલીસ પહેરો છતાં ચોરી. (સંદેશ : 17-2-2017)

• ઉંચી ફી લેનારી શાળાઓ શીક્ષક - શીક્ષણની ક્વોલીટીની ખાતરી નથી આપતી. ફી નીર્ધારણ સમીતી ચુંટણી પુર્વેનું ગતકડું હોવાની વાલીઓને દહેશત. (ગુજરાત સમાચાર : 18-2-2017)

• ભાજપ સરકાર માત્ર વચનોમાં શુરી : ગરીબોને ઘર આપવાના ખયાલી પુલાવનું ગુજરાતમાં બાળમરણ. કેન્દ્ર સરકારે રૂ. 365.27 કરોડ ફાળવ્યા પરંતુ રાજ્ય સરકારને ગરીબો માટે કામ કરવાનો સમય નથી. (સંદેશ : 18-2-2017)

•* વધુ એક દુષ્કર્મ : ભીમાસર (તા. અંજાર)માં સગીરા પર નરાધમોનો ગેંગરેપ. આંગણવાડીમાં બાળાને હવસનો શીકાર બનાવાતી હતી. (સંદેશ : 18-2-2017)

• રૂ. 750 જેવી મામુલી રકમ માટે 10-12 મહીનાથી અમદાવાદ જીલ્લાની 15 હજાર વીધવાઓ પેન્શન માટે ધક્કા ખાય છે. મામલતદાર કચેરીઓમાંથી જાતજાતના પ્રમાણપત્રો લઈ આવવા એકથી બીજી ઓફીસે ધકેલી રહેલું તંત્ર. (ગુજરાત સમાચાર : 19-2-2017)

• વીકાસના મોડલ ગુજરાતમાં દીવ્યાંગો પ્રત્યે ઉદાસીનતા રાજ્યમાં 50 ટકા દીવ્યાંગોને વીકલાંગતાના સર્ટીફીકેટ મળ્યાં જ નથી. (ગુજરાત ટુડે : 20-2-2017)

• અમદાવાદમાં આજેય 3 ટકા બાળકોનો જન્મ હોય ડીલીવરીથી. કેટલાક લોકો પ્રસુતી ખર્ચાળ હોવાનું માની હોસ્પીટલ જવાનું ટાળે છે. તેમને ખબર નતી કે સરકારી હોસ્પીટલમાં પ્રસુતી મફત થાય છે. (દીવ્ય ભાસ્કર : 20-2-2017)

• અગાઉના નુકસાનનું વળતર ન મળતાં ખેડુતોએ રીપેરીંગ અટકાવ્યું. (દીવ્યભાસ્કર) શેઢી કેનાલમાં ગાબડું પડતાં 70 વીઘા જમીનમાં પાણી ફરી વળતાં ગ્રામજનો ઉશ્કેરાયા. (ગુજરાત સમાચાર : 20-2-2017)

• રાજ્યના 40 હજારથી વધુ પરીવારોને રૂ. 100 કરોડથી વધુનો ચુનો ચોપડનાર અર્બુદા ક્રેડીટ અપની ક્રેડીટના સંચાલકોને ભાજપના અનેક આગેવાનો સાથે નીકટનો સંબંધ. (ગુજરાત ટુડે : 20-2-2017)

• રાજ્યપાલનું પ્રવચન 'કટીબદ્ધ-પ્રતીબદ્ધ' શબ્દોના આડંબરથી ભરી દેવાયું. 300 ગામોને સ્માર્ટ વીલેજ બનાવતી રૂ. 185 કરોડની યોજનાનું સુરસુરીયું. (સંદેશ : 21-2-2017)

❑

# સૌથી ખતરનાક બૉમ્બ

**યશવન્ત મહેતા**

ઑગસ્ટ, 1945ની છઠ્ઠી અને નવમી ઑગસ્ટે અમેરીકાએ જાપાનનાં હીરોશીમા અને નાગાસાકી નગરો પર એટમ બૉમ્બ ઝીંક્યા. તરત ને તરત લગભગ અઢી લાખ લોકો મરણ પામ્યાં અને એ પછી અણુ-વીકીરણ (એટમીક રેડીએશન)ને પ્રતાપે બીજા અઢીએક લાખ લોકો ટુંકી મુદતમાં મર્યાં. એ પછી પણ પાંચેક દાયકા સુધી વીકૃત અંગોવાળાં બાળજન્મ, ત્વચારોગો વગેરે પ્રકારની એની અસરો રહી.

આ એક જ અણુશક્તી-પ્રયોગનાં સંહારક પરીણામ જોઈને માનવજાત એવી તો હરેરી ગઈ છે કે પછીના સાતેક દાયકા પર્યન્ત કોઈએ કોઈ વસતી પર એટમ બૉમ્બ ફેંક્યા નથી. હા, અણુશસ્ત્રોના પ્રયોગો ચાલ્યા કરે છે. અણુશસ્ત્રોના ઢગલા થયા કરે છે. અણુશસ્ત્રોની હરીફાઈ ચાલ્યા કરે છે. પરંતુ યુદ્ધના ભાગરુપે એ શસ્ત્રનો પુન: ઉપયોગ થયો નથી. જો થાય તો પૃથ્વીનો સાત વખત નાશ થઈ શકે એટલાં અણુશસ્ત્રો કેટલાક દેશોએ જમા કર્યાં છે !

આટલું વાંચ્યા પછી આપણને માનવજાતને માટે માન થાય કે વાહ ! જેમાં મહાવીનાશની સંભાવના છે એવાં શસ્ત્ર વાપરતાં એ અચકાઈ રહી છે...

દોસ્તો ! આટલા શબ્દો તા. 16 ફેબ્રુઆરી, 2017ની સવારે આ સ્તંભના આગામી લેખ માટે લખ્યા હતા ત્યાં જ અખબાર આવ્યાં. દરેકનું મુખ્ય મથાળું આમ હતું : ‘પાકીસ્તાનનાં સીંધમાં ઝુલેલાલ દરગાહ પર આતંકી હુમલો : 100નાં મોત : હુમલામાં 100થી વધુ ઘવાયા : ISIS એ જવાબદારી સ્વીકારી : સુફી નૃત્ય ચાલતું હતું ત્યારે આત્મઘાતી બૉમ્બરે જાતને ઉડાવી.’

આ સમાચાર શું સુચવે છે ? સીંધના કરોડો મુસ્લીમો અને હીન્દુઓ જ નહીં, સમગ્ર હીન્દી ઉપખંડના સૌ રહેવાસીઓના સન્માન્ય તથા ‘લાલ સાંઈ’, ‘ઝુલેલાલ’, ‘મસ્ત કલંદર’ વગેરે માનસુચક નામે સંબોધાતા સંત લાલ શાહબાઝ કલંદરની દરગાહની આ વાત છે. એમાં ‘દરગાહ’ શબ્દ અગત્યનો છે. એ શબ્દ ઈસ્લામી અર્થ ધરાવે છે. આ ઉપખંડની સામાન્ય જનતાની, આમ આદમીની એ ઉદારતા છે કે પોતે મુખ્યત્વે કોઈ એક ધર્મ પાળતા હોય તોય અન્ય ધર્મની વીભુતીઓની વંદના કરવી. એટલે ઝુલેલાલના ઉત્સવ હીન્દુ સીંધીઓ પુરા સન્માન અને ઉમંગથી ઉજવે. એના મહીમાનું માન ઉપખંડના સૌ ઉત્તમ ગાયકો કરે. પણ હવે માત્ર હીન્દી ઉપખંડમાં જ નહીં, સર્વત્ર ધાર્મીક સંકુચીતતા અને અસહીષ્ણુતા વધતી જાય છે અને સર્વત્ર એવાં નાનાંમોટાં જુથો પેદા થયાં છે જે પોતાના સીવાયનાં સૌ કોઈને એ હદે ધીક્કારે છે કે એમની કત્લેઆમ કરે. ઝુલેલાલની દરગાહમાં ધર્મસમર્પીત નૃત્ય ચાલી રહ્યું હતું અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થીત હતા ત્યારે જ એક ધર્મઝનુનીએ બૉમ્બ-વીસ્ફોટ કર્યો. એ માણસ એ હદે ઝનુની હતો કે પોતાની જાત પર બાંધેલ બૉમ્બ જ એણે ફોડ્યો. પોતે તો મર્યો; સાથે કમ-સે-કમ સોને મારતો ગયો !

બસ, આ ધર્મને નામે ઈતર ધર્મ પરના અથવા એક જ ધર્મના અલગ સંપ્રદાય કે ફીરકા પરના આવા હુમલાને અમે એટમ બૉમ્બથી વધુ ખતરનાક માનીએ છીએ. એટમ બૉમ્બ તો 1945માં ફક્ત બે ફુટ્યા, ધર્મ-બૉમ્બ તો હજારો વર્ષોથી લાખો ફુટ્યા છે, અને એમના વીસ્ફોટ હવે વધતા જાય છે. જી, હા; એ તદ્દન સત્ય છે કે માનવજાત વધુ ને વધુ ‘સંસ્કૃત’ (યાને વધુ ભણેલી, વધુ સારાં લુગડાં પહેરતી, વધુ વૈવીધ્યપુર્ણ ભોજન લેતી, વધુ ઝડપી સંચારવ્યવહાર અને સંદેશા વ્યવહાર કરતી) થાય છે તેમ વધુ ને વધુ સંકુચીત અને સંહારક બનતી જાય છે. એને પ્રેમના પાઠ ભણાવનારા કોડીબંધ અવતારપુરુષો, ધર્મ-સંસ્થાપકો, હજારો સંતો, લાખો ઉપદેશકો આવ્યા; પરંતુ એ બધાયની અસર લગભગ શુન્ય છે. વળી, સર્વમાનવીય સમાનતાના આગ્રહી મહાત્મા ગાંધી જેવાનું તો ખુન કરવા સુધી આ અંધશ્રદ્ધાળુ જાય છે. ઝનુની, હીંસાવાદી, સંકુચીત દૃષ્ટીકોણવાળા અને રક્તપીપાસુ લોકો સાચા ધર્મ પર હાવી બનતા જાય છે.

પ્રથમ આપણા હીન્દી ઉપખંડની વાત કરીએ. અહીં વૈદીક, વૈષ્ણવ, શૈવ, બૌદ્ધ, જૈન, વીરશૈવ, કબીરપંથી, શીખ, પ્રણામી, સ્વામીનારાયણ વગેરે સંખ્યાબંધ ધર્મપંથો ઈસુ પુર્વે ત્રીજી-બીજી સહસ્રાબ્દીથી સર્જાતા અને ફેલાતા આવ્યા હતા. પહેલી સદીથી ઈસાઈયત અને આઠમી-સદીથી ઈસ્લામનો પણ પ્રવેશ થયો. ક્યારેક ક્યારેક વાદવીવાદ અને ક્યારેક (જી, હા, કબુલ કરવું રહ્યું કે) પારસ્પરીક હીંસા છતાં ઓગણીસમી સદીની અધવચ સુધી એકંદરે ધાર્મીક-સામાજીક સુમેળ રહ્યો. કશા પણ ભેદભાવ વગરના આર્થીક સંબંધો રહ્યા. પરંતુ એ સદીની શરુઆતથી એક લુંટબાજ આક્રમક પ્રજાએ નગ્નનાચ કરવા માંડ્યો અને 1857 સુધીમાં એની સામે પ્રતીકાર થયો. એ પરદેશી આક્રમકે એની વધારે ચતુર

કુનેહબાજીથી એ પ્રતીકારને કચડી નાખ્યો. એના ઓર વધારે ચતુર રાજદ્વારીઓએ ઠરાવ્યું કે આ ભુમીખંડની જનતાને ધર્મને આધારે પરસ્પર લડાવીએ તો આપણી સામે આવા પ્રતીકાર ફરી વાર ન ઉઠે. એટલે 1857 પછી અંગ્રેજોએ ભુમીખંડમાં પ્રચલીત બે મુખ્ય ધર્મપંથોમાં વીખવાદ પેદા કરવાના અનેકવીધ પેંતરા શરુ કર્યા. મોટું કામ ઈતીહાસ જુઠો ચીતરવાનું કર્યું. ઉત્તમ શાસકોને પણ ધર્મઝનુની અને લંપટ ચીતરવા માંડ્યા. એક પંથમાં વ્યાપક અહીંસા સંબંધી માન્યતાઓને આઘાત પહોંચાડે એવી ઈતરપંથીની ક્રીયાઓનો પ્રચાર કરવા માંડ્યો. વીસમી સદીને પ્રારંભે કોમવાદી અભીગમ ધરાવતી સંસ્થાઓની સ્થાપના કરાવી અને એમને પ્રોત્સાહન આપ્યું. ક્રમશ: ચુંટણી - આધારીત શાસનની દીશામાં પગરણ શરુ થતાં જ કોમી પ્રતીનીધીત્વનો પલીતો ચાંપ્યો. શાસક અંગ્રેજોના હાથારુપ ધર્મઝનુનીઓ હુલ્લડો મચાવે અને શાસન બળતામાં ઘી રેડે એવી ઘટનાઓ બનવા લાગી.

પરીણામ ? ઉપખંડના ટુકડા. વીભાજનની પ્રક્રીયા દરમીયાન જ દસેક લાખનાં મોત !

આ એક જ ઘટના 1945ના પેલા બે એટમ બૉમ્બ કરતાં વધુ વીનાશકારી સાબીત થઈ.

અને ઉપખંડના ટુકડા થવાથી કાંઈ કોમી હીંસાનો એટમ બૉમ્બ ઠર્યો નહીં. આપણે ગત સાતેય દાયકાથી ભારતના અને પાકીસ્તાનના સમાચાર વાંચીએ છીએ, જેમાં કોમી દંગલ અને વ્યાપક રક્તપાત હોય છે. પાકીસ્તાનના તા. 16 ફેબ્રુઆરી, 2017ના સમાચાર અગાઉના સેંકડો આવા સમાચાર આપણે વાંચ્યાં છે. ભારતની સ્થીતી કાંઈ વધારે સારી નથી. એકલા અમદાવાદની વાત કરીએ તો 1969, 1975, 1981, 1985, 1986, 1992 અને 2002માં ખુબ જ મોટા પાયા પર કોમી હીંસા થઈ છે; અને નાના પાયા પર તો છમકલાં ચાલ્યા જ કરે છે. અહીં અમદાવાદમાં તો ગત પાંચેક દાયકાથી વાતાવરણ એવું કેળવાયું છે કે બે મોટરસાયકલો સામસામે લટકાય અને રક્તપાત શરુ થઈ જાય છે. સામસામે દોષારોપણ થાય છે; પરંતુ દોષ બન્ને બાજુ છે.

ઉપખંડમાં હીંસા મુખ્યત્વે હીન્દુ અને મુસ્લીમ વચ્ચે હોય છે. પરંતુ નાના નાના ધર્મપંથો, જેવા કે ઈસાઈ, યહુદી, વગેરે પર પણ આક્રમણો થાય છે. જૈનો અને બૌદ્ધો હજુ થોડા છે; પરંતુ એમની પણ સંખ્યા વધશે તેમ સંઘર્ષ વધશે. પાકીસ્તાનમાં પણ ઈસ્લામના જ ફાંટારુપ સુન્ની અને શીયા ઉપરાંત અહેમદીયા વગેરેમાં પણ પારસ્પરીક રક્તપાતનો પાર નથી. અલબત્ત, ધર્મ-આધારીત દ્વેષ અને હીંસા માત્ર હીન્દી ઉપખંડમાં નથી. મધ્ય એશીયાના મુસ્લીમ દેશોમાં ક્યાંક શીયાઓની વસતી વધારે છે ત્યાં સુન્નીઓ પર આક્રમણો થાય છે. એવું જ સુન્ની બહુલ દેશોનું છે. આપણે લગભગ દર સપ્તાહે ઈરાકમાં વ્યાપક હીંસાના સમાચાર વાંચીએ છીએ. તે લગભગ હમેશાં શીયા-સુન્નીના સંઘર્ષમાંથી જન્મી હોય છે.

બીજી બાજુ, ઈસાઈઓ અને ઈસ્લામીઓનો ઝઘડો હજાર ઉપરાંત વર્ષ જુનો છે. છેક અગીયારમી સદીથી મધ્ય એશીયામાંનાં ઈસાઈ ધર્મસ્થાનકો પરના ઈસ્લામી કબજાને લઈને સંખ્યાબંધ ‘ધર્મયુદ્ધો’ (ક્રુઝેડ) થયાં છે. છેક ઈંગ્લેન્ડ અને સ્પેનથી લડવૈયાઓ પશ્ચીમ એશીયાનાં ધર્મસ્થાનોની ‘મુક્તી’ માટે લડવા દોડ્યા હતા.

ઈસાઈઓ અને ઈસ્લામીઓનો આ દ્વેષ આજે પણ વ્યાપક રક્તપાત અને રાજકીય તંગદીલીઓ જન્માવે છે. ઈરાક ઉપરાંત લીબીયા, ઈરાન, મીસર, યમન, અફઘાનીસ્તાન, સોમાલીયા વગેરે દેશો પર પશ્ચીમના ઈસાઈ દેશો લગભગ દોઢ સદીથી આક્રમણો કરી રહ્યા છે. બહાનાં ગમે તે હોય, ઈસાઈ અમેરીકાએ ઈરાક પર પહેલાં 1990-91માં વ્યાપક આક્રમણ કર્યું. પછી એની નાકાબંધી કરી. અન્ન અને દવાઓ સુધ્ધાં ઈરાકીઓને ન મળે એવી જોગવાઈ ગોઠવી. અંદાજ છે કે એ પ્રથમ આક્રમણને પરીણામે ઈરાકનાં પાંચ લાખ બાળકો સહીત દસેક લાખ માનવી માર્યાં ગયાં. એથી સંતોષ ન પામતાં, એકવીસમી સદીમાં ફરી ઈરાક પર લશ્કર દોડાવ્યાં. વળી લાખોનાં મોત થયાં. વચ્ચે આઠ વર્ષ બરાક ઓબામા અમેરીકાના રાષ્ટ્રપતી રહ્યા. એ અર્ધ-મુસ્લીમ છે. છતાં મુસ્લીમ દેશો પરના અમેરીકી દ્વેષમાં ઘટાડો ન થયો. હવે તો, 20 જાન્યુઆરી, 2017થી અમેરીકામાં હળાહળ ઈસ્લામ-દ્વેષી ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતી છે. એ હજુ તો ધર્મ-આધારીત હીંસા નામના એટમ બૉમ્બનો કેટલો કેટલો ઉપયોગ કરશે એ જોઈશું.

પશ્ચીમ એશીયામાં ભુમધ્ય સમુદ્ર અને ઈરાક વચ્ચે પેલેસ્ટાઈન નામનો એક આરબ દેશ હતો. વીસમી સદીની શરુઆતથી અમેરીકાના અબજોપતી યહુદીઓએ ઝુંબેશ શરુ કરી કે એ અમારું મુળ વતન છે. દુનીયાના દેશો મળીને અમને અમારું વતન પાછું

*અંગ્રેજોએ ભુમીખંડમાં પ્રચલીત બે મુખ્ય ધર્મપંથોમાં વીખવાદ પેદા કરવાના અનેકવીધ પેંતરા શરુ કર્યા. મોટું કામ ઈતીહાસ જુઠો ચીતરવાનું કર્યું.*

અપાવે. અમે ત્યાં અમારો ઈસ્રાએલ દેશ પુન: વસાવીએ. ફરીવાર કહીએ કે અમેરીકી અર્થતંત્રના મુખ્ય સ્તંભરુપે યહુદીઓ હતા (અને છે). એથી બીજા વીશ્વયુદ્ધ (1939-1945) પછી અમેરીકા, બ્રીટન વગેરેએ મળીને પેલેસ્ટાઈનના મોટા ભાગને યહુદી વતન જાહેર કર્યો. 1948માં ત્યાં ઈસ્રાએલ નામનો દેશ બન્યો. ત્યારથી, સાત દાયકાથી ત્યાં પેલેસ્ટાઈની આરબોનો ક્રમશ: હ્રાસ થઈ રહ્યો છે. ક્યારેક આજુબાજુવાળા આરબોએ પેલેસ્ટાઈનીઓની મદદ કરવા કોશીશ કરી; પરંતુ અમેરીકા જેવી જબ્બર તાકાત ઈસ્રાએલના ટેકામાં હોય ત્યારે કોનું કેટલું ચાલે ?

અરે, વ્યાપક નજર નાખીએ તો વીશ્વભરમાં ધર્મદ્વેષ નામનો એટમ બૉમ્બ ટાઈમબૉમ્બની જેમ ટક ટક કરી રહ્યો છે. ચીનમાં ઉઈઘુર મુસ્લીમો, મ્યાનમાર (બર્મા)માં રોહીંગ્યા મુસ્લીમો લઘુમતીમાં છે અને સતત એમની સંખ્યા કપાતી જાય છે. ઈન્ડોનેશીયામાં મુસ્લીમ બહુમતી છે અને ત્યાંથી ઈસાઈઓ પરના હુમલાના સમાચાર આવી રહ્યા છે. લંકામાં સીંહલ બૌદ્ધોની બહુમતી છે. ગૌતમ બુદ્ધ તો વીશ્વ ઈતીહાસના સૌથી પ્રખર અહીંસાવાદી હતા; પરંતુ એમનો ગણાતો બૌદ્ધ ધર્મ પાળનારામાં પણ અસંખ્ય એવા છે જેમને વીધર્મીનાં માથાં કાપવામાં મોજ આવે છે ! લંકામાં મુસ્લીમો અને હીન્દુઓ ખતરામાં છે. આવી જ સ્થીતી આફ્રીકાની છે. ત્યાં કોંગો (ઝેઈર) અને સુદાન જેવા દેશોમાં આત્યંતીકપણે ઉગ્રવાદી મુસ્લીમોનો કાળો કેર છે. એ લોકો સેંકડો-હજારોની સંખ્યામાં પુરુષોને મારે છે અને સ્ત્રી વર્ગને ગુલામ બનાવે છે.

આવા હીંસક ધર્મદ્વેષોને વળી આર્થીક અને રાજકીય સ્વાર્થોનો ટેકો હોય છે. પશ્ચીમ એશીયાના ઈસ્લામીઓ પરનાં આક્રમણો માટે ત્યાંના ખનીજતેલના કબજાનું આર્થીક રાજકારણ પણ હોય છે. ધાર્મીક દ્વેષો આવા આર્થીક સ્વાર્થ ઉપર ઢાંકણરુપ બને છે ! એ પણ એટલું જ સાચું છે કે ધર્મ, સંસ્કૃતી, રાષ્ટ્રીયતા વગેરેના અંચળા હેઠળ રાષ્ટ્રની અંદર પણ આર્થીક સ્વાર્થ છુપાયેલો હોય છે અને પેલા અંચળા હેઠળ અમુક વર્ગો પર આક્રમણ થતાં હોય છે, થાય છે.

પેલા 1945ના એટમ બૉમ્બ કરતાંય વધુ વ્યાપક ખાનાખરાબી કરનાર આ ધર્મ-બૉમ્બને બુઝવવાનું કામ કોણ કરશે ? આપણે વ્યક્તીગત રીતે એટલું તો કરી શકીએ કે અમારો ધર્મ અમને મુબારક અને તમારો ધર્મ તમને મુબારક !

yeshwant.mehta.1938@gmail.com.

❑

# સુખનું અર્થકારણ : હજી અધુરું અને પુરું સમજવું અઘરું...

ધવલ મહેતા

**અર્થશાસ્ત્રમાં ફેરફાર :**

અર્થશાસ્ત્રીઓ ‘હાર્ટલેસ’ એટલે કે લાગણી વગરના ગણાય છે. પરંતુ હવે પરીસ્થીતીમાં બદલાવ થયો છે. અર્થશાસ્ત્રીઓમાંથી કેટલાંક સુખના અર્થકારણને સમજીને, તપાસીને માનવીય વર્તણુક ખોળવામાં અને કેટલાંક આર્થીક સમાનતા કેવી રીતે સ્થપાય તેને ખોળવામાં પડ્યા છે. હવે ‘બીહેવીયરલ’ અર્થશાસ્ત્રનો જમાનો આવ્યો છે. અર્થશાસ્ત્રીઓ હવે ‘સ્પેક્યુલેટીવ’ રહ્યા નથી પરંતુ તેઓ પણ પ્રયોગો કરે છે. જોકે અર્થશાસ્ત્રીઓ હજી સુખના અર્થકારણને ખોળી શક્યા નથી. જે કાંઈ ખોળ્યું છે તે અધુરું જણાય છે કારણ કે વ્યક્તીનું સુખ તેની પોતાની લાગણી છે. આ લાગણી સબ્જેક્ટીવ નથી. તમારા અને મારા સુખનો સરવાળો થઈ ના શકે. તેથી સુખનું ગણીત ઉભું ના થાય. કોઈકને ધન એકઠું કરવામાં સુખ મળે તો કોઈ વ્યક્તીને બીજાને દુ:ખ આપવામાં મજા પડે તો કોઈકને અન્ય સફળ વ્યક્તીઓની સતત ઈર્ષ્યા કરવાથી સુખ મળે અને કોઈને સવારે ત્રણ વાગે ઉઠીને કે અન્યને ઉઠાડીને એને ઠંડે પાણીએ નાહીને પ્રાર્થના કરાવવાથી સુખ મળે. તેમાં દેહદમનનું તત્ત્વ જણાય છે. તેમાં કોઈ અધ્યાત્મનું તત્ત્વ જણાતું નથી. આ લેખકને સવારે આઠ વાગે કે તે પછી ઉઠવામાં જ સુખ લાગે છે. પશ્ચીમ જગત ક્રીએટીવીટીને માર્ગે આગળ વધ્યું છે. પશ્ચીમ જગત એમ માને છે કે વહેલા ઉઠો, મોડા ઉઠો, લગ્ન કરો કે ના કરો, નાહ્યા પહેલા કે પછી જમો, ના જમો, પરંતુ તમારી સંસ્થાઓ (કોલેજ, સ્કુલ, હોસ્પીટલ કંપનીઓ) ને મજબુત બનાવો. ક્રીએટીવ બનો, તે વીના બધું નકામું છે.

**આધ્યાત્મીક જીવન જ સારું એ ભ્રમણા :**

ભારતના તમામ રુઢીચુસ્તો એમ માને છે કે આર્થીક વીકાસ માણસને દુ:ખ આપે છે, સુખ આપતો નથી. તે ઈન્દ્રીયજન્ય સુખ ઉભું કરે છે જે ક્ષણીક છે અને ભ્રામક છે. સાચું સુખ ઈન્દ્રીયો પરના સંયમમાં છે, કુદરતી અને સાદું જીવન જીવવામાં છે, ઈચ્છાઓ પર કાબુ મેળવવામાં છે.

પશ્ચીમ જગત આજે ભોગવીલાસમાં રાચે છે. તેથી ત્યાંના લોકો પુષ્કળ દુ:ખી છે અને ભારત સાદા અને સંયમી જીવનમાં માને છે તેથી તેના લોકો સુખી છે. ઉપરનું એકપણ વીધાન સાચું માનવું નહીં. આર્થીક વીકાસમાં આપણે પાછા પડી ગયા છીએ તેનો એક હાસ્યાસ્પદ ભ્રમજનીત 'એક્સક્યુઝ' (બહાનું) છે. ઘરડાં વીદ્વાનો અને પત્રકારો જે ઉપરની ભ્રમણામાં રાચે છે અને સાદા જીવનનાં ઉપદેશો આપે છે તે તમામ લોકો સમૃદ્ધ શહેરી જીવન જીવે છે. પશ્ચીમ જગતે સર્જરી સહીત જે અનેક તબીબી ઉપચારોની શોધ કરી છે તેને આધારે વધુ ને વધુ લાંબું જીવન જીવવાના અથાગ પ્રયત્નો કરે છે. મારી પાસે પુરતું ખાવાનું નથી એટલે ખાવાની ઈચ્છા પર મારે કાબુ મેળવવાનો...

**લાંબું જીવન ઈચ્છાયોગ્ય :**

તમે જો વહેલા મરી જવાનાં હો તો સુખી જીવનનો શું અર્થ છે ? દરેક માણસ વધુ ને વધુ જીવન જીવવા ઈચ્છે છે. તો પછી લાંબું જીવન જીવનારાઓની ટકાવારી ક્યાં વધારે છે આધ્યાત્મીક ભારતમાં કે પશ્ચીમના દેશોમાં ? નીચેના કેટલાંક દેશોના સરાસરી આયુષ્યના આંકડા તપાસી જુઓ : સ્વીડનની માથાદીઠ આવક લગભગ 50,000 ડોલર્સ છે અને ત્યાંના લોકોની સરાસરી આવરદા 82 વર્ષ છે. સ્વીત્ઝરલેન્ડના લોકોની સરાસરી માથાદીઠ આવક 80,000 ડોલર્સ છે અને ત્યાંના લોકોની સરાસરી આવરદા 81 વર્ષ છે. અમેરીકાના લોકોની સરાસરી માથાદીઠ વાર્ષીક આવક લગભગ 56,000 ડોલર્સ છે અને ત્યાંના નાગરીકની સરાસરી આવરદા 79 વર્ષ છે. જો અમેરીકાની બ્લેક પ્રજાને ન્યાયપુર્ણ જીવન પ્રાપ્ત થાય તો તેઓની આવરદા વધતાં સમગ્ર અમેરીકાની સરાસરી આવરદામાં પણ વધારો થાય. રશીયાના નાગરીકની સરાસરી માથાદીઠ વાર્ષીક આવક લગભગ 13000 ડોલર્સ છે અને ત્યાંના નાગરીકનું સરાસરી આયુષ્ય હવે ઘટીને માત્ર 69 વર્ષ થયું છે. સોવીયેટ રશીયાનું 1991માં વીઘટન થયા બાદ ત્યાં આરોગ્યની શ્રેષ્ઠ સેવાઓ ખતમ થઈ ગઈ છે. અત્યારનું સામ્યવાદી ક્યુબા પોતાના નાગરીકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પુરી પાડે છે. સામ્યવાદી દેશો દમનકારી હતા પણ નાગરીકોને શીક્ષણ અને આરોગ્ય પુરું પાડવામાં શ્રેષ્ઠ હતા. પાકીસ્તાનની આવક 1400થી 1500 ડોલર્સની વચ્ચે છે જે ભારતથી ઓછી છે. ભારતીયોનું સરાસરી આયુષ્ય 68 વર્ષ છે અને પાકીસ્તાનના નાગરીકનું 66 વર્ષ છે. 13 કરોડની વસ્તી ધરાવતો માત્ર જાપાન જ એક એવો દેશ છે જેની માથાદીઠ આવક 36,700 ડોલર્સ છે અને જેના લોકોનું સરાસરી આયુષ્ય 83 વર્ષનું છે. જગતના અન્ય સમૃદ્ધ દેશો - જર્મની (81 વર્ષ), ફ્રાંસ (82 વર્ષ) અને હોલેન્ડ (81 વર્ષ) વગેરેના નાગરીકનું આયુષ્ય પણ 80 વર્ષથી વધુ છે. જો લાંબું જીવન જીવવું એ જ મુલ્ય હોય (કોઈને વહેલું મરવું ગમતું નથી) તો સમૃદ્ધ દેશોના લોકોનો જીવન આવરદા-દર વધારે છે. પણ આપણા ઘરડા લોકો એમ કહે છે આટલું લાંબું જીવન જો દુ:ખી હોય તો તે જીવવાનો શું અર્થ ? આવી દલીલ કરીને આપણા વૃદ્ધજનો પુષ્કળ લાંબું જીવન જીવવાના ફાંફા મારે છે. એક વખત દેશના નાગરીકની આવરદા 65 વર્ષે પહોંચી જાય પછી તેમાં એક એક વર્ષનો ઉમેરો કરતાં દેશની સરકારને આંખે પાણી આવી જાય છે. પુષ્કળ સારી અને ખર્ચાળ તબીબી સારવારની સેવાઓ ઉભી કરવી પડે છે. દેશવાસીઓને પૌષ્ટીક ખોરાક મળે. તેની સવલતો ઉભી કરવી જ પડે. તે માટે જીડીપી વધારવો જ પડે. પશ્ચીમના લોકો ભોગપ્રધાન જ્યારે આપણે ત્યાગપ્રધાન હોવાથી તેમના કરતાં સુખી છીએ તે આપણી આત્મપ્રતારણાની ચરમસીમા કહેવાય. આપણા હેપીનેસ ગુરુઓ વીદેશમાં જીવે છે. તેઓ પશ્ચીમના લોકોને કહે છે કે ભાગંભાગનું જીવન જીવીને શું કામ તમારી જીંદગી ખરાબ કરી દો છો ? તમને અર્થશાસ્ત્રીઓ ઉંચા આર્થીક વીકાસ દર સીદ્ધ કરવાની સલાહ આપીને ગેરમાર્ગે દોરે છે ! આપણે જીવન જીવવાનો સંઘર્ષ કરીએ છીએ. નોકરીમાં સખત કામ કરીએ છીએ તે આપણું એચીવમેન્ટ ઓરીએન્ટેડ (સીદ્ધીપ્રેરક) જીવન દર્શાવે છે તે વાત માનવા રુઢીચુસ્તો તૈયાર નથી. ઘરે બેસી રહેલા ઘરડા લોકો આને દોડધામનું જીવન ગણી તેની ટીકા કરે છે. આપણે જો લાંબું જીવવું હોય તો વીકાસને વીનાશ ગણી શકીએ નહીં. પર્યાવરણનો વીનાશ ના કરે તેવો વીકાસ કરવો જ પડે.

**હેપીનેસનું અર્થકારણ :**

હેપીનેસના અર્થકારણની શરુઆત 1973માં આર. એ. ઈસ્ટરલીન નામના અર્થકારણીએ 'કેન મની બાય હેપીનેસ ?' નામના લેખથી કરી. તે પછી 1974માં 'ડઝ ઈકોનોમીક ગ્રોથ ઈમ્પ્રુવ ધી હ્યુમન લોટ ?' તથા ઈ.સ. 1995માં 'વીલ રેઈઝીંગ ધ ઈન્કમ્સ ઓફ ઓલ ઈન્ક્રીઝ ધ હેપીનેસ ઓફ ઓલ ?' લેખો લખ્યા; જેને કારણે અર્થશાસ્ત્રમાં નવા વીચારો ઉભા થયા. ઈસ્ટરલીને 1973ના લેખમાં 30 રાષ્ટ્રોની વસ્તીનું સર્વેક્ષણ કરીને જણાવ્યું કે આવક અને

સુખ વચ્ચેનો હકારાત્મક સંબંધ સાર્વત્રીક (યુનીવર્સલ) છે. પરંતુ આવકમાં જે પ્રમાણમાં વધારો થાય છે તેટલા પ્રમાણમાં સુખનો વધારો થતો નથી. તમારી આવક 50 ટકા વધે તો તમારું સુખનું પ્રમાણ કાંઈ 50 ટકા નહીં તેનાંથી ઘણું ઓછું વધે છે. સુખી જીવન જીવવા માટે અમુક લઘુતમ આવક તો જોઈએ જ. તે માથાદીઠ 15000 ડોલર્સની ગણાય છે. ભારતની આવક માત્ર 1600 ડોલર્સ છે. પરંતુ 15000 ડોલર્સ પછીની આવક વધારાથી સુખનો વધારો થતો નથી કે તે ઓછો ને ઓછો થતો જાય છે. આને ઈસ્ટરલીનનો પેરેડોક્ષ (વીરોધાભાસ) કહે છે. ગરીબીનું જીવન સંતોષ અને સુખનું છે તેવું ધાર્મીકોએ 'મીથ' ફેલાવ્યું છે.

**ભુતાન સૌથી સુખી દેશ ?**

સુખી જીવન માટે ભારતે 1600 ડોવર્સની માથાદીઠ આવકમાં 7 ટકાના વૃદ્ધી દરે આવતા 35 વર્ષ સુધી આર્થીક પ્રગતી કરવી પડશે. માથાદીઠ ઉંચી આવક સમૃધ્ધ જીવન માટે જરુરી નથી એના મોટા સમર્થક ભુતાનના રાજા જીગ્મે વાંગચુક છે. 1972માં 17મે વર્ષે તેઓ ભુતાનની રાજગાદીએ આવ્યા. તેમણે રાજાની સત્તા પોતાની મરજીથી ઘટાડી નાખી. ઈ.સ. 1999માં ભુતાનમાં ટી.વી. અને ઈન્ટરનેટ દાખલ કર્યા. મોબાઈલ ફોનની સુવીધાઓ પણ સ્થાપીત કરી. ભુતાનની વસતી માત્ર 7.33 લાખની છે; દસ લાખ પણ નથી. દેશમાં માત્ર એક યુનીવર્સીટી છે અને યુનીવર્સીટીની પોતાની 11 કોલેજો દેશભરમાં પથરાયેલી છે. આ દેશ ખેતીપ્રધાન છે અને દેશની 55 ટકા વસ્તી ખેતી ક્ષેત્રમાં રોકાયેલી છે. સૌથી મોટું શહેર થીમ્પુ છે જેની વસ્તી માત્ર 62,500ની છે. ભુતાનના લોકોનો સરાસરી આવરદા દર ભારતીયજનની આવરદા કરતાં વધુ છે. તે 69.9 વર્ષ છે. ઈ.સ. 2002માં ભુતાનના રાજાએ જગતમાં 'ગ્રોસ નેશનલ હેપીનેસ'નો વીચાર તરતો મુક્યો. ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (કુલ રાષ્ટ્રીય આવક) કરતાં ગ્રોસ હેપીનેસનો સુચકાંક વધુ અર્થપુર્ણ છે અને ઈચ્છવાલાયક છે એમ તેમણે જણાવ્યું. તેમના મત મુજબ ગ્રોસ હેપીનેસના ચાર આધાર સ્થંભો છે : (1) પર્યાવરણની જાળવણી, (2) સામાજીક-આર્થીક ન્યાય જેને અંગ્રેજીમાં હવે ઈક્વીટી કહે છે, (3) સાંસ્કૃતીક મુલ્યો અને (4) સારો વહીવટ. ભુતાનની સરકાર તેના બજેટના 18 ટકા શીક્ષણ અને તબીબી સેવાઓ પાછળ ખર્ચે છે. ભારત 8 ટકા પણ તેની પાછળ ખર્ચતું નથી. અહીં એ જાણવાની જરુર છે કે ભુતાન જે પોતાને જગતનો સૌથી સુખી દેશ ગણે છે તેની માથાદીઠ આવક ઈ.સ. 2015માં 2532 ડોલર્સ (ભારતની 1600 ડોલર્સ અને ચીનની 8109 ડોલર્સ) હતી. તેના નાગરીકનો સરાસરી જીવન આવરદા 69.8 વર્ષ (ભારતના કરતા બે વર્ષ વધારે ભારત 67.9 વર્ષ) અને ભુતાનનો હ્યુમન ડેવલપમેન્ટ આંક 2014માં બહુ જ નીચો 132માં સ્થાને હતો. આમ ભુતાનનો હેપીનેસ ઈન્ડેક્ષ અને હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ વચ્ચે મેળ જણાતો નથી.

*આપણે પ્રકૃતીનું પ્રદુષણ કર્યા વીના વીકાસ કરવાનો છે. આર્થીક વીકાસનો વીરોધ કરવાનો નથી, તે ન્યાયપુર્ણ થાય તે માટે ઠેર ઠેર ઝુંબેશો કરવાની છે.*

**હેપીનેસ ઈન્ડેક્ષ ઉંચો લાવવા શું કરવું ?**

હેપીનેસ ઈન્ડેક્ષ ઉંચો લાવવા તમારે જીવન આવરદા, માથાદીઠ આવક અને શીક્ષણનો આંક વધારવો જ પડે. ટુંકું જીવન સુખી ના હોઈ શકે. શીક્ષણ અને સ્વાસ્થ્ય માટે ભરપુર પૌષ્ટીક ખોરાક અને માથાદીઠ આવક વધારવા પડે. આર્થીક વૃદ્ધી દર વધારવો પડે. તે ક્યાં સુધી વધારવો પડે તેની કોઈ નીશ્ચીત મર્યાદા નથી. તે માટે સમાનતાવાદી અર્થતંત્ર જોઈએ જે દુનીયાના કોઈ દેશમાં નથી. આપણે એવી વીચારસરણીની ખોજમાં છીએ જેમાં લોકશાહી આવતી હોય, આર્થીક વૃદ્ધી દર ઉંચો રાખતી હોય અને આવક અને સંપત્તીની અસમાનતા ધીરે ધીરે દુર કરતી હોય. અત્યારે જગતમાં આવી કોઈ વીચારસરણી ઉભી થઈ નથી. વળી, આધુનીક ટેક્નોલોજીને અપનાવ્યા સીવાય જગતની ગરીબી દુર થઈ શકે તેમ નથી. આધુનીક ટેક્નોલોજી જુની રોજગારીને ખતમ કરે છે. પરંતુ નવી રોજગારી પણ ઉભી કરે છે તે ભુલવાનું નથી. ઔદ્યોગીક સમાજે કૃષીપ્રધાન સમાજો કરતાં વધુ નોકરીઓ ઉભી કરી છે અને કરોડો લોકોને ખેતીવાડીના ક્ષેત્રમાંથી અને ગામડામાંથી બહાર આણ્યા છે. આપણા ભારતના ગામડા રુઢીચુસ્ત હોવાથી તેઓ કદાપી સામાજીક પરીવર્તનના કેન્દ્રો બની શકશે નહીં. સામાજીક પરીવર્તન માત્ર શહેરી અને શીક્ષીત વર્ગ જ કરી શકશે. આપણે પ્રકૃતીનું પ્રદુષણ કર્યા વીના વીકાસ કરવાનો છે. આર્થીક વીકાસનો વીરોધ કરવાનો નથી, તે ન્યાયપુર્ણ થાય તે માટે ઠેર ઠેર ઝુંબેશો કરવાની છે. આપણું ધ્યેય ન્યાયપુર્ણ સમાજ છે. સુખની વ્યાખ્યા વ્યક્તીગત હોવાથી સુખી સમાજનો કન્સેપ્ટ (વીચાર) સ્પષ્ટ થતો નથી. ન્યાયી સમાજનો વીચાર વધુ સ્પષ્ટ છે. ❑

# હા, કોંગ્રેસ 2017માં જીતી શકશે ગુજરાત

**બાલકૃષ્ણ આનંદ**

તા. 1 ફેબ્રુઆરી 2017ના 'નયા માર્ગ'માં કાર્તીકેય ભટ્ટનું 'ગુજરાતમીત્ર'ના સૌજન્યથી લીધેલ મંતવ્ય વાંચ્યું. તેમનો પ્રશ્ન છે કે, 'શું કોંગ્રેસ 2017માં જીતી શકશે ગુજરાત ?' જવાબ છે હા, કોંગ્રેસ 2017માં ગુજરાતી જીતી શકે છે.

કોંગ્રેસની વર્તમાન નેતાગીરીએ માધવસીંહ સોલંકી, નરસીંહ મકવાણા, ઝીણાભાઈ દરજી, અહેસાન ઝાફરી, મહંમદ હુસેન બારેજીયા, સી. ડી. પટેલ, અમરસીંહ ચૌધરી, મનુભાઈ પરમાર અને બુધાજી ચૌહાણ વેળાની કોંગ્રેસ પાછી લાવવાની જરુર છે. આ નેતાઓના સમયમાં કોંગ્રેસના વીવીધ વીભાગો 'સેલ'ના નામે ઓળખાતા.

તે સમયે ચાલતા હરીજન સેલ, આદીવાસી સેલ, બક્ષીપંચ સેલ, લઘુમતી સેલ, માઈનોરોટી સેલ વગેરે વીસેક જેટલા સેલ કાર્યરત હતા. અત્યારે આ તમામ 'સેલ' વીભાગોના નામે ઓળખાય છે. પરંતુ પ્રશ્ન છે કે, આ તમામ વીભાગો કરે છે શું ? આ વીભાગોમાં રાજ્યકક્ષાના પ્રમુખથી લઈ જીલ્લા, તાલુકા, શહેર કે વોર્ડ કક્ષાના હોદ્દેદારો છે. આ હોદ્દેદારો પણ શું કરે છે ? પોતાના નામ-સરનામા અને હોદ્દાઓના નામે વીઝીટીંગ કાર્ડ છપાવીને વહેંચતા ફરે છે.

યાદ કરો ઉપર જણાવેલ કોંગ્રેસના નેતાઓનો સમય રાજ્ય, જીલ્લા, તાલુકા કે શહેર કક્ષાના હરીજન સંમેલનો, આદીવાસી સંમેલનો, લઘુમતી સંમેલનો, કામદાર સંમેલનો, મહીલા સંમેલનો, વીદ્યાર્થી સંમેલનો, ખેડુત સંમેલનો અને બક્ષીપંચ સંમેલનો વર્ષ દરમ્યાન યોજાતા રહેતા તેમાં વ્યસ્ત રહેતાં. આજે તો આવા વીભાગવાર સંમેલનો ક્યારે થયા એ યાદ કરવા માટે માથું ખંજવાળવું પડે એવી સ્થીતી છે.

હાલ, પ્રજાના પ્રશ્નો માટે કોંગ્રેસ કાર્યક્રમો તો કરે છે. પરંતુ લોઢું ગરમ હોય ત્યારે ઘા મરાતો નથી. જેમ કે કચ્છનો નલીયા કાંડ દીલ્લીના નીર્ભયા કાંડ કરતાંય વધુ ગંભીર છે. નીર્ભયા કાંડમાં તો કોઈ રાજકીય પક્ષોના કાર્યકરોની સંડોવણી બહાર ના આવી હોવા છતાંય તે વખતના વીરોધ પક્ષોએ કોંગ્રેસની સરકારને આરોપીના પાંજરામાં ખડી કરી દીધી હતી. વીરોધ પક્ષની તમામ પાંખો તે સમયે આંદોલનમાં કુદી પડી હતી. જ્યારે નલીયા કાંડમાં તો શાસકપક્ષના નેતાઓની સંડોવણી બહાર આવી હોવા છતાંય કોંગ્રેસ પક્ષ રાજ્યવ્યાપી આંદોલન ઉભું કરી શકતો નથી.

*નલીયા કાંડમાં તો શાસકપક્ષના નેતાઓની સંડોવણી બહાર આવી હોવા છતાંય કોંગ્રેસ પક્ષ રાજ્યવ્યાપી આંદોલન ઉભું કરી શકતો નથી.*

કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીએ તમામ વીભાગોને જીલ્લા, તાલુકા, શહેર કે વોર્ડ કક્ષાએ 'નલીયા કાંડ ધીક્કારસભાઓ' કે 'નલીયા કાંડ ધીક્કાર રેલીઓ' યોજવાના આદેશો આપી આંદોલન વધુ અસરકારક બનાવવું જોઈએ. નોટબંધીનો મુદ્દો તો ચુકી ગયા. હવે, નલીયા કાંડનો મુદ્દો રાજ્યવ્યાપી આંદોલનનું ઈંધણ પુરું પાડી શકે એમ છે.

નલીયા કાંડ ઉપરાંત દલીત-આદીવાસીઓના પ્રશ્નો, કીસાન-કામદારોના પ્રશ્નો, પેટ્રોલનો ભાવ વધારો, મોંઘવારી, ફીક્સ પગાર, કર્મચારીઓનું પેન્શન બંધ કરવું, સરકારી નાણાનો બેફામ દુરઉપયોગ, કેગના અહેવાલમાં ગેરરીતીઓ, જાહેર જનતાની સચીવાલયમાં પ્રવેશની અડચણો, મધ્યાહ્ન ભોજન યોજનામાં ભ્રષ્ટાચાર, લઘુમતી સમાજોની અસલામતી, શીક્ષણનું ખાનગીકરણ, દારુનું ખુલ્લેઆમ વેચાણ, મહીલાઓની અસલામતી, યુવાનોમાં બેકારી, ધોળે દહાડે લુંટફાટ, ચોરી, ખુન તથા વીકાસના કામોમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર જેવા અસંખ્ય મુદ્દાઓ લઈ કોંગ્રેસ રાજ્યવ્યાપી આંદોલન ચલાવી શકે એમ છે.

નીયમીત ચાલતાં આંદોલનોના કારણે પક્ષના કાર્યકરો સતત પ્રવૃત્તીમય અને આંદોલનમય રહેતાં હોય છે. પ્રજામાં પણ હમદર્દી ઉભી થાય છે. સતત પ્રવૃત્તીમય રહેતાં કાર્યકરો અને નેતાઓને ડીસેમ્બર-2017માં 'ચુંટણી આવી એટલે પાંચ વર્ષે ડોકાયાં' એવાં મહેણાં-ટોણાં સાંભળવા નહીં પડે.

હવે, ચુંટણીઓ આડે ફક્ત દસ જ મહીના બાકી છે ત્યારે એ પણ સુચન છે કે, પક્ષના તમામ વીભાગો - પાંખોએ બુથકક્ષાએ 20-20 મતદારો-હમદર્દોની સમીતીઓ બનાવવી જોઈએ. આ સમીતીઓમાં પોતાના વીભાગના જ સભ્યો લેવાવા જોઈએ. આ

સમીતીઓમાં કોમન સભ્યો હોવા ના જોઈએ. દા.ત. અનુસુચીત જાતી, મહીલા, વીદ્યાર્થી, બહુમતી કે યુવા પાંખની સમીતીઓમાં જે સભ્યો હોય તે અન્ય પાંખોની સમીતીઓમાં હોવા જોઈએ નહીં.

કોંગ્રેસની આ તમામ વીસેક પાંખો દ્વારા બનાવવામાં આવેલ બુથ સમીતીઓના સભ્યોના કેડર કેમ્પ યોજવાં જોઈએ. કેડર કેમ્પોમાં કોંગ્રેસનો ઈતીહાસ, કોંગ્રેસની સરકારો વખતની પ્રજાકીય કામગીરી, રાજ્યના તમામ નાગરીકો પ્રત્યેની સમભાવની પ્રતીબદ્ધતા તથા વર્તમાન સરકારની નીષ્ફળતા વગેરે બાબતો આવરી લઈ ગુજરાત રાજ્ય અને નાગરીકોનું હીત કોંગ્રેસમાં જ સુરક્ષીત છે - આ બધી બાબતો બુથ કક્ષાની આ સમીતીઓ સમક્ષ રજુ થવી જોઈએ. આમ થશે તો ચુંટણી ટાણે મતદારો જ કોંગ્રેસના પ્રચારકો જે-તે બુથ પુરતાં તો બની જશે.

આ કામગીરી માટે બુથ લેવલ સુધીના તાલીમબદ્ધ વક્તાઓ તૈયાર કરવા જોઈએ. જરુર જણાયે આ અંગેની સી.ડી. તૈયાર કરાવી બુથ લેવલે સમીતીઓના સભ્યો એટલે કે મતદારોને દર્શાવવી જોઈએ. આ રીતે તૈયાર થયેલાં મતદારો સક્રીય રહે તો ચુંટણીના દીવસો દરમ્યાન કોઈ કારણોસર કોંગ્રેસના કાર્યકરો નીષ્ક્રીય થઈ જાય તો આપણાં આ મતદારો જ સક્રીય રહે. ગુજરાતમાં છેલ્લી ત્રણ-ચાર ચુંટણીઓ સમયે ચુંટણીના આગલા દીવસથી જ કેટલાંક બુથ અને વોર્ડમાં કોંગ્રેસના કાર્યકરોને નીષ્ક્રીય થઈ જતાં આ લખનારે જોયાં છે... ઉપર જણાવ્યા મુજબ કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીને જો યોગ્ય લાગે અને કામગીરી ગોઠવે તો કોંગ્રેસ 2017માં જીતી શકશે ગુજરાત.

[સંપર્ક : 15, સુમીન પાર્ક, સૈજપુર બોઘા, અમદાવાદ-382345 (મો) 98245 07569] ❑

## ગુજરાત મુંબઇ રેશનાલીસ્ટ એસોસીયેશન આયોજીત પરીસંવાદ 25, 26 માર્ચ 2017

**પ્રથમ દીવસનો કાર્યક્રમમ સવારે 10-30 થી સાંજના 5-0 વાગ્યા સુધી.**

(1) **ચાર્લ્સ ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ અને રેશનાલીઝમ**
વક્તાઓ : નીતીન પ્રજાપતી(પાલનપુર) અને બીપીન શ્રોફ. સત્ર અધ્યક્ષ : ઇન્દુકુમાર જાની

(2) (અ) **ભૌતીકવાદ અને રેશનાલીઝમ**
વક્તા : મનીષી જાની

(બ) **કુદરતી નીયમબદ્ધતાને રેશનાલીઝમ સાથે સંબંધો**
વક્તા : ધવલ મહેતા, સત્ર અધ્યક્ષ : સરુપ ધ્રુવ

(3) **રેશનાલીઝમ, લોકશાહી જીવનવ્યવસ્થા અને બીનસાંપ્રદાયીકતા**
વક્તાઓ : મીહીર દવે, જીજ્ઞેશ મેવાણી અને અશ્વીન કારીઆ, સત્ર અધ્યક્ષ ઉત્તમ પરમાર

**બીજા દીવસનો કાર્યક્રમ સવારે 10-30 થી 1.00**

(4) **અમેરીકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઉગ્રરાષ્ટ્રવાદની વૈશ્વીક અસરો**
વક્તાઓ : સ્વાતી જોશી અને પ્રકાશ શાહ સત્ર અધ્યક્ષ રોહીત શુક્લ.
દ્વીતીય સત્ર : બપોરના 2.30 થી સાંજના 5.00 સુધી.

(5) **આપણા બંધારણના આમુખનો ચોથો સીદ્ધાંત : 'બંધુત્વ' (Fraternity)**
વક્તા : ઘનશ્યામભાઈ શાહ અને ચંદુભાઈ મહેરીયા. સત્ર અધ્યક્ષ : ડૉ. એન. ઈન્દ્રાયન.
પરીસંવાદની તારીખો 25 અને 26 માર્ચ શનીવાર અને રવીવાર 2017.

**સ્થળ : અહીંસા શોધ ભવન, ગુજરાત વીદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ 380013.**

ડેલીગેટસ માટે અગત્યની સુચનાઓ :
બે દીવસના પરીસંવાદના ખર્ચ માટે સ્વૈચ્છીક સહયોગ 200/ સ્થળ પર.
બહાર ગામથી આવતા ડેલીગેટસ માટે રાત્રી રોકાણની વ્યવસ્થા ગુજરાત વીધ્યાપીઠના ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવી છે. સાંજના જમવાની વ્યવસ્થા પણ ત્યાં કેન્ટીનમાં થઇ શકશે. જે ખર્ચ તેમનાં નીયમ પ્રમાણે જે તે ડેલીગેટે અલગ આપવાનો રહેશે.
પરીસંવાદમાં હાજર રહેવાની નોંધણીની આખરી તારીખ : 20-3-17, સોમવાર
સંપર્ક : બીપીન શ્રોફ. મો. 97246 88733. પીયુષભાઇ જાદુગર. 94260 48351.

**લી. ગુજરાત મુંબઇ રેશનાલીસ્ટ એસોસીયેશન વતી**

**બીપીન શ્રોફ,** પ્રમુખ . જી એમ આર એ. મહેમદાવાદ. **પીયુષ જાદુગર.** જનરલ સેક્રેટરી, જી એમ આર એ.

# સવાયા માનવ : જોસેફદાદા

**મણીલાલ સુથાર**

જોસેફ મેકવાન એક માણસ તરીકે મુઠ્ઠી ઉંચેરા માનવી અને સાહીત્ય સર્જક તરીકે તો એનાથીયે વીશેષ સવાયા માનવી હતા. એમનામાં રહેલો સર્જક એમને કળ વાળીને જંપવા દે તેવો સાવ કાચો અને ઢીલોઢફ નહોતો. એ તો એવો અને એટલો પ્રતીબદ્ધ હતો કે એ એમને સાહીત્યની એવી નીત્ય અને નવીન ધરા પર લઈ ગયો કે જ્યાં ખુબ ઓછા પ્રમાણમાં સાહીત્યનું ખેડાણ થયું હતું. એ સાહીત્ય એટલે વંચીતોનું સાહીત્ય કે જેમના તરફ ગુજરાતી સાહીત્યકારોનું ધ્યાન જવું દુર્લભ હતું. કારણ ગમે તે હોય પણ એ ક્ષેત્ર હંમેશાં ઉપેક્ષીત રહેવા પામ્યું. આ સુગ, આ તીરસ્કૃત વલણ, આ નઘરોળ ઉપેક્ષા હજી આજેય નથી મટ્યાં...



તેવા કર્મ સંજોગે આપણને જોસેફ મેકવાન જેવા ગુજરાતી સાહીત્યકારનું અવતરણ સાંપડ્યું. જેમના હૈયામાં સદાય માટે ગરીબો, શોષીતો અને પીડીતોનું હીત વસ્યું હતું. એમના વીના શોષીતો અને પીડીતોના અંત:કરણમાં ભલાં બીજું કોણ પ્રવેશી શકવાનું હતું ? આવા જોસેફદાદા અત્યારે આપણી વચ્ચે નથી તો શું થયું ? એમનું આપણી વચ્ચે ન હોવું એના માટે તો એમ કહી શકાય કે તેઓ વ્યાપકપણે આપણા અંત:કરણમાં ઓતપ્રોત થઈને ભળી ગયા છે. એમનું આપણામાં થયેલું વીસ્તરણ એમને સતત આપણામાં જીવંત રાખે છે. જોસેફદાદાનું વીસ્મરણ શું આપણા માટે શક્ય છે ખરું ?

ના... ભાઈ... ના... તો શું હતા આ જોસેફદાદા ?

ગુજરાતી સાહીત્યમાં એમનો પ્રવેશ કોઈ ઉછી ઉધારનો કે કોઈનોય ઓશીયાળો નહોતો, તેઓ તો સ્વબળે આગળ વધેલા સર્જક હતા. એક એવા સર્જક કે જેના વીશે તેમનો પોતાનો પ્રતીભાવ ઘણો ઉંચો હતો. તેઓ ક્યારેક જાહેરમાં કહેતા પણ ખરા કે જ્યારે પણ ગુજરાતી સાહીત્યની ચર્ચા થશે ત્યારે કોઈપણ સાહીત્યકારે તેમનો ઉલ્લેખ જખ મારીને કરવો પડશે. એમાં જરાય અતીશયોક્તી નહોતી. કારણ એમનું સર્જન એવું બળકટ અને ઉત્કૃષ્ટ હતું. જોસેફ મેકવાનને એક સાહીત્યકાર તરીકે અને સવીશેષ તો એક માનવ તરીકે પ્રમાણવા હોય તો આપણે એમના સાહીત્યને ફંફોસવું પડે. એમના સાહીત્યનો અસલી મીજાજ એમના શબ્દમાં જોઈએ તો આભા બની જવાય તેવું છે. એમની ખુમારી એમના આ શબ્દોમાં આબાદ રીતે પ્રગટ થતી જોવા મળે છે. તેઓએ લખેલું...

*“મારી યોગ્યતાથી અધીકની મેં અપેક્ષા સેવી નથી ને મારી ક્ષમતાથી જરાય ઉંણું મને મળ્યું છે તો મેં એનો સ્વીકાર નથી કર્યો.”*

*‘જીંદગી જીવ્યાનો મને હરખ છે...’*માં તેઓએ પોતાનો એક્ષ-રે આપણને સૌ કોઈને પારદર્શક રીતે ધરી દીધો છે. આવી નીખાલસતા અસલી મીજાજ જાળવ્યા વગર માણસમાં પ્રગટવી મુશ્કેલ છે. તેમણે વ્યક્ત કરેલો પોતાનો એક્ષ-રે ભલભલાના વીચારતંત્રને ખળભળાવી મુકે તેવો હતો. તેઓ સાફ સાફ કહી દે છે કાન સાબદા કરીને સાંભળવા જેવી વાત; એમના જ શબ્દો જ જોઈએ :

*“મરણ પછીના જીવન વીશે મેં વીચાર્યું નથી. જે હશે તે મારે માટે સારું જ હશે એવી અચળ શ્રદ્ધા ઘણા સમયથી સાબુત થઈ ગઈ છે. પ્રચલીત રુપનો ધર્મ હવે મને સ્પર્શી શક્યો નથી. પણ કોઈનીય આસ્થાને મારાથી અવગણાતી નથી. હર એકની આસ્થાનો પુરસ્કાર એટલે ધર્મ. હર હાલતમાં સહીષ્ણુ રહેવું ને માનવતાને માથે ચડાવવી એ મારો ધર્મ. મારા મર્યા પછી રાજ રંડાઈ જવાનું નથી એનું મને પુરતું ભાન છે. ધમધોકાર સંસાર ચાલતો રહેવાનો છે. મારું ટેબલ, મારાં પુસ્તકો, પુસ્તકો રાખવાનો ઘોડો, મારી પેનો, મેં સંઘરેલાં લખવા માટેના કાગળો, મારા ભાવકો, મીત્રોના પત્રો ને મારો ઓરડો. બસ, આટલાં જ મારા અસ્તીત્વથી હીન થઈ જશે. ને સાચો સંતોષ તો એ જ કે મેં રોપેલ આંબે વાસંતી વાયુ વાશે એ એક માત્ર મોરથી લચી પડશે ને એના ડાળે ટહુકતી કોયલને મારી ગેરહાજરી સાલશે.”*

આ શબ્દોમાં આખેઆખા જોસેફદાદા અભીવ્યક્ત થતા નીહાળી શકાય છે. તેમનો અસલ પરીચય તો તેમના સાહીત્યમાં પ્રવેશ્યા પછી જ સાંપડી શકે એમ છે. ઘણી જગ્યાએ જન્મ પછીના મરણની વાત કહેવાઈ છે. પરંતુ બાળપણમાં જ જ્યારે કોઈ બાળક માટે મૃત્યુની અઘરી ગણાતી પરીસ્થીતીઓ સર્જાતી રહે ત્યારે દોષ કોને આપવો ? જોસેફદાદાના જીવનની કઠણાઈ બાળપણથી જ પોતાનો પીછો છોડતી નથી. મૃત્યુના સંજોગોએ તેમને અવસ્થા પહેલાં પાકટ બનાવી દીધેલા... ‘વહાલના વલખાં’ના આમુખમાં

લેખક તરીકે જોસેફ મેકવાને લખેલું :

*“બાળપણમાં હું મરી જઈશ અને ઝાઝું નહીં જીવું એવી ધારણા બંધાઈ ગયેલી. પણ જ્યારે એમ સહજ ગતીએ મોત સામે ના આવ્યું ત્યારે પાછું લાગવા માંડેલું કે મરી જવું પડશે. પણ મોત પાછું ઠેલાતું જ રહ્યું.’*

લેખક ભલે કહેતા હોય કે મોત સીવાય ઉગારો નથી. પણ ભગવાન ઈસુને એમ નહોતું કરવું કારણ સમાજના એવાં અનેક તરછોડાયેલાં અને ઉપેક્ષીત પાત્રો હતાં જે એમની રાહ જોઈ રહ્યાં હતાં. આ પાત્રોના જીવનની સારપને જોસેફ વીના બીજું કોણ બહાર લાવવાનું હતું ? અને ઈસુની શ્રદ્ધાને જોસેફદાદાએ બખુબી આજીવન નીભાવી અને પ્રમાણી જાણી. આપવીતીના જાણતલ એવા જોસેફનું જીવન સદાને માટે લોકોના પ્રેમને પામવા મથતું રહ્યું. આ પ્રેમ ‘દીવ્ય પ્રેમ’ બનીને પ્રગટ્યો.

ઈસુનો જોસેફ ઉપરનો ભરોસો સાચો નીવડ્યો. એની સાબીતીના પુરાવા પણ હાથવગા જ છે. જોસેફદાદાના જીવનમાં બનેલી મૃત્યુની ઘટનાઓ પણ જાણે કે ઈસુની મહેરબાનીથી છોભીલી પડી. તેમના જ શબ્દોમાં :

• બાળપણમાં ભેખડ નીચે દબાયા છતાં જીવતો નીકળ્યો છું.

• બે વાર ડુબતો બચ્યો છું.

• એકવાર રાતના અંધારે પાણીયારા પાસે ઠંડક ખાતા ઝેરી નાગનો સ્પર્શ થઈ ચુક્યો છે.

• આઠ ગજ ઉંચા આંબેથી પટકાયો છું ને હાડકુંય ભાંગ્યું નથી પણ ચીરાઈ ગયેલી જાંઘનો ઘા બરાબરનો પાક્યો છે. છ ઈંચ લાંબો ને એક ઈંચ ઉંડો ત્યારે તાવમાં કણસતાં કણસતાં મોતને માગ્યા કરેલું.

• ને પાંત્રીસ વરસની વયે સ્કુટર શીખ્યા પછી તુટી ગયેલી બ્રેક ને છુટી ગયેલા એક્સીલેટરને કારણે બંદુકની ગોળીની જેમ છુટેલું સ્કુટર ધમધમાટ જતા ખટારા સાથે અથડાતાં એક વેંત માટે જ બચી ગયો છું. હું ખાસ્સો જખમાઈ ગયેલો, પણ મોતનું જરાક જ છેટું રહી ગયેલું.

પોતાની અધુરી ઝંખનાઓ બીજા કોઈના જીવનને ખાલીખમ ના રાખે એનો ખ્યાલ લઈને જોસેફદાદાએ સાહીત્યના ક્ષેત્રે નીષ્ઠાપુર્વક સર્જન કર્યા કર્યું. પ્રત્યેક માણસ તરફ જોસેફદાદાના જીવનમાં રહેલી હમદર્દી માન ઉપજાવે તેવી છે. તેમની આંખોમાં રહેલો સૃષ્ટી પ્રત્યેનો દૃષ્ટીકોણ આબાદપણે પ્રગટ થતો જોવા મળ્યો છે; જેના સાક્ષીઓ એક કરતાં અનેક મળી આવે એમ છે. પ્રત્યેક માણસને એમણે અનહદપણે હૃદયપુર્વક ચાહ્યા છે. તેમના જીવનમાં તૃપ્ત ન થયેલી પ્રેમની તરસને તેમણે પ્રેમ દ્વારા જ સરભર અને ભાવસભર કરી લીધી છે.

કુદરતે આપેલી અતૃપ્તીનું એમણે પ્રેમમાં પરીમાર્જન કરીને એને પ્રેમાળ વટવૃક્ષ કર્યું અને એમાંથી આપણને એક સાચા સર્જકનો પરીચય થયો. આવા સર્જકનો પ્રાદુર્ભાવ સદીઓમાં ક્યારેક જ થતો જોવા મળે છે. જોસેફદાદા સદીમાં ક્યારેક પ્રગટે એવા પ્રકારના માત્ર સર્જક જ નહીં પરંતુ સાચા અર્થમાં વંચીતોના હમદર્દ - સાથી હતા. આજના સમયમાં જ્યાં પૈસાની જ બોલબાલા હોય અને નક્કી કરેલા લક્ષ્યને વળગી રહેવામાં ભલભલાના સીદ્ધાંતો ભોંયભેગા થતા હોય છે ત્યારે તેઓ નીષ્ઠાપુર્વક પોતાના લક્ષ્યને વળગી રહ્યા અને સમાધાનના ભાગરુપે કોઈ જ પ્રકારની બાંધછોડ તેમણે કરી નથી કે કદીયે સ્વીકારી નથી. આ બાબતને તેમના જ શબ્દોમાં જોઈએ તો :

*“…એટલે જ જીંદગીમાં એક લક્ષ્ય નક્કી કરી નાખેલું. માત્ર પૈસાને કારણે મારા પ્રીય વ્યવસાયને નહીં ત્યજું. અને જન્મજાત મને જે શક્તી અને ક્ષમતાઓ સાંપડી છે એનો હું પુરેપુરો ઉપયોગ કરીશ. ઝાંઝવાની પુંઠે હું ઝાવાં નહીં નાખું. મંઝીલનો મતવાલો નહીં બનું પણ મંઝીલ ખુદ મારાં ચરણો ચુમે એટલી સજ્જતાથી સાબદાઈ કેળવીશ.”*

‘હતી ત્યારે મારે ત્રણ ત્રણ મા હતી…’માં લખે છે :

*“હું નમાયો છું. હતી ત્યારે મારે ત્રણ ત્રણ મા હતી. ચારથી માંડી ચૌદ વર્ષની અવસ્થા સુધી અલપ ઝલપ એમણે મારી જીંદગીમાં રંગ પુર્યા - મમતાના, માનવતાના, માતૃત્વના ! ને અભરખા ઉંચી જાય એવા આઘાત સર્જી એ ચાલી ગઈ. પાછળ મુકતી ગઈ મા નામના પદારથની એક એવી અદમ્ય ભુખ જે અભીશાપ બની મારી જીંદગીને આજેય પીડી રહી છે. બાળકને ધવરાવતાં મોહસમાધીમાં ડુબેલી માને જોઉં છું ને આજેય મારું અંતર આલહવેલહ થઈ જાય છે. ઘરબાર છોડી જતી સ્ત્રીનો વાંક કદીયે મારા મનમાં નથી વસતો, ને જીંદગી ટુંપવી દેતી સ્ત્રીની લાચારી તો મારી લાગણીને ય લકવી દે છે. પુરા ભાવે ‘મા’ ને જવાબમાં ભર્યાભાવે ‘બેટા’ કે ‘દીકરા’નો ઉદ્ગાર સાંભળું છું ત્યારે સ્વર્ગ મને સાવ ઢુકડું લાગે છે.”*

આવા શબ્દોનું અવતરણ થવા માટે સર્જકના મનની ભીતરમાં કેટલો વલોપાત સર્જાયો હશે તે તો સ્વયં સર્જક પોતે જ જાણે, બાકી આટલી ‘દીવ્ય વ્યથા’ કોક ભાગ્યવાન સર્જકને જ પ્રાપ્ત થાય અને એવું સદ્ભાગ્ય જોસેફદાદાને મળ્યું જેના તેઓ પુરેપુરા અધીકારી હતા. જીવનના અંતીમશ્વાસ લગી જોસેફદાદા પુરી દીવ્યતાથી જીવ્યા એમ કહેવામાં જરાય અતીશયોક્તી નથી… એમને આવકારતાં પ્રેમાળ ઈસુએ પણ એટલું જ કહ્યું હશે કે ‘આવ જોસેફ આવ !’ આ જગતમાંથી તેમનું ચાલ્યા જવું એટલે તેમનું પુર્ણતામાં ભળી જવું એમ કહી શકાય…

[28 માર્ચ… જોસેફ મેકવાનની સ્મૃતીમાં : લેખકનો **સંપર્ક :** પાલનપુર (મો) 94273 92936] ❑

# માધુકરી

## કેશલેસ આદીવાસી

ડૉ. આનંદ વસાવા

દીવાળી આવી અને ગઈ, દીવાળીની ભારેખમ વાનગીઓ હોંહરી પચી જાય તેવી નોટબંધી દેશના લમણે ઝીંકવામાં આવી. કાળાં નાણાની વાતો તો જુની થઈ હવે તો કૅશલેસ ઈકોનોમીનો વંટોળ ચઢ્યો છે, ચઢાવાયો છે. નોટબંધી અને કૅશલેસ ઈકોનોમી (પ્લાસ્ટીક ચલણ)ના ગોકીરા વચ્ચે દેશનો એક વર્ગ, જેનું પ્રમાણ કુલ વસ્તીમાં આઠેક ટકા જેટલું છે, તેઓ અવાચક બનીને ઉભા છે. એ વર્ગ ઓછાબોલા અને અપ્રતીક્રીયાશીલ આદીવાસીઓનો છે. આમેય આદીવાસીઓને અલાઉદ્દીનના જાદુઈ ચીરાગ જેવા અર્થતંત્રની ઝાઝી ગમ પડે નહીં. અમારા ખેતરનાં કેળાં વેપારી ચાળીસ રુપીયે મણના ભાવે લઈ જાય ને માર્કેટમાં પહોંચતાં આઠસો રુપીયે મણ કેમનાં થઈ જતાં હશે એનું છેવાડાના આદીવાસીઓને ભારે કૌતુક. ભણેશરીઓ તો કહે કે 'એમાં તમારે ઝાઝું ન પડવું. કર્મ કર્યે જાવ.' એવા જાદુઈ, તીલસ્મી અર્થકારણના યુગમાં પાંચસો - હજારની પંદર લાખ કરોડની નોટોના હાલહવાલ વીશે ગોથાં જ ખાય. આવા માહોલમાં બીજાઓએ વહેતા કરેલા જુમલાઓ, અર્થઘટનોમાં ગળાબુડ રહેવાનો જ એક માર્ગ આદીવાસીઓ પાસે બચે. આદીવાસી તો હસીન સપનાઓ જોઈને રાજીના રેડ થઈ જવાનો. અર્થકારણના જાણતલો આદીવાસીઓને પુછે કે, 'તમારી પાસે એકેય નોટ બેનંબરી છે ? નથી ને ? તો તમારે શીદને દુઃખી થવું ! એ બધો કકળાટ તો પેલાં કોઠીઓ ભરીને બેઠેલાંઓનો છે. તમારે તો રાજી રહેવું અને ભગતી કરવી.' એમ પણ કહેવાય કે એ કાળાં-ધોળાં વહેલાંમોડાં તમારા ખાતામાંય આવશે જ. એટલે માધ્યમોએ જેમના વખાને જરીક જેટલુંય સ્થાન નથી આપ્યું તેવા આદીવાસીઓ હરખાય.

જુની 500 અને 1000ની નોટોવાળું મોટા ભાગનું નાણું તો બેંકોમાં જમા થઈ ગયું અથવા સોનું કે પ્રોપર્ટીમાં રોકાણ થઈ ગયું. કાળું કહેવાય એવું તો કાંઈ બચ્યું નહીં. બીજી બાજુ નકલી નોટો છાપનારાઓ સક્રીય થઈ ગયા એટલે કાળું નાણું પકડાશે, નકલી નોટો છાપનારાઓ સક્રીય થઈ ગયા એટલે કાળું નાણું પકડાશે, નકલી નોટો ઉપર લગામ આવશે, આતંકીઓ - નક્સલીઓ હલવાશે અને દેશનું અર્થતંત્ર ચકાચક થઈ જશે એ આશાઓ ઠગારી જ નીવડી છે. હજી એની કળ વળે ના વળે ત્યાં કેશલેસ ઈકોનોમીનો ચીપીયો ખખડાવાઈ રહ્યો છે. આદીવાસીઓ તો હંમેશની માફક મુંગામંતર. લોક તો કે'છે કે ભ્રષ્ટાચાર, આતંકવાદ, નક્સલવાદ અને એવા તેવા કેટલાય વાદોને નાથવાનું નવું મશીન જડ્યું છે. બાકી છેવાડાના આદીવાસી વીસ્તારોમાં મોબાઈલના, ટાવરના, તેને ઓપરેટ કરવાની સમજણનાં ધાંધીયાં હોય, દા'ડો ભરીને ટંકે ખાવાની ગોઠવણ કરવાની હોય તેવા સમાજ માટે તો કેશલેસ ઈકોનોમી કૌતુકથી ઝાઝું કંઈ નથી. વીશ્વાસ ન પડતો હોય તો અંતરીયાળ ગામડાગામની કોઈ દુકાનમાં જઈને પાંચ-દસ મીનીટ બેસવું. પાંચ-પાંચ રુપીયાનું મરચું-મીઠું ખરીદતા ગ્રાહકોને જોશો તો બધું સમજાઈ જશે.

આદીવાસી નેતાઓ રાબેતા મુજબ ચુપ છે. કેટલાક નોટબંધી-કેશલેસના પોપટપાઠ કરવા મથે છે પણ જીભ થોથવાઈ જાય છે. પક્ષના નીર્ણય વીશે કંઈક બોલાઈ જાય તો લોચા વાગે. એટલે હાલ તો એવું સમજવું છે કે છેલ્લા એકબે મહીનામાં આદીવાસીઓને કોઈ હાલાકી પડી નથી. રાષ્ટ્રનીર્માણના યજ્ઞમાં લોકો બીન્દાસ્ત આહુતીઓ આપી રહ્યાં છે. તેમની આંખે સરકારે લટકાવેલા ધનનાં તોરણીયાં લટકી રહ્યાં છે. બાકી એકબે પ્રશ્નો પુછીને સર્વે કરવા જેવો છે કે દેશના એકેય નેતા પાસે કાળું ધન નથી ? લાગલો જ બીજો સવાલ આવે કે જો હોય તો આજ સુધી એકેય પકડાયો કેમ નહીં ? હશે, બાપલા ! અમારી સમસ્યાઓ વીશે તો તમે ફોડ પાડશો ત્યારે જ અમને ખબર પડશે ! બાકી ઉપજના ભાવ કોડીના ને ખેતીનો ખર્ચ સુંડલા ભરીને તે કેમના પહોંચી વળીએ ? નોટબંધી પછી મોટા ભાગના મજુરો પોટલાં ભરીને ગામભેગા થઈ ગયા છે. વેચાયેલાં માધ્યમો સબ સલામતનો રાગ આલાપ્યે જ જાય છે.

> *એકબે પ્રશ્નો પુછીને સર્વે કરવા જેવો છે કે દેશના એકેય નેતા પાસે કાળું ધન નથી ? લાગલો જ બીજો સવાલ આવે કે જો હોય તો આજ સુધી એકેય પકડાયો કેમ નહીં ?*

લેન્ડલેસ, વોટરલેસ અને જંગલલેસ અને કેશલેસ

આદીવાસીઓની ફીકર કરનાર કોઈક તો છે જ. અબુધ, ગમાર, અશીક્ષીત અથવા અર્ધશીક્ષીત આદીવાસીઓને સુધારવા, તેમને સ્વર્ગનો શોર્ટકટ રસ્તો દેખાડવા મોહન ભાગવત સ્વયં આવી ગયા ધરમપુરમાં. દાહોદ, ડેડીયાપાડા અને છેલ્લે ધરમપુરમાં આદીવાસી ઉધ્ધારનાં સંમેલનો ડીસેમ્બર મહીનામાં યોજાયાં. આ લોકો કહેવાતી આધ્યાત્મીકતાની સાથે ધાબળા, લુગડાં અને ખુરશીના ટુકડાઓ ફેંકશે અને આદીવાસીઓનું આલોક-પરલોક સુધારી દેશે. આદીવાસીઓનાં શીક્ષણ, આરોગ્ય, હક્કો બાબતે કશું જ નહીં બોલે, કેમકે જીવાતું જીવન તો માયાલોક છે, ચીંતા જ કરવી હોય તો પરલોકની કરો એવું તેવું શીખવાડશે.

બાકી જેનાં ચશ્માંના એક કાચ ઉપર 'ભારત' અને બીજા કાચ ઉપર 'સ્વચ્છ' શબ્દો ત્રોફાવ્યા છે તે ગાંધીએ તેમના સમયમાં એક તાવીજ આપેલું જે 'ગાંધીના તાવીજ' નામે જાણીતું છે. તેમના તાવીજમાં આ મંત્ર છે કે, જો તમે દ્વીધામાં હો, કોઈ નીર્ણય લેવામાં મુંઝાતા હો તો તમારા નીર્ણયની ગરીબમાં ગરીબ અને નબળામાં નબળાઓ ઉપર શી અસર થશે તેનો વીચાર પહેલાં કરજો. (સૌજન્ય : મહાત્મા ગાંધી લાસ્ટ ફેઝ વોલ્યુમ-2, પૃ. 65.) ગાંધીનું આ તાવીજ તો કોના ગળે ઉતરે કે લટકે ?

['**આદીલોક**' : જાન્યુઆરી-ફેબ્રુઆરી, 2017નો તંત્રીલેખ, સાભાર.]

# ધરતીમાતાની સેવા કરવાનો ભેખ

**દીવ્યાશા દોશી**

[પૃથ્વીની પીડા સ્ત્રી જ સૌથી સારી રીતે સમજી શકે છે એવું દૃઢપણે માનતાં વંદના શીવાએ અત્યાર સુધીમાં ખાસ્સું કામ કર્યું છે. કુદરતી બીયારણ અને ધાન્યને બચાવવાનો તેઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યાં છે]

આપણે ત્યાં પૃથ્વીને મા તરીકે પુજવામાં આવે છે, પૃથ્વી મા આપણને જીવંત રાખે છે, પરંતુ ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન, લાલચ અને હીંસાએ આપણી ઈકોસીસ્ટમને ખોરવી નાખી છે. તેનો પુરાવો આપણને બે વરસથી ઉત્તરાખંડમાં થયેલા ભારે જાનમાલના નુકસાન દ્વારા મળી ચુક્યો છે. આ અંગે આપણે ફક્ત વાતો કરીએ કે લોકોને ભાંડીએ છીએ, પણ વંદના શીવા નામનીમહીલાએ અર્થ યુનીવર્સીટીની સ્થાપના કરીને પૃથ્વીને જીવંત બનાવવાનું બીડું ઝડપ્યું છે. તેમના વીષે જાણવા જેવું છે. વંદના શીવાએ પર્યાવરણ માટે કામ કરવાનું શરુ કર્યુ ચીપકો આંદોલનથી. 1970ની સાલમાં ગઢવાલ હીમાલયમાં જ્યારે મોટાપાયે ડીફોરેસ્ટેશન એટલે લાકડા માટે જંગલો કપાઈ રહ્યા હતા તે સમયે સ્ત્રીઓએ ઝાડને વળગીને તેને કપાતા બચાવવા માટે ચીપકો આંદોલનમાં ભાગ લેતાં વંદના શીવાને સમજાયું : સ્ત્રીઓને સમજાય છે કે જંગલમાંથી લાકડા મેળવતાં અનેક ઉપયોગી પર્યાવરણ નષ્ટ થઈ રહ્યું છે, કારણ કે સ્ત્રીઓ પાણી ભરે, રસોઈ માટે વાવણી પણ કરે. જો પૃથ્વીની ફળદ્રુપતા નષ્ટ કરીને ત્યાં સપાટ જમીન કે જ્યાં ફેક્ટરીઓ ઉભી થાય કે પ્રદુષણથી નકામી થઈ જાય તો તે જમીન મૃત બને છે. વંદના શીવાએ મોટાપાયે પૃથ્વીની હીંસા જે આપણી લાલચ અને નીર્દયતાને કારણે પેદા થાય છે તેને અટકાવવા માટેની ફીલોસોફી પર આધારીત પોતાના નવધાન્ય ફાર્મ પર 1987ની સાલથી ઈકો બાયોડાવર્સીટી દ્વારા જીવનધોરણને ટકાવવાનું બીડું ઝડપ્યું. તેમણે ત્યાં ઓર્ગેનીક બીજને બચાવવાની શરુઆત કરી. ત્યારબાદ તેમણે અર્થ યુનીવર્સીટી અને બીજ યુનીવર્સીટીની સ્થાપના દહેરાદુનમાં 2001ની સાલમાં કરી.

આ અર્થ અને બીજ યુનીવર્સીટીમાં આજે 630 જાતના ચોખા ઉગાડવામાં આવે છે. 150 જાતના ઘઉં ઉગાડવામાં આવે છે. વંદના શીવા માને છે કે રસાયણોના પ્રયોગોથી ધરતીનું હીર હણાઈ જાય છે. એના કરતાં ઓર્ગેનીક રીતે ખેતી કરવાની રીત આપણી પરંપરા રહી છે અને તે વૃદ્ધ સ્ત્રીઓ પાસેથી શીખી શકાય. સ્ત્રીઓને આ કામમાં જોડવાથી ચોક્કસ પર્યાવરણને બચાવી જ શકાય.

તેમણે અર્થ યુનીવર્સીટી દ્વારા ભારતભરમાં 100 સીડ્સ બેંક શરુ કરી છે. તેમાંથી ખેડુતોને મફતમાં ઓર્ગેનીક બીજ આપવામાં આવે. ખેડુત અનાજ પકવ્યા બાદ તે બીજ ફરી બેંકને પાછા આપે. આમ ઓર્ગેનીક ખેતી કરવા માટે ખેડુતોને બીજ તો અપાય છે પણ અહીં ઓર્ગેનીક ખેતીની ટેકનીક પણ શીખવાડવામાં આવે છે. દેશવીદેશથી અનેક લોકો અહીં પર્યાવરણ અંગે અભ્યાસ કરવા માટે આવે છે.

વંદના શીવાનું માનવું છે કે ગાંધીઅન ફીલોસોફી પ્રમાણે

*જીવવા માટે અહીંસક રીતે ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓનો જરુરીયાત પુરતો જ ઉપયોગ કરવામાં આવે તો હીંસક પ્રવૃત્તીઓ ઓછી થઈ શકે છે.*

દરેક વ્યક્તી જો શ્રમદાન કરી ધરતી સાથે જોડાય તો અનેક સમસ્યાઓનો હલ આવી શકે છે. જીવવા માટે અહીંસક રીતે ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓનો જરુરીયાત પુરતો જ ઉપયોગ કરવામાં આવે તો હીંસક પ્રવૃત્તીઓ ઓછી થઈ શકે છે. જંગલ જે આપણે નષ્ટ કરીએ છીએ તે આપણી હીંસક સ્વાર્થવૃત્તી છે. જંગલ આપણને શીખવાડે છે વીવીધતામાં એકતા. ખરી લોકશાહી આપણને કુદરત પાસેથી શીખવા મળે છે. જંગલમાં દરેકનો સમાવેશ હોય છે. કોઈ એકને નષ્ટ કરીને બીજું જીવતું નથી. દરેક પ્રાણી કે જીવજંતુ જરુર હોય તેટલું જ લે છે. સંગ્રહ નથી કરતાં કે બધું જ નષ્ટ નથી કરતા. આપણે જ એવા છીએ કે પૃથ્વીના વાતાવરણની જરુર હોવા છતાં તેને નષ્ટ કરતાં વીચારતાં નથી. કુદરતથી દુર થઈને અકુદરતી જીવન જીવીને હીંસાને જન્મ આપીએ છીએ. એટલે જ અર્થ ડેમોક્રસીનો કોન્સેપ્ટ અર્થ યુનીવર્સીટીમાં છે, જ્યાં દરેકનો સમાવેશ શક્ય છે. દરેકને વીકાસનો અવકાશ આપવાનો. વંદના શીવા ઈન્ટરનેશનલ ફોરમ ઓન ગ્લોબલાઈઝેશનના સભ્ય છે. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ અંગે અનેક સ્તરે કામ કર્યા છે. તેમણે ફુડ, એગ્રીકલ્ચર અને ઈન્ટલેક્યુઅલ પ્રોપર્ટી રાઈટ માટે પણ લડત ચલાવી છે. દેશવીદેશમાં તેઓ બાયોડાઈવર્સીટી અને ઈકો બાયોડાઈવર્સીટીના અનેક પ્રોજેક્ટ અને સંસ્થા સાથે સતત સંકળાયેલા રહ્યા છે. તેમને 2010માં સીડની પીસ પ્રાઈઝ અને 2012માં જાપાન તરફથી ફુકુઓકા એશીયન કલ્ચર પ્રાઈઝ મળ્યા છે.

[સૌજન્ય : 'સર્વોત્તમ કારકીર્દી માર્ગદર્શન' ફેબ્રુઆરી-2017]

## કોઈ કામ નાનું કે હલકું નથી

**યજ્ઞેશ દવે**

આકાશવાણીની ત્રીસ વર્ષની નોકરી દરમીયાન ઘણીવાર એવું બનતું કે સ્ટુડીયોમાં ગયા પછી રેકોર્ડીંગ માટે આવેલા મહેમાનને તરસ લાગી હોય કે રેકોર્ડીંગ દરમીયાન ગળું ભીનું કરવું હોય તે માટે પાણી માગ્યું હોય. તેમની અપેક્ષા એ હોય કે પટાવાળો પાણી લાવી દેશે. પણ ઘણીવાર પટાવાળો હાજર ન હોય કે તેને બોલાવવા જવો પડે તેમ હોય ત્યારે હું જ પાણીનો ગ્લાસ લઈ આવી તેમને ધરતો. મને ગ્લાસ લઈ આવેલો જોઈ અજાણતા જ મને તસ્દી આપી હોય તેવા સંકોચથી કહે, 'અરે ! યજ્ઞેશભાઈ તમે લઈ આવ્યા, તમને તસ્દી આપી.' હું કહેતો, 'એમાં શું મારે ઘરે આવ્યા હોત તો મેં જ આપ્યું હોત ને !' છતાં તેમના મનમાં એક ખટકો રહેતો કે તેમના ખાતર મારે હલકું કામ કરવું પડ્યું.

આપણી વર્ણવ્યવસ્થા કામના પ્રકાર થકી ગણાતી અને કામની ઉચ્ચતા અને હીનતાના આધારે માણસ ઉચ્ચ અને હીન વચ્ચે વહેંચાઈ જતો અને જન્મથી મૃત્યુ સુધી એ ઉચ્ચાવચતા તેને વળગેલી રહેતી. અમેરીકન ચીંતક થોરો અને વીખ્યાત રશીયન લેખક તોલ્સતોયે શરીર-શ્રમનો મહીમા કર્યો તો ગાંધીજીએ બધા કામને એક સરખું મહત્ત્વ આપી શરીર-શ્રમ અને સ્વાશ્રયને એક જીવનપદ્ધતીમાં ફેરવી નાખ્યા. એમને મન આશ્રમ વાળવો, જાજરુ સાફ કરવું કે કાંતવું એ હલકું કામ ન હતું. ગાંધીજીના સાચા અનુયાયીઓએ એ જીવનમાં ઉતારેલું. પાંત્રીસેક વર્ષ પહેલાં મનુભાઈ પંચોળી 'દર્શકે' માઈધાર, પાલીતાણામાં યુવાનો માટે એક વાચન શીબીર યોજેલી. સવારે પુસ્તકોનું વાચન, સાંજે તે વીશે વક્તવ્ય - ચર્ચા અને રાત્રે મનુભાઈની વાર્તા સાંભળવાની. અમે ત્રણ-ચાર મીત્રો એમાં જોડાયેલા. અમે સવારે ઉઠીએ ત્યારે મનુભાઈ ચા-પાણીથી પરવારી આશ્રમનું પરીસર વાળતા દેખાતા, એ દૃશ્ય અમારા માટે નવું અને અજુગતું હતું પણ મનુભાઈના રોજીંદા જીવનનું તે એક સહજ અંગ હતું.

કામને આધારે વહેંચાયેલી વર્ણવ્યવસ્થાને વીખેરવાના તેમના પ્રયાસો પછી પણ આજે સ્થીતી બહુ બદલાઈ નથી. આજે તો એ જ્ઞાતીગત કામો ન કરવા છતાં ય એ ઉચ્ચાવચ્ચતા ટકી રહી છે. આજે પણ અમુક કામ ઉત્તમ છે, તો અમુક અધમ. આજે 'સ્વચ્છ ભારત'ની ઝુંબેશના ભાગરુપે પ્રેસ અને મીડીયા પ્રસીદ્ધી માટે નેતાઓ કાર્યકરો શેરી, સોસાયટી કે કેમ્પસમાં હાથમાં ઝાડુ લઈ ફોટા પડાવશે. મીડીયા કવરેજ માટે વીડીયો શુટીંગ કરાવશે પણ પછી તરત જ સાવરણાને અડી અપવીત્ર થઈ જવાને લીધે તરત નાહી પણ લેતાં હશે.

અમને તો નાનપણથી જ શીખવવામાં આવ્યું છે કે કોઈ કામ નાનું નથી અને બીજું એ કે કોઈ કામ એવું નથી જે સ્ત્રી કરે પણ પુરુષ ન કરે. કોઈ પણ કામની શરમ ત્યારથી જ છુટી ગઈ. ફળીયું વાળવાનું હોય, કચરા કાઢવા કે પોતા કરવાનું હોય, નળેથી પાણી ભરવાનું હોય, વાસણ માંજવાના હોય કે

*અમને તો નાનપણથી જ શીખવવામાં આવ્યું છે કે કોઈ કામ નાનું નથી અને બીજું એ કે કોઈ કામ એવું નથી જે સ્ત્રી કરે પણ પુરુષ ન કરે.*

રસોઈ કરવાની હોય અમને શરમ ન આવે. પીતાજીએ તો નીશાળમાં ભણવાની ઉંમરે અમારા બરવાળા (ઘેલશા)ની સાર્વજનીક લાઈબ્રેરી વાળવાનું કામ મહીનાના દસ રુપીયાના પગારે માથે લીધું. ઉદ્દેશ આર્થીક રુપે થોડા મદદરુપ થવાનો અને તાજેતાજા સામયીકો વાંચવા મળે તે. એંશી વર્ષ પહેલાં રાજકોટ એ. જી. ઓફીસમાં નોકરીએ લાગ્યા ત્યારે હારબંધ ઓરડીવાળા ક્વાર્ટર્સમાં રહેવાનું આવ્યું. જાજરુ સાર્વજનીક. બીજાને જાજરુ સાફ કરતાં સંકોચ થાય ત્યારે પીતાજીને બધા જાજરુ સાફ કરતાં કોઈ સંકોચ ન હતો. એ દૃષ્ટી અમારા ભાઈઓમાં અને અમારા સંતાનોમાં પણ ઉતરી. આજેય કોઈ કામ કરવાની શરમ નથી.

યાદ આવે છે અમારા અમદાવાદ આકાશવાણીના ભુતપુર્વ સ્ટેશન ડાયરેક્ટર ડૉ. મહાવીર સીંહ. હીન્દી સાહીત્યના પ્રતીષ્ઠીત વીદ્વાન પણ કોઈ ભાર નહીં. ખાદી ન પહેરવા છતાં જીવન સાદું, સ્વાશ્રયી અને અપરીગ્રહી. ઓફીસે આવવા માટે કદી ઓફીસની કાર નથી મંગાવી. કાયમ ચાલીને જ આવતા. એકલા રહેતા તેથી સવારે વહેલા જ ઓફીસે આવી જતા. જેવી તેમની મેધા - પ્રજ્ઞા એવું જ કસાયેલું કસરતી શરીર. એક સવારે ઓફીસે આવીને જુવે છે તો આકાશવાણીના કમ્પાઉન્ડમાં ડ્રાઈવર જીપનું વ્હીલ બદલવા વ્હીલના બોલ્ટ ખોલવા મથી રહ્યો છે પણ જામ થઈ ગયેલા બોલ્ટ મચક નથી આપતા. ડ્રાઈવર પાસે આવી કહે 'લાઓ મુજે દો. તુમ મેરા શર્ટ પકડો.' પોતાનું શર્ટ કાઢી ડ્રાઈવરને સાચવવા આપ્યું. કસાયેલા બાવડાએ દેખા દીધી. પાનું હાથમાં લીધું. એક ઝાટકે એકેએક બોલ્ટ ઢીલા કરી આપ્યા ને શર્ટ પહેરી ચાલતા થયા. ડ્રાઈવર અને હું તો ચકીત. જેટલા તેમની શક્તીથી તેનાથીય વધારે તો નાના માણસને મદદરુપ થવાની વૃત્તી અને કોઈ પણ કામ નાનું નથી તેવી તેમની ભાવનાથી.

દીલ્હીના ગુરુદ્વારા શીશગંજ સાહેબમાં માથું ટેકવવા ગયો ત્યારે ત્યાં મોટા ગજાની વ્યક્તીઓને બુટઘરમાં સેવા આપતી જોઈ. દર્શનાર્થીઓના બુટ ખાનામાં મુકી ટોકન આપવાના ને દર્શનાર્થીઓ પાછા આવે ત્યારે ખાનામાંથી કાઢી પાછા આપવાના. ઈશ્વરના દરબારમાં સહુ સરખા તેવા ભાવથી આ કામમાં જોડાયેલાં જોઈને ખુશ થઈ જવાયેલું પણ સાથે સાથે એ વીચાર પણ આવ્યો કે જો તે પ્રતીષ્ઠીત વ્યક્તી પોતાના જ ઘરમાં હોય તો પોતે જાતે પાણીનો ગ્લાસ પણ લેતા હશે કે કેમ. જો કે ઈશ્વરના દરબારમાં તો તેમનો હોદ્દો, દરજ્જો, પુરુષત્વ ભુલી વીનીતભાવે સેવા કરે છે તે પણ ઓછું નથી.

[સૌજન્ય : '**ગુજરાતમીત્ર**' : 11-1-2017]

# 'યુનીફૉર્મ સીવીલ કોડ' નહીં, હક્કોની એકરુપતાનો અમલ વધુ જરુરી...'

**ફ્લેવીયા એગ્નેસ**

[**ફ્લેવીયા એગ્નેસ** - લગ્ન, છુટાછેડા તથા મીલકત સંબંધી કાયદાઓનાં નીષ્ણાત અને જાણીતાં વકીલ છે. તેમણે વીવીધ લેખો લખ્યા છે તેમ જ પ્રકાશીત થયા છે. જે પૈકીના કેટલાક લેખો 'સબોલ્ટર્ન સ્ટડીઝ, ઈકોનોમીક એન્ડ પોલીટીકલ વીક્લી' તેમજ 'માનુષી'માં પ્રસીદ્ધ થયા છે. આ લેખો લઘુમતી સમુદાય અને કાયદો, જાતી (સ્ત્રી-પુરુષ) અને કાયદો, મહીલાઓની ચળવળના સંદર્ભમાં કાયદો, ઘરેલુ હીંસા તથા નારીવાદી કાયદાશાસ્ત્ર જેવા મુદ્દાઓને સ્પર્શે છે. ફ્લેવીયા એગ્નેસ 1988થી મુંબઈ હાઈકોર્ટમાં વકીલ તરીકેની પ્રેક્ટીસ કરી રહ્યાં છે. ઘરેલુ હીંસાના જાત અનુભવને પગલે તેમને મહીલા હક્કો માટેનાં વકીલ બનવાની પ્રેરણા મળી. તેઓ સરકારને કાયદાના અમલીકરણ અંગે સલાહ-સુચન પુરાં પાડે છે અને હાલમાં તેઓ મહારાષ્ટ્રમાં મહીલા અને બાળ વીકાસ મંત્રાલયનાં સલાહકાર છે. મધુશ્રી દત્તા સાથે મળીને ફ્લેવીયા એગ્નેસે 'મજલીસ' (અરેબીક અર્થ સંગઠન)ની સ્થાપના કરી છે કાયદાકીય અને સાંસ્કૃતીક સંશાધનના કેન્દ્ર - મજલીસ દ્વારા મહીલાઓના લગ્નવીષયક હક્કો, બાળકનો કબજો મેળવવા વગેરે જેવા મુદ્દાઓ પર ઝુંબેશ ચલાવે છે અને મહીલાઓ માટે કાનુની પ્રતીનીધીત્વ પુરું પાડે છે. 1990માં સ્થાપના થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં મજલીસે 50,000 મહીલાઓને કાનુની સેવાઓ પુરી પાડી છે, જેમાંની ઘણી મહીલાઓ નીરાધાર છે. બુલા દેવીને આપેલી મુલાકાતમાં તેઓ બહુચર્ચીત 'યુનીફૉર્મ સીવીલ કોડ'ને સ્થાને હક્કોની એકરુપતાના અમલની જરુરીયાત પર ભાર મુકે છે.]

***સવાલ*** *- શું તમને લાગે છે કે 'યુનીફૉર્મ સીવીલ કોડ' કે તમામ ધર્મોની પ્રથાઓ અને પર્સનલ લોનું સંહીતાકરણ જાતીગત સમાનતા સુનીશ્ચીત કરે છે ?*

**જવાબ** - મને નથી લાગતું. જ્યારે હીંદુ લગ્નના કાયદાઓનું સંહીતાકરણ કરવામાં આવ્યું, ત્યારે હીંદુઓના તમામ સંપ્રદાયોમાંથી બહુપતીત્વ કે બહુપત્નીત્વની પ્રથા પર પ્રતીબંધ ફરમાવી દેવાયો હતો. શું તેનાથી હીંદુઓમાં દ્વીપતીત્વ કે દ્વીપત્નીત્વના પ્રમાણમાં ઘટાડો થયો છે ? આંકડાઓ જુદું જ ચીત્ર વર્ણવે છે. ઉલટું, આવા ધારાને કારણે બીજી પત્ની પોતાના જાળવણી અને રહેઠાણ વગેરેના તેના અધીકારથી વંચીત રહે છે. એટલું જ નહીં, તેમનું ગૌરવ પણ છીનવાઈ જાય છે, કારણ કે અદાલતની કાર્યવાહીમાં આવી મહીલાઓને

ઉપપત્ની કે રખાત તરીકે ઉલ્લેખવામાં આવે છે. બંધારણ મહીલાઓના ચોક્કસ વર્ગનું રક્ષણ કરતું હોવા છતાં, આ મહીલાઓ બંધારણની કલમ 21 હેઠળ ગૌરવપ્રદ જીવન જીવવાના અધીકારથી વંચીત રહે છે.

આ જ પ્રમાણે, બાળ લગ્ન પ્રતીબંધક અધીનીયમ (ચાઈલ્ડ મેરેજ રીસ્ટ્રેઈન્ટ એક્ટ) અને હીંદુ છોકરીઓ માટે લગ્નની લઘુતમ વય 18 વર્ષ નીયત કરવામાં આવી તેના કારણે બાળલગ્નોનું પ્રમાણ ઘટ્યું છે. જો કે, આંકડાઓ જુદું ચીત્ર ઉપસાવે છે. મુસ્લીમોની તુલનામાં હીંદુઓમાં બાળ લગ્નનું પ્રમાણ ઘણું જ વધારે છે. કાયદાને પગલે નહીં, બલ્કે સમુદાયની આર્થીક સ્થીતીમાં સુધારો થાય, તો બાળલગ્નનું પ્રમાણ નીચું આવશે. આપણે સમસ્યાના ફક્ત એક પાસાં પર જ ધ્યાન આપી રહ્યા છીએ. આપણે વીચારીએ છીએ કે 'યુનીફોર્મ સીવીલ કોડ' કે મુસ્લીમોમાં નીશ્ચીત પ્રથાઓ પર પ્રતીબંધ લાદવાથી તમામ મહીલાઓ સ્વતંત્રતા મેળવી શકશે. આ આધાર કાયદા સુધારણાની વાસ્તવીકતાને નજરઅંદાજ કરે છે.

***સવાલ** - શું બહુપત્નીત્વ, બહુપતીત્વ કે મૈત્રી કરાર પર પ્રતીબંધ ફરમાવી દેવો જોઈએ ?*

**જવાબ** - જો આ પ્રથાઓ પર પ્રતીબંધ ફરમાવવામાં આવે, અને તેમ છતાં પુરુષો એકથી વધુ પત્નીઓ રાખે, તો આવા સંબંધોમાં મહીલાઓનું રક્ષણ કેવી રીતે કરવું ? જાતીગત ન્યાયની દૃષ્ટીએ જોતાં આ મુદ્દાનું મહત્ત્વ સમજાય છે. કેટલીક વખત મહીલાઓ પ્રથમ લગ્ન વીશે જાણતી હોય છે, જ્યારે કેટલીક વખત પુરુષો પ્રથમ લગ્નની હકીકત ઈરાદાપુર્વક છુપાવતા હોય છે. બહુપત્નીત્વની છુટ આપવામાં આવી છે તેવા મુસ્લીમ સમુદાયમાં દરેક મહીલા (પત્ની) સમાન દરજ્જો ધરાવે છે અને તેને તેના હક્કોથી વંચીત રાખી શકાય નહીં. પણ, જો બહુપત્નીત્વ પર પ્રતીબંધ ફરમાવી દેવામાં આવે, તો પુરુષો તેનો પુરેપુરો લાભ ઉઠાવી શકે છે, તેમનું જાતીય શોષણ કરી શકે છે અને તે મહીલાની કોઈપણ પ્રકારની આર્થીક જવાબદારી ઉઠાવ્યા વીના તેને તરછોડી શકે છે, અને એવો બચાવ આગળ ધરી શકે છે કે તે મહીલા તેની બીજી પત્ની છે અને તેનાં પ્રથમ લગ્ન અકબંધ છે. આ કારણોસર પ્રોટેક્શન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ 'લગ્ન જેવા સંબંધ' શબ્દ પ્રયોજીને આવા સંબંધોમાં મહીલાઓના અધીકારો સુરક્ષીત કરવાનો પ્રયત્ન કરે છે.

***સવાલ** - ત્રણ તલાકની પ્રથા નાબુદ કરવામાં રાજ્યએ દરમીયાનગીરી કરવી જોઈએ ?*

**જવાબ** - આ પ્રશ્ન ગેરસમજ અને કાયદા અંગેના અજ્ઞાનથી ભરેલો છે. 2002માં શમીમ આરાના કેસમાં સુપ્રીમ કોર્ટે મુસ્લીમ લગ્નનો અંત આણવાની સાચી પ્રક્રીયા સુચવી હતી. ઘણી હાઈકોર્ટો સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને અનુસરે છે. આથી, સાચી પ્રક્રીયા સુચવવી અને ત્રણ તલાક અમાન્ય છે એવું ઠરાવવું એ નવી બાબત નથી. જ્યારે 2002માં શમીમ આરા કેસનો ચુકાદો આવ્યો ત્યારે માધ્યમોએ તેની ઉપેક્ષા કરી અને હવે તેઓ આ સમગ્ર મુદ્દાને કોમવાદી સ્વરુપ આપી રહ્યાં છે.

***સવાલ** - ખ્રીસ્તીઓમાં છુટાછેડા લેવા માટેનો સમયગાળો (ડીવોર્સ વેઈટીંગ પીરીયડ) છે, તે બે વર્ષથી ઘટાડીને એક વર્ષનો કરવો જોઈએ ?*

**જવાબ** - હા, આ કાયદો અસ્તીત્વ ધરાવે છે અને આ અસમાનતાને સુધારા દ્વારા સરળતાથી દુર કરી શકાય છે. ભારતીય છુટાછેડા અધીનીયમ (ઈન્ડીયન ડીવોર્સ એક્ટ) સંદર્ભે કોઈ ધર્મવાદ નથી પ્રવર્તતો. આ સંસદનો કાયદો છે અને તેમાં સરળતાથી સુધારો કરી શકાય છે.

***સવાલ** - યુનીફોર્મ સીવીલ કોડને અમલી બનાવતાં પહેલાં, શું સમાજ તથા સરકારની માનસીકતામાં પરીવર્તન લાવવાની જરુર છે ?*

**જવાબ** - જો એકસમાન દીવાની કાયદો લઘુમતી-વીરોધી રીતે તેમજ બીન-અસરકારક રીતે તૈયાર કરવામાં આવ્યો હશે, તો હંમેશા તેની સામે વીરોધ ઉઠશે. માધ્યમોએ મહત્ત્વના સીમાચીહ્નની તથા ન્યાયવીષયક ચુકાદાઓ દ્વારા કાયદા ક્ષેત્રે થયેલા વીકાસની અવગણના કરી છે. મારું માનવું છે કે પર્સનલ લૉમાં ક્રમશ: ધોરણે સુધારો લાવવો એ હકારાત્મક બાબત છે.

***સવાલ** - યુનીફોર્મ સીવીલ કોડ (યુસીસી) વ્યક્તીના ધર્મના અધીકારનો ભંગ કરે છે તેવો ભય સેવાઈ રહ્યો છે. શું તમે આ બાબત સાથે સંમત છો ?*

**જવાબ** - અત્યારે આપણને યુનીફોર્મ સીવીલ કોડની નહીં, બલ્કે વીવીધ ધર્મોમાં અધીકારોની એકરુપતાની જરુર છે. આ માટે, આપણે જે રીતે હીંદુ કાયદામાં સુધારો થયો, ખ્રીસ્તી કાયદામાં સુધારો થયો, તે જ રીતે કોઈ મોટો રાજકીય વીવાદ ઉભો કર્યા વીના મુસ્લીમ કાયદામાં સુધારો લાવવો જોઈએ. વર્તમાન વીવાદ તદ્દન બીનજરુરી છે.

[સ્રોત : http://www.outlookindia.com/magazine/story/what-we-need- is-not-a-uniform-civil-code-but-uniformity-of-rights/298037 સૌજન્ય : **'વીચાર'** : ઑક્ટોબર-ડીસેમ્બર, 2016]

❑

# ન્યાયતંત્રની નબળાઈઓ

## કૃષ્ણકાંત વખારીઆ

[2]

Commission of Inquiry Act, 1952 અમલમાં આવ્યા પછી ભારત સરકારે પચાસના દાયકામાં મુંબઈ હાઈકોર્ટના ફરજ પરના મુખ્ય ન્યાયમુર્તી શ્રી ચાગલાનું એક સભાસદનું તપાસપંચ ભારતના નાણા મંત્રાલયમાં કહેવાતા ઉદ્યોગપતી મુંદ્રાના તરફદારી કરતાં થયેલ નાણાકીય ગેરરીતી અંગે તપાસ કરી અહેવાલ આપવા નીમેલ. જેને સરકારે આપેલ સમયમર્યાદામાં જાહેર સુનાવણી કરી કાર્યવાહી પુરી કરી અહેવાલ આપેલો. જે પારદર્શકતા, તટસ્થતા અને ન્યાયપ્રીયતા માટે જાણીતો છે. સને 1969માં ગુજરાતમાં થયેલ કોમી હુલ્લડો અંગે સુપ્રીમ કોર્ટના ફરજ પરના ન્યાયમુર્તી શ્રી જગમોહન રેડ્ડીની અધ્યક્ષતા હેઠળ તપાસપંચ નીમાયેલ જેમાં કોમી હુલ્લડોની તપાસ કરી અહેવાલ આપવાનો હતો. આ અહેવાલની વીશ્વસનીયતા અંગે કોઈ શંકા ન રહે તેવા ઉદ્દેશ સાથે આ તપાસપંચમાં ગુજરાત હાઈકોર્ટના બે નીવૃત્ત ન્યાયમુર્તીઓમાં એક પારસી અને એક મુસ્લીમ હતા અને બન્ને નીવૃત્ત ન્યાયમુર્તીઓ પ્રામાણીકતા, ન્યાયપ્રીયતા, પારદર્શકતા અને તટસ્થતા માટે ઉચ્ચ પ્રતીષ્ઠા ધરાવતા હતા. આ તપાસપંચ ‘રેડ્ડી કમીશન’ તરીકે ઓળખ પામ્યું જેણે પણ વાજબી સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરી અને અહેવાલ આપેલો જે ન્યાયપુર્ણતા માટે જાણીતો છે.

કાળક્રમે તપાસ પંચોમાં નીવૃત્ત ન્યાયમુર્તીઓ માત્ર ન્યાયમુર્તી તરીકે ફરજ બજાવેલ હોવાને કારણે નીમણુક આપવાની પ્રણાલીકા શરુ થઈ. તપાસપંચોમાં નીમાતા આ નીવૃત્ત ન્યાયમુર્તીઓની નીવૃત્ત થયા પહેલા ન્યાયમુર્તી તરીકે કામગીરી અને પ્રતીષ્ઠા કયા પ્રકારની હતી તે લક્ષમાં લેવાને બદલે સરકારને અનુકુળ આવે તે પ્રકારના તપાસપંચોના અહેવાલો મળે તે રીતે નીવૃત્ત ન્યાયમુર્તીઓ નીમવાની કમનસીબે શરુઆત થઈ છે. તપાસપંચોમાં નીમાતા ન્યાયમુર્તીઓએ સરકારે નક્કી કરેલ સમયમર્યાદામાં અહેવાલો આપવાના હોય છે. પરંતુ તપાસપંચો નીયત કરેલ સમય મર્યાદામાં અહેવાલો બદલે, તપાસ પંચોની સમયમર્યાદા વધારવાની માંગણી કરે છે, જેને પરીણામે તપાસપંચનો ખર્ચ પણ ગેરવાજબી રીતે વધે છે. તપાસપંચમાં નીમાતા કોઈ નીવૃત્ત ન્યાયમુર્તીએ સેવાની ભાવનાથી તપાસપંચની કામગીરી કરી હોય તેવું કોઈ દૃષ્ટાંત મારી જાણમાં નથી. તપાસપંચમાં નીમાતા નીવૃત્ત ન્યાયમુર્તીઓને પગાર અને હોદ્દાને અનુરુપ અન્ય સવલતો (Perks) મળતાં હોય છે જેનો બોજ તપાસપંચની મુદત લંબાતા પ્રજાએ ભોગવવાનો હોય છે. અયોધ્યામાં બાબરી મસ્જીદ વીધ્વંસ અંગે એક નીવૃત્ત ન્યાયમુર્તીના અધ્યક્ષસ્થાને સને 1993માં નીમાયેલ તપાસપંચે આશરે વીસ પચીસ વરસો પછી અહેવાલ આપેલ. સને 2002ના ટ્રેનમાં મુસાફરી કરતાં અયોધ્યાથી પાછા ફરતા કારસેવકો પર ગોધરા સ્ટેશને બનેલ અધમ અને અક્ષમ્ય હીચકારું કૃત્ય અને ત્યારપછીના ગુજરાતના કોમી હુલ્લડના બનાવો અંગે સને 2002માં નીમાયેલા બે નીવૃત્ત ન્યાયમુર્તીઓના તપાસપંચોએ આશરે બાર-તેર વરસોના વીલંબ બાદ આખરી અહેવાલ આપેલો. આ તપાસપંચની વીલંબીત કામગીરી અને સરકાર સમક્ષ તપાસપંચની સમયમર્યાદા વધારવા અંગે થતી માગણી વગેરે અંગે જાણીતા સાહીત્યકાર પદ્મશ્રી ગુણવંતભાઈ શાહે તેમની લોકપ્રીય કોલમમાં એવી ટીપ્પણી કરેલ કે તપાસપંચના અહેવાલની હવે કોઈ જરુર નથી. તેઓના કહેવાનો એ મતલબ હતો કે ગોધરા અને ત્યારપછીના કોમી હુલ્લડોના બનાવો અંગે નીમાયેલ તપાસપંચ લાંબા સમય પછી અહેવાલ આપે તેનો કોઈ અર્થ રહેતો નથી.

Commission of Inquiry Act, 1952, હેઠળ પ્રથમ વખત પચાસના દાયકામાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તી જસ્ટીસ શ્રી ચાગલાના બનેલ એક સભ્યના તપાસપંચે કહેવાતા ઉદ્યોગપતી મુંદ્રાની ગેરરીતીના કેસમાં સુંદર ઉદાહરણ પુરું પાડીને વાજબી સમય મર્યાદામાં પારદર્શક રીતે અહેવાલ આપીને દાખલો બેસાડેલો. કમનસીબે જસ્ટીસશ્રી ચાગલાના તપાસપંચ પછી વાજબી સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની ઉત્તમ પ્રણાલીકા અનેક તપાસપંચોએ જાળવી નથી.

તપાસપંચ નીમતી સરકાર તપાસપંચ વાજબી સમયમર્યાદામાં અહેવાલ આપે નહીં તો તપાસપંચની સમયમર્યાદા વધારવા બંધાયેલ નથી. સને 1975-76માં શ્રી બાબુભાઈ જસભાઈ પટેલની સરકારના સમયગાળામાં ‘મચ્છુ બંધ’ની હોનારત થયેલી જેના અંગે એક ફરજ પરના ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તીનું તપાસપંચ નીમાયેલ જેણે સરકારે નીયત કરેલ સમયમર્યાદામાં અહેવાલ આપેલ નહીં. આ તપાસપંચની મુદત ગુજરાત સરકારે વધારેલ નહીં.

ગોધરા અને ત્યારપછીના ગુજરાતમાં બનેલા કોમી રમખાણો અંગેની તપાસપંચની લંબાણભરી કામગીરી દરમ્યાન તપાસપંચના બે ન્યાયમુર્તીઓ પૈકી એક નીવૃત્ત ન્યાયમુર્તીના પુત્ર જે એ દીવસોમાં જુનીયર વકીલ હતા તેમને ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકારના વકીલ તરીકે

રોકેલા અને પંચના આ નીવૃત્ત ન્યાયમુર્તીના પુત્રોએ પ્રોફેશનલ ફી તરીકે સારી કમાણી કરેલી. આ તપાસપંચના ન્યાયમુર્તીના પુત્રને સરકારે કેટલી ફીની રકમ ચુકવેલી છે તે અંગે વીધાનસભામાં ધારાસભ્યોએ પુછેલ પ્રશ્નોના જવાબમાં કે માહીતી અધીકાર હેઠળ સરકારે માહીતી આપેલ નથી એટલે આ સંદર્ભમાં પણ વીશ્વસનીયતાના પ્રશ્નો ઉભા થાય છે. આ નીવૃત્ત ન્યાયમુર્તી આ સમયગાળા દરમ્યાન એક-બે કીસ્સામાં લવાદ તરીકે રોકેલા અને પંચના આ નીવૃત્ત ન્યાયમુર્તીના પુત્રોએ પ્રોફેશનલ ફી તરીકે સારી કમાણી કરેલી. નીવૃત્ત ન્યાયમુર્તીની તપાસપંચના સભ્ય તરીકેની નીમણુક પુરા સમયની ગણીને વેતન અને અન્ય સવલતો ચુકવાતી હોય છે ત્યારે આ પ્રકારની કામગીરી કયા સંજોગોમાં નીવૃત્ત ન્યાયમુર્તીએ કરી એ પણ એક કોયડો છે.

નીવૃત્તીના આરે પહોંચેલ ન્યાયમુર્તીઓ જ્યારે ફરજ પરના ચાલુ ન્યાયમુર્તીઓ તરીકે તેમની સમક્ષના મોટા કોર્પોરેટ-ઉદ્યોગગૃહોના કેસો અંગે કોઈ ચુકાદાઓ આપે ત્યારે નીવૃત્તી પછી આવા ઉદ્યોગગૃહો તરફથી કોઈ અપેક્ષીત લાભોની લાલસાથી ચુકાદાઓ પ્રદુષીત ન થાય તેનો વીશેષ ખ્યાલ રાખવો જોઈએ. ભારતમાં અનેક એવા મોટા કોર્પોરેટ ઉદ્યોગગૃહો છે કે જેનું આંતરરાષ્ટ્રીય ફલક છે અને જેમના વાર્ષીક આવક-જાવકના બજેટો અનેક રાજ્ય સરકારો કરતાં અધીક છે. ખાસ કરીને આ પ્રકારના ઉદ્યોગગૃહોમાં એવી તકરારો હોય છે કે જેનો ઉકેલ લવાદીપંચ મારફતે જ લાવવાનો હોય છે. નીવૃત્તીના આરે પહોંચેલા ન્યાયમુર્તીઓ નીવૃત્તી પછી આ પ્રકારની તકરારોમાં લવાદ તરીકે નીમાતા હોય છે અને ખાસ્સું મહેનતાણું મેળવતા હોય છે. લવાદીના કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી કે નીવૃત્ત ન્યાયમુર્તી અથવા ધારાશાસ્ત્રીને જ લવાદ તરીકે નીમી શકાય. કોઠાસુઝ ધરાવનાર કોઈપણ પ્રામાણીક અને નીષ્ઠાવાન વ્યક્તી પણ લવાદ તરીકે કામ કરી શકે. સને 2015માં પાર્લામેન્ટે લવાદી કાયદામાં સુધારાઓ કરી મહેનતાણાની મર્યાદા તેમજ એક વર્ષની સમયમર્યાદામાં લવાદી ચુકાદાઓ આપવાની જોગવાઈ કરી છે. હકીકતે લવાદી પ્રથા ઓછા ખર્ચે ઓછા સમયમાં તકરારનો ન્યાયપુર્ણ નીકાલ કરવાના ઉદાત્ત ધ્યેય સાથે શરુ કરવામાં આવેલ. અનુભવે બતાવેલ દીધેલ છે કે નીવૃત્ત ન્યાયમુર્તી, ધારાશાસ્ત્રી અને જે તે વીષયના તજજ્ઞોએ લવાદીને કમાણીનું સાધન બનાવી દીધેલ છે. હકીકતે લવાદી કાર્યવાહી માત્ર લવાદો ઉપર છોડી દેવાને બદલે કોઈ નીષ્ઠાવાન સંસ્થાની Monitoring હેઠળ ચાલે તો યોગ્ય ઉકેલ કદાચ આવી શકે.

પાર્લામેન્ટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયમુર્તીઓની સેવા અંગેના વેતન અને અન્ય સવલતો (Perks) અંગે કાયદાઓ કરેલ છે. સાતમા પગારપંચના અમલીકરણ સાથે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તીઓના માસીક વેતન રુ. બે લાખ ઉપરનું થાય છે. આ ઉપરાંત અન્ય સવલતો (Perks)નું નાણાકીય મુલ્યાંકન પણ આશરે બે-અઢી લાખ રુપીયા માસીક ગણી શકાય. સીનીયર ધારાશાસ્ત્રીઓની ફીની આવક મહીને આથી પણ વધારે હોય છે. સુપ્રીમ કોર્ટમાં સીનીયર ધારાશાસ્ત્રીઓની ફી આસમાને ગઈ છે. અમેરીકામાં ધારાશાસ્ત્રીઓની ફીનું કાયદેસર નીયમન લાવવા કાયદાઓ થયા જે નીષ્ફળ નીવડ્યા છે. બાર કાઉન્સીલો અને વકીલ મંડળો રાજકારણના અખાડા બન્યા છે. ત્યારે વકીલોની ફીને નીયમનમાં લાવવા કોઈ શીસ્તભર્યા પગલા ભરે તેવી આશા રાખવી અસ્થાને છે. ધારાશાસ્ત્રીના વ્યવસાયનો, ઉમદા સેવાના વ્યવસાય તરીકે ઉદ્ભવ થયેલો એની સતત યાદ આપવી જરુરી છે.

પાર્લામેન્ટે ન્યાયમુર્તીઓની સેવા અંગેના વેતનો અને અન્ય સવલતો (Perks) અંગે કાયદાઓમાં જે જોગવાઈ કરી છે તેથી વીશેષ લાભની અપેક્ષા ન્યાયમુર્તીઓએ સરકાર પાસેથી રાખવી જોઈએ નહીં. કેટલાક રાજ્યોમાં રાહતના દરે સરકારી જમીનો ન્યાયમુર્તીઓ માટે મકાનો બાંધવા કે રાહતના દરે ફ્લેટ પ્રાપ્ત કરવા અપાય છે જે ન્યાયતંત્ર માટે શોભારુપ નથી. સરકારી જમીનો ન્યાયમુર્તીઓએ સરકાર પાસેથી રાખવી જોઈએ નહીં. સરકારી જમીનો કે રાહત દરે આવાસોની સવલત Under Privileged વર્ગ માટે છે. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તીઓ માટે બંગલાઓ બાંધવા રાહતના દરે સરકારે જમીન આપ્યાનો એક વીવાદ, ન્યાયમુર્તીઓના આંતરીક વીવાદને કારણે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે.

આ લેખક સીત્તેરના દાયકામાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ચુંટાયેલ સભાસદ હતા ત્યારે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ ન્યાયતંત્રના સ્વાતંત્ર્યને અનુરુપ એવો ઠરાવ કરેલ કે નીવૃત્તી પછી ન્યાયમુર્તીની સેવાઓ પ્રાપ્ત કરવા પર સદંતર પ્રતીબંધ મુકવો જોઈએ. આજે કાયદાના શીક્ષણના થયેલ સુધારાઓને કારણે અનેક તેજસ્વી યુવા કાયદા સ્નાતકો ઉપલબ્ધ છે, ત્યારે અર્ધ-ન્યાયીક સંસ્થાઓમાં - ટ્રીબ્યુનલોમાં તેજસ્વી યુવા કાયદાના સ્નાતકોને નીમણુકો આપવી જોઈએ. ન્યાયમુર્તીઓની સેવા લેવી હોય તો નીવૃત્તી વયમાં વધારો કરવો જોઈએ તેમજ નીવૃત્તી બાદ મળવાપાત્ર પેન્શનમાં વધારો કરવો જોઈએ તેમજ અન્ય સવલતો (Perks) ચાલુ રાખવી જોઈએ.

[લેખક સીનીયર એડવોકેટ છે.]

❑

# વાંચવું ગમશે...

## ગાર્ગી વૈદ્ય

વર્તમાન યુગને લોકો માહીતી-વીસ્ફોટનો યુગ કહે છે. જાણવા અને જણાવવા જેવી એટલી બધી માહીતી, એટલું બધું સાહીત્ય અને મનોરંજન પ્રાપ્ય છે કે કોઈ બધું જાણી-માણી જ ન શકે. એમાં પણ ઈલેક્ટ્રોનીક ઉપકરણો આવ્યા પછી અને સોશીયલ મીડીયા વીસ્તર્યા પછી તો અગર સંયમ ન રાખીએ તો જ્ઞાન જ આપણને ગાંડાં કરી નાખે ! આ સંજોગોમાં કેટલીક ચાળેલી, ગાળેલી અને ઓગાળેલી વાચનસામગ્રી આપણા સમયનો બચાવ કરે અને જ્ઞાન-સમજણમાં વધારો કરે. આવી કેટલીક સામગ્રી :

### એસીડ એટેક... રોલ રીવર્ઝલ !

સાધારણ રીતે આપણે વાંચીએ - જાણીએ છીએ કે અમુક અમુક પુરુષે અમુક સ્ત્રી પર એસીડ છાંટ્યો. એસીડથી હુમલો કર્યો. પરંતુ સપ્ટેમ્બર, 2016ની એક ઘટના ઉલટા ક્રમની છે. ઘટનામાં ભુમીકાઓ બદલાઈ ગઈ છે. આક્રમકની ભુમીકા લગભગ હમેશાં પુરુષની હોય છે. અહીં એ ભુમીકા એક સ્ત્રીએ ભજવી છે. ઘટના કાનપુરની છે. ત્યાં રહેતા વેચાણસંબંધી અધીકારી પુષ્પેન્દ્રસીંગ યાદવ પર ડૉલી ટેકચંદાણી નામની મહીલાએ ઍસીડ છાંટ્યો ! આ તો સ્ત્રી દ્વારા થયેલો હુમલો ! પુરુષના હુમલા જેટલો ખતરનાક ક્યાંથી હોય ? પુષ્પેન્દ્રને માત્ર 20 ટકા દાહ-ઈજા થઈ. આ પુષ્પેન્દ્રસીંહ કાનપુરમાં એકાદ વર્ષથી પત્ની સાથે રહેતો હતો. પરંતુ એ અગાઉ પોતે લખનૌમાં એકલો રહેતો હતો ત્યાં આ ડૉલી ટેકચંદાણી સાથે એને સંબંધ થયો હતો. સ્વાભાવીક જ, પત્ની સાથે રહેતા પુષ્પેન્દ્રે ડોલીને દુભવી હશે. ડોલીએ તેને બેવફાઈની સજા આપવા ધારી હશે. પણ લાગે છે કે બહેન એ મર્દને માત્ર પાઠ ભણાવવા માગતી હશે.

### મેરી ભેંસકો ડંડા ક્યોં ના મારું ?

આપણે એક જોક વારંવાર વાંચી છે. કોઈ એક નદી કે તળાવ કે હોજમાં ડુબતાં માજીને જીવનરક્ષક બચાવે છે અને એક માણસ આ જીવનરક્ષકને ઠપકો આપે છે. એ માણસ આ માજીનો જમાઈ છે અને ડોશીથી ત્રાસીને એણે જ ડોશીને પાણીમાં ધકેલ્યાં હોય છે !

આપણે એમ માનતાં હતાં કે વઢકણી સાસુ અને ત્રાસેલા જમાઈની આ માત્ર આત્યંતીક કલ્પના છે અને હેતુ માત્ર હસવાનો છે. કોઈ પણ માણસ પોતાની સાસુને કે અન્ય સ્વજનને ડુબતાં બચાવનાર પર ગુસ્સો ન જ કરે.

પરંતુ તમે આવું માનતાં હો તો આઘાત માટે તૈયાર થઈ જાવ. ઓક્ટોબર 2016ના અમદાવાદના સમાચાર છે કે શહેરની નદી સાબરમતીના કાંઠાની આસપાસ કોઈ આપઘાત કરી ન બેસે એ માટે સાવચેતી રાખનાર અમદાવાદના અગ્નીશામક દળના જવાનોને એક ગજબનો અનુભવ થયો. એક સજ્જનની પત્નીને ડુબતી બચાવવા બદલ એ સજ્જને આ જવાનોને તતડાવી નાખ્યા ! એણે આ લોકોને પુછ્યું કે આપઘાત કરવા નદીમાં પડેલી મારી પત્નીને તમે કોની રજાથી બચાવી ? વળી, એ સજ્જને અગ્નીશામક દળના જવાનોના ફોટા પણ પોતાના મોબાઈલમાં પાડ્યા અને ધમકી આપી કે તમને તો હું જોઈ લઈશ !!

સજ્જને ધમકી આપી એટલે જવાનોએ પોલીસને જાણ કરી. એમને બીક લાગી કે આજકાલ ચોર કોટવાલને દંડે એ પ્રકારનો જ માહોલ ઉભો થયો છે. પોલીસ આવી. પુછપરછ થઈ. જાણવા મળ્યું કે ઠીક ઠીક સંપન્ન પરીવારનાં આ દંપતી દસેક વર્ષથી પરણેલાં છે. એમને બે સંતાનો છે. પરંતુ હવે પતીદેવને પત્નીના ચારીત્ર્ય પર શંકા આવવા લાગી છે અને ત્રાસ શરુ કર્યો છે. પત્નીની પણ ફરીયાદ હતી કે શ્રીમાન ઈતર ઓરત સાથે ગુટરગુ કરે છે પણ આપણા મહાન ‘સંસ્કારી’ દેશમાં ગુનેગાર તો ઓરત જ ગણાય ને ! સજ્જનો તો મારે, કુટે, ધક્કેલે અને એ બાપડીને કોઈ આપઘાત કરતી બચાવે તો એને ઠપકારે ! વાહ, ભારત !

### પરણ્યાં એટલે પ્રીઝનર, લાડી !

કહેવાને ખાતર તો લગ્નગીતમાં કહેવાયું છે કે પરણ્યાં એટલે પ્યારાં, લાડી; ચાલો આપણે દેશ રે... પરંતુ લાડીના ઘણાખરાં કીસ્સામાં એ ‘આપણે ઘેર’ એટલે સાસરીમાં જવલ્લે જ ‘પ્યારાં’ હોય છે. જે ઘરમાં, જે પરીવારમાં જન્મીને દીકરી ઉછરી એને છોડીને ઈતર ઘર - પરીવારમાં એણે ગોઠવાવું પડે છે. એ પરીવાર અગર ઉદારચીત્ત હોય તો તો ઠીક, નહીંતર એ છોકરી માત્ર શોષીત નોકરડી અને છોકરાં જણવાનું કારખાનું બનીને રહી જાય છે. વધારે ખરાબ તો એ છે કે કેટલાક મુર્ખ પરીવારો વહુને પીયર જવા દેતાં નથી. વહુ ‘પ્યારાં’ નહીં પણ પ્રીઝનર એટલે કે કેદી બનીને રહી જાય છે.

આવા કેટલાક કીસ્સામાં છોકરી એના પતીને અનુરોધ કરે છે કે આ જુલમગાર પરીવારથી, ચાલ, જુદાં થઈ જઈએ. પીડીત વહુની આ માગ કોઈક પતીદેવો સંતોષે છે; કોઈક નથી સંતોષતા ! વહુ સતત સંતાપ વેઠતી રહે છે.

પરંતુ જાન્યુઆરી, 2016ના અખબારમાં અમે સમાચાર વાંચ્યા હતા કે આ પ્રકારની બંધનગ્રસ્ત હાલતમાં આવી પડેલી એક બહેનને સર્વોચ્ચ અદાલતે છુટાછેડા આપ્યા. બંધનગ્રસ્ત સ્ત્રીઓએ આ ઉદાહરણ અનુસરવા જેવું છે.

છોકરી-દીકરીનાં લગ્ન અનેક પ્રકારની સ્થીતીઓ પેદા કરે છે. આજકાલ એક સંતાનથી સંતોષ માનનારાં દંપતીને એ એકમાત્ર સંતાન દીકરી હોય તો સંભવ છે કે ઘણું સહન કરવાનું આવે. એમની જરુરીયાતની વેળાએ એમની પાસે આવી પહોંચવાળી દીકરીને છુટ ન હોય તો જીંદગી દુશ્વાર બની શકે. આવાં લોકોએ દીકરીનાં લગ્ન બહુ દુર પણ કરવાં ન જોઈએ.

જે દંપતીને એકમાત્ર સંતાન દીકરી હોય એમની દીકરી લગ્ન જ ન કરે એવા અનેક કીસ્સા અમારા ધ્યાનમાં છે. પોતે લગ્ન કરીને જતી રહે પછી માબાપનું ધ્યાન રાખનાર અને ઘડપણમાં એમની સેવા કરનાર કોણ હોય, એવી આ દીકરીઓને ચીંતા રહે છે. અલબત્ત, આવું બલીદાન દેનારી દીકરીને જવલ્લે જ ખ્યાલ રહે છે. અલબત્ત, આવું બલીદાન દેનારી દીકરીને જવલ્લે જ ખ્યાલ રહે છે કે પોતે વૃદ્ધ થશે ત્યારે પોતાનું ધ્યાન રાખનાર કોઈ નહીં હોય. અલબત્ત, આ જરાક આડી વાત થઈ. મુળ મુદ્દો એ છે કે પરીણીતાને માટે પતીગૃહ પ્રીઝન યાને જેલ બનવું નહીં જોઈએ.

## તમારા બાળકને સ્કુટર પર લઈ જાવ છો ?

શહેરી મધ્યમ વર્ગના પરીવારોમાં બાળકોને દુર દુરથી 'સારી' ગણાતી શાળાઓમાં ભણવા મુકવાનો આગ્રહ હોય છે. આમ દુર ભણવા જતું બાળક સામાન્ય રીતે તો સ્કુલ વાનમાં કે સ્કુલ રીક્ષામાં જાય છે. પરંતુ વાન-રીક્ષાનાં ભાડાં હવે વધવા લાગ્યાં છે. ઘણા પરીવારોની યુવાગૃહીણી પોતાનાં એક યા વધુ સંતાનોને સ્કુટર પર બેસાડીને સ્કુલે મુકવા-લેવા જાય છે.

પરંતુ આ રીતે બાળકોને નીશાળે પહોંચાડવામાં મોટું જોખમ છે. અકસ્માત થઈ શકે છે અને બાળકનું મૃત્યુ થઈ શકે છે. અકસ્માતોના આંકડા મુજબ, ગત દાયકામાં હીન્દમાં માર્ગ- અકસ્માતોમાં 13 લાખ માનવી મર્યા છે. આનો અર્થ એ થયો કે આપણા દેશમાં દરરોજ 400 માનવી માર્ગ અકસ્માતમાં મરે છે ! ફરી કહીએ : દરરોજ 400 માનવી માર્ગ-અકસ્માતમાં મરે છે.

આમાં કેટકેટલાંય બાળકો હશે. અમારી લાગણી એક જ છે : આ બાળકોના પ્રાણ બચાવવા માટે માતાઓ વધુ સાવધ રહે; વધુ સલામત માર્ગો શોધી કાઢે છે. કમ-સે-કમ બાળકને પણ હેલમેટ પહેરાવીને સ્કુટર પર બેસાડે.

## ટ્રમ્પને સ્ત્રીઓ પસંદ કરતી નથી

અમેરીકાના લગભગ અઢીસો વર્ષની લોકશાહીના ઈતીહાસમાં પહેલી જ વાર એક કામુક, સ્ત્રી-દ્વેષી અને ધીક્કારધર્મી માણસની રાષ્ટ્રપતી તરીકે ચુંટણી થઈ છે. જમીનો-મકાનોનો સોદાબાજ, સૌન્દર્યસ્પર્ધાઓનો આયોજક, સુંદર સ્ત્રી દેખાતાં એને વળગી પડનાર અને એનાં ગોપનીય અંગો સાથે છેડછાડ કરનાર, મુસ્લીમોને ધીક્કારનાર, વીદેશથી અમેરીકા આવનારનો દ્વેષ કરનાર, અમેરીકાનું વૈશ્વીક આધીપત્ય ઠોકી બેસાડવા આતુર આ સજ્જનની ચુંટણીની વીશેષતા એ છે કે જનમત એને એનાં હરીફ બહેન કરતાં ખુબ ઓછો મળ્યો છે, પરંતુ વીવીધ રાજ્યોમાં જનપ્રતીનીધીઓને પટાવવામાં સફળતા મળી છે, અને એ દેશની વીચીત્ર ચુંટણી-પદ્ધતીને કારણે એની ચુંટણી થઈ છે. તા. 20 જાન્યુઆરી, (2017)ને દીવસે રાષ્ટ્રપતીપદ માટે એનો સોગંદવીધી થયો.

એ જ દીવસે અમેરીકાનાં કોડીબંધ નાનાંમોટાં શહેરોમાં લાખો લાખો સ્ત્રીઓએ સરઘસો કરીને ટ્રમ્પની ચુંટણીનો વીરોધ કર્યો. પાટનગર વોશીંગ્ટનમાં તો પાંચ લાખ ઉપરાંત સ્ત્રીઓએ (અને સાથે અનેક પુરુષોએ) વીરોધ - સરઘસ કાઢ્યાં, સુત્રો પોકાર્યાં અને સભાઓ ભરી. વૉશીંગ્ટનમાં તો વીરોધી દેખાવકારોના જાણે દરીયા હેલે ચડ્યા.

શું વીરોધનો આ જુવાળ જળવાઈ રહેશે ? શું સત્તાધારીઓને હાંસલ પાશવી બળ વડે વીરોધને કચડી નાખવામાં આવશે ? શું સત્તાધારીઓની સંકુચીત માનસીકતા સામે વૈચારીક આંદોલન ચલાવનારાઓનાં ખુન થશે ? કે પછી વીરોધ ક્રમશ: એટલો પ્રબળ બનશે કે ટ્રમ્પ રાજીનામું આપવા મજબુર થશે ? અમેરીકામાં એક વાર આવું બની ચુક્યું છે. લોકશાહીને અને અમેરીકન મુલ્યોને ન છાજે એવું વર્તન કરવા બદલ રીચાર્ડ નીક્સન નામના રાષ્ટ્રપતીને સંસદે પદભ્રષ્ટ કર્યો હતો. એ વેળા તો માત્ર વીપક્ષની જાસુસીનું આળ હતું. ટ્રમ્પ સામે સ્ત્રીઓ પ્રત્યેના દુર્વર્તાવનો આક્ષેપ છે.

❑

# કંઈક વીશેષ

## મહેન્દ્ર મેઘાણી

## મને ગમતાં વ્યક્તીત્વો

**રઈશ મણીઆર**

ભુતકાળ કે વર્તમાનકાળના મહામાનવોમાંથી કોઈ એકને હું મારો આદર્શ નથી માની શકતો એનાં બે કારણો છે.

એક જગ્યાને આસ્થાનું અને પ્રેરણાનું કેન્દ્ર બનાવવા કરતાં તો, દસેય દીશામાંથી આવતા પ્રવાહમાન વીચાર મને વધુ ગમે. આદર્શવાદી બનવા કરતાં મને સમન્વયવાદી બનવાનું ગમે. મારું કોઈ તારણ અંતીમ જ હોય, એવો મારો આગ્રહ નથી હોતો.

ઘણાં માનવોના જીવનની આસપાસ દેવત્વની આભા ઉભી કરાઈ છે. પણ અહોભાવ વગર, પ્રામાણીકતાથી લખાયેલા કોઈના પણ જીવનચરીત્રમાં આદર્શની સીદ્ધી મને અપુર્ણ જ લાગી છે. તેથી જે બે પ્રકારનાં વ્યક્તીત્વો મને ગમે છે તેની વાત કરું.

માનવીએ સદીઓની સફરમાં જે કાંઈ સીદ્ધ કર્યું તેમાં ઘણી જ્ઞાનવાન વ્યક્તીઓનો ફાળો છે. જ્ઞાન, કલા અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં કામ કરનારા એ સર્વે મહાનુભાવોને હું વંદું છું. આ દરેક વ્યક્તીવીશેષનું જીવન કશીક ઉણપથી ગ્રસ્ત હશે. છતાં એમના જીવનનાં ઉચ્ચતર ધોરણો મને નમ્ર બનાવે છે. મને ગમતાં આદર્શ વ્યક્તીત્વોનો આ પ્રથમ સમુહ છે.

પણ બુદ્ધીની દૃષ્ટીએ જે સામાન્ય હોય એવા લોકોમાંયે કશું આદર્શ હોઈ શકે ? જેવા મળ્યા એવા સંજોગોમાં, જેવા મળ્યાં એવાં સાધનોથી જીવનનો જંગ ખેલનાર સર્વે નાના કારીગરો મારા ખરા આદર્શ છે. એમની તસવીર કદી અખબારમાં આવવાની નથી. નાની નાની પ્રાપ્તી માટે ઝુઝનાર, નાના નાના આનંદોથી ઝુમનાર આ માનવબંધુઓ પાસેથી હું જીવવાનું બળ મેળવું છું. આમાંથી ઘણાં ભક્તીભરેલા કર્મયોગી જેવી સ્થીતપ્રજ્ઞતાથી કામ કરતા હોય છે. આ કોઈ દાનવીરો નથી. એ નીર્વાહ માટે જ કામ કરે છે. સૌને પોતાનો પરીવાર છે, તે નીર્વાહ માગે છે. આ બધાં સામાન્ય માણસો કોઈ લાઈબ્રેરીમાં ગયાં નથી કે સત્સંગમાં બેઠાં નથી. છતાંય સભર જીવનની ફીલોસોફીને આત્મસાત્ કરીને બેઠેલાં આ સૌ અનામી બંધુઓ મને ગમે છે. એમની પાસેથી પ્રેરણા લેવાનો પ્રયાસ હું કરતો રહું છું.

મોચી, સુથાર, વાળંદ, સફાઈ કામદાર... ઝુઝતી છતાં ઝુમતી સામાન્યતાની આ ધજાઓને મારાં વંદન.

[‘મારા જીવનનો આદર્શ’ પુસ્તકમાંથી ટુંકાવીને. **મારા જીવનનો આદર્શ** : સંપાદક અંકીત ત્રીવેદી, રૂ. 300, પાનાં 263.]

## સચ્ચરીત્ર અને ખડતલ

**અરુણ મ. વૈદ્ય**

1955નું વર્ષ, અમદાવાદની ગુજરાત કોલેજ, સમગ્ર ગુજરાતના તેજસ્વી વીદ્યાર્થીઓ આ કોલેજમાં ભણવા ઈચ્છે. દીવાળી પછી નવેમ્બરમાં કોલેજનું બીજું સત્ર શરુ થયું ત્યારે એક નવા પ્રાધ્યાપક જોડાયા. ખાદીનાં કફની-લેંઘો અને ઉપર જાકીટ, એ ગણીતના આ પ્રાધ્યાપકનો પહેરવેશ. ઘેરથી કોલેજ સાયકલ પર જ આવે.

પ્ર. ચુ. વૈદ્ય કસાયેલા પડછંદ શરીરવાળા હતા. ગુજરાતી, હીંદી અને અંગ્રેજી ભાષાઓ પર એકસરખું પ્રભુત્વ ધરાવતા વક્તા હતા. તેમણે આઈન્સ્ટાઈનના અટપટા સાપેક્ષવાદના સીદ્ધાંતમાં મૌલીક સંશોધન કરીને વીશ્વભરમાં એ ક્ષેત્રના અભ્યાસીઓમાં માનભર્યું સ્થાન મેળવ્યું હતું. ભવીષ્યમાં વૈદ્યસાહેબ યુવાનોના માનીતા નેતા બની રહેવાના હતા. ગણીત જેવા અળખામણા ગણાતા વીષયમાં તેઓ એક એવું ગુજરાતી સામયીક સ્થાપવાના હતા. જેને આજે પચાસ વર્ષ પછી પણ વધુ ને વધુ વાચકો મળતા રહ્યા છે. તેઓ ગુજરાત યુનીવર્સીટીના કુલપતીપદે, ગાંધી વીદ્યાપીઠ (વેડછી)ના કુલપતીપદે તેમજ કેન્દ્રસ્થ લોક-સેવા આયોગના સભ્યપદે રહી પોતાની સંચાલન શક્તીનો પરીચય આપવાના હતા.

વૈદ્યસાહેબનો જન્મ 1918માં જે પરીવારમાં થયો તેમાં તેમના પીતા ચુનીલાલ, માતા નીર્મળબહેન, મોટા ભાઈ મધુસુદન તથા બહેન મનોરમા હતાં. પીતામહ મોનજી વૈદ્ય પણ એમની સાથે રહેતા હતા. વૈદ્ય પરીવાર સંસ્કારની દૃષ્ટીએ સમૃદ્ધ પણ આર્થીક દૃષ્ટીએ સામાન્ય હતો.

મોનજી વૈદ્યના મોટા પુત્ર મધુસુદન આ લેખકના પીતા થાય. નાના પુત્ર એટલે આ જીવનકથાના નાયક પ્રહ્લાદરાય. પીતાની નોકરી દામનગર (જીલ્લો અમરેલી) હતી. ત્યાંથી કેટલીક બદલીઓ પછી 1923માં વૈદ્ય પરીવાર ભાવનગર રહેવા આવ્યો. એ અરસામાં એક રહસ્યમય વ્યક્તીએ ભાવનગરમાં પ્રવેશ કર્યો. તે પોતાને સ્વામીરાવ તરીકે

ઓળખાવતી. તે હીંદીભાષી હતા ને કસરતી દેહ ધરાવતા હતા. એમણે ભાવનગરમાં એક અખાડો શરુ કર્યો. ભાવનગર માટે આ એક નવી જ પ્રવૃત્તી હતી. ગણેશ ક્રીડા કેન્દ્ર નામનાએ અખાડામાં યુવાનો મોટી સંખ્યામાં જોડાવા લાગ્યાં. નાનો પ્રહલાદ સાતેક વરસનો હશે ત્યાં જ અખાડાનો સભ્ય થઈ ગયો. પછી સ્વામીરાવનો માનીતો શીષ્ય બની ગયો.

પ્રલ્લાદભાઈના પ્રથમ આદર્શ પુરુષ તો તેમના પીતા ચુનીલાલ જેમને અમે કાકાભાઈ કહેતા. એમના બીજા આદર્શ પુરુષ કદાચ સ્વામીરાવ; તે ખરેખર તો બ્રીટીશ કેદમાંથી નાસી છુટેલા ક્રાંતીકારી હતા, જેમનું અસલ નામ પૃથ્વીસીંહ આઝાદ હતું. તે પંજાબી રજપુત હતા. પીતાએ પ્રલ્લાદભાઈને સચ્ચરીત્ર અને વીદ્યાના સંસ્કાર આપ્યા, તો સ્વામીરાવે તેમને ખડતલ બનાવ્યા.

[અરુણ મ. વૈદ્યે લખેલા પ્ર. ચુ. વૈદ્યના જીવનચરીત્ર **'આપણી મોંઘેરી ધરોહર'**માંથી કરેલી તારવણી]

## મારા જીવનનો આદર્શ

**જયવંતી મહેતા**

આજે મારો આદર્શ છે પથારીવશ. નથી બોલતા કે નથી ચાલતા, નથી આંખો ઉઘાડતા, નથી ઓળખતા; નથી સંવેદનાઓ, નથી જીવનનાં બંધનો. ફક્ત છે શરીરમાં પ્રાણ. એક શ્રેષ્ઠ વક્તાને ઈશ્વરે મૌન બનાવી દીધા છે.

અટલજીનો જન્મ 25 ડીસેમ્બર, 1924ને દીવસે. 1939થી તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયા, 'રાષ્ટ્રધર્મ' માસીકના સંપાદક બન્યા. વક્તા બન્યા. એકવાર સંઘની શાખામાં તેમને પુછવામાં આવ્યું કે, તમારો પરીચય શું ? ત્યારે અટલજીએ ગાયેલું : 'હીન્દુ તન-મન, જીવન, રગરગ, હીન્દુ મેરા પરીચય.'

શ્યામાપ્રસાદ મુખર્જીએ 1951માં ભારતીય જનસંઘની સ્થાપના કરી તેના અટલજી સ્થાપક સદસ્ય બન્યા. 1953માં એ પહેલીવાર સાંસદ બન્યા. જવાહરલાલ નેહરુનું અવસાન થયું, ત્યારે અટલજીએ રાજ્યસભામાં શોકાંજલી આપતાં કહેલું :

*"એક સપના થા, જો અધુરા રહ ગયા. એક ગીત થા જો ગુંગા હો ગયા. એક લૌથી જો અનંતમેં વીલીન હો ગઈ. સપના થા એક ઐસે સંસાર કા જો ભય ઔર ભુખસે રહીત હોગા. ગીત થા એક ઐસે મહાકાવ્યકા જીસમેં 'ગીતા'કી ગુંજ ઔર ગુલાબ કી ગંધ થી, લૌ એક ઐસે દીપકકી જો રાતભર જલતા રહા, હર અંધેરેસે લડતા રહા.*

*"કલ કંચનકી જીસ કાયાકો હમ ચંદન કી ચીતા પર ચઢા કર આયે, ઉસકા મૌત નીશ્ચીત થા. લેકીન ક્યા યહ જરુરી થા કી મૌત ઈતની ચોરીછુપે આતી ? જબ સંગી સાથી સોએ હુએ થે, જબ પહરેદાર બેખબર થે. હમારે જીવન કી અમુલ્ય નીધી લુટ ગઈ. ભારતમાતા કા સબસે લાડલા રાજકુમાર છીન ગયા. માનવતા કા પુજારી સો ગયા. વીશ્વકે રંગમંચકા પ્રમુખ અભીનેતા અપના અંતીમ અભીનય દીખાકર અંતરધ્યાન હો ગયા. વહ શાંતી કે પુજારી થે, કીંતુ ક્રાંતી કે અગ્ર દુત થે.*

*"સંસદ મેં ઉનકા અભાવ કભી નહીં ભરેગા. વહ વ્યક્તીત્વ, વહ જીંદાદીલી, વીરોધી કો ભી સાથ લેકર ચલને કી વહ ભાવના, વહ સજ્જનતા, વહ મહાનતા શાયદ નીકટકે ભવીષ્યમેં દેખને કો નહીં મીલેગી. મતભેદ હોતે હુએ ભી, ઉનકે મહાન આદર્શોકે પ્રતી, ઉનકી પ્રામાણીકતા કે પ્રતી, ઉનકી દેશભક્તી કે પ્રતી, ઉનકે અટુટ સાહસ ઔર દુર્દમ્ય ધૈર્ય કે પ્રતી હમારે હૃદય મેં આદર કે અતીરીક્ત ઔર કુછ નહીં. ઈન શબ્દોં કે સાથ ઉસ મહાન આત્મા કે પ્રતી વીનમ્ર શ્રદ્ધાંજલી અર્પીત કરતા હું."*

1980માં ભારતીય જનતા પક્ષની સ્થાપના થઈ. તેના પહેલાં અધ્યક્ષ અટલજી બન્યા, 1998માં દેશના વડાપ્રધાન બન્યા. 1998માં બીજીવાર અને 1999માં ત્રીજીવાર પ્રધાનમંત્રી બન્યા.

[**'મારા જીવનનો આદર્શ'** પુસ્તકમાંથી ટુંકાવીને સંપાદક અંકીત ત્રીવેદી. રૂ. 300, પા. 263]

## તો પછી સ્વાધીનતા સલામત નહીં રહે.

**અરુણ શૌરી**

કટોકટી દરમીયાન જે જંગલનો કાયદો ચાલ્યો તે માટેની જવાબદારી એકલી ઈંદીરા ગાંધીની નથી. સેંકડો ને હજારો તેમાં ભાગીદાર છે. જે કાંઈ બની ગયું તેમાં પોતાની જવાબદારી વીશે સરકારી નોકરોને, પોલીસને અને સરેરાશ નાગરીકને સુધ્ધાં સભાન બનાવવામાં નહીં આવે, તો હવે પછીના સીતમગરને કશી મુશ્કેલી પડશે નહીં. 1975ના 25મી જુનની એ રાત્રીએ દીલ્લીમાં માત્ર 67 માણસોની ધરપકડ થયેલી, હરીયાણામાં ફક્ત 70ની, આખા આંધ્ર રાજ્યમાં 11ની જ. અને છતાં એ પાટનગર ને એ રાજ્યો શબવત્ બની ગયાં. કેટલું બધું સહેલું હતું એ ! હવે પછીનો જુલમગાર એ પાઠ નહીં ચુકે. અને આપણી પ્રજા જો એવી સશક્ત બનશે નહીં કે માત્ર 70 કે 11 જણને ઝડપી લેવાથી લાખો ને કરોડો લોકો મડદાં જેવાં બની જાય નહીં, તો પછી સ્વાધીનતા સલામત નહીં રહે.

['અરધી સદીની વાચનયાત્રા'માંથી] ❑

# નવું વાચન

***આપણાં સંતાનો :*** *સંપાદક - મહેન્દ્ર મેઘાણી, લોકમીલાપ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર-364001, મુલ્ય : રુ. 35, 100 નકલ : રુ. 25 લેખે [+રવાનગી ખર્ચ]*




અરધી સદીની વાચનયાત્રાનાં 4 ભાગનું પ્રકાશન લોકમીલાપનું ગુજરાતને ઉત્તમ યોગદાન છે. ગુજરાતી સાહીત્યનો એ અખુટ ખજાનો છે. એમાંથી રોજેરોજની વાચનયાત્રા, આપણાં બા પુસ્તીકા ઉપરાંત મીલાપની વાચનયાત્રા 1950થી 1961 પુસ્તક / DVD રુપે પ્રગટ થયાં. આ તમામ સાહીત્યે ગુજરાતી વાચકોનો રસ પુર્વવત્ કેળવ્યો છે અને શીષ્ટ વાચન પીરસ્યું છે. અહીં તોશીયો ઈશી -યાએનો કાવાઈ જેવાં વીદેસી કીશોર-કીશોરીથી લઈને એબ્રહામ લીંકન, લીયો તોલ્સતોય વગેરે વીદેશી લેખકો; પુ. લ. દેશપાંડે, ક્ષીતીમોહન સેન, કાકા કાલેલકર વગેરે ભારતનાં જાણીતા લેખકોનાં પ્રેરણાદાયી લખાણોનો રસથાળ 96 પાનાંમાં પીરસ્યો છે... આજે વાલીઓ સંતાનોને પરીક્ષાર્થી બનાવીને શીક્ષણને બોજારુપ બનાવે છે. પુસ્તીકામાંથી ભુપત વડોદરીયાનો લેખ 'શીખરો સર કરવાની તાલાવેલી'માંથી ઉદાહરણરુપે એક અંશનું આચમન કરીએ :

*"આપણાં બાળકો પરીક્ષામાં આગળનો નંબર સીદ્ધ કરે તેનાથી આપણે પોરસ અનુભવીએ છીએ, અને તેની આગળ ઉપરની જીંદગીની સફળતાની આ ગેરંટી હોય તેવા ભ્રમમાં રાચીએ છીએ. સાચી વાત એ છે કે આંકડા ને માહીતીનાં ભુંગળાંનાં ભુંગળાં જાદુગરની અદાથી ગળામાં ગયેલો વીદ્યાર્થી જીવનના ખરેખરા જંગ વખતે આમાંથી કશું ઉપયોગમાં લઈ ના શકે, તેવું બને છે...*

*"જેમણે સાહીત્યમાં નામ મેળવ્યું, વીજ્ઞાનની નવી શોધો કરી, ઉદ્યોગો સ્થાપ્યા, એ બધા લોકો ભણવામાં અચુક હોશીયાર નહોતા. કેટલાક જરુર ભણવામાં પણ હોશીયાર હશે, પરંતુ તેમની સીદ્ધીની સગાઈ તેમના ભણતર સાથે જ નહોતી. તેમની સફળતાના પાયામાં તેમની હૈયાઉકલત, તેમનો ઉદ્યમ, તેમની લગન અને તેમનું ધૈર્ય હતું."*

***શીક્ષણ થકી સશક્તીકરણ :*** *બીરેન કોઠારી, સાર્થક પ્રકાશન, www.sarthakprakashan.com. મુખ્ય વીક્રેતા : બુક શેલ્ફ, 16, સીટી સેન્ટર, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-380009, મુલ્ય : રુ. 50.*



ઉચ્ચ શીક્ષણને ગામેગામની યુવતીઓ સુધી લઈ જવાના સફળ પ્રયાસનું આ પુસ્તીકામાં આલેખન કરવામાં આવ્યું છે. વાત છે નડીયાદની સુરજબા મહીલા આર્ટ્સ કોલેજની. આચાર્ય હસીત મહેતાએ આ કોલેજનું આચાર્યપદ સંભાળ્યા પછી કોલેજમાં વીદ્યાર્થીનીઓની સંખ્યા સતત વધી રહી હતી. આમ તો આર્ટ્સ-કોમર્સ કોલેજના વળતાં પાણી છે. યુનીવર્સીટી કક્ષામાં અનુસ્નાતક કક્ષાએ આંગળીના વેઢે ગણી શકાય એટલા અભ્યાસુઓ મળે છે. લેખકે કોલેજના અધ્યાપકો સાથે નીરાંતે બેઠક કરી અને સંખ્યા-વધારાની પ્રક્રીયાનું દસ્તાવેજીકરણ કરવાનું નક્કી કર્યું. સામાજીક - આર્થીક કારણસર યુવતીઓ બારમા ધોરણ પછી અભ્યાસ પડતો મુકી દે છે તેના કારણોમાં ગામેગામ ફરીને વીદ્યાર્થીનીઓ અને તેમના કુટુંબીજનોની મુલાકાત અધ્યાપકો અને તેમની ટીમે લીધી. ફોર્મ ભર્યાં, તો જોવા મળ્યું.

*"એક-એક ફોર્મ આગવી સંઘર્ષકથા સમાન હતું. તેમાંથી વર્તમાન સમાજનો વાસ્તવીક ચહેરો ઉપસતો હતો. કોલેજનો અલાયદો કશો દાવો ન હોવા છતાં, તેમાં મોટે ભાગે દલીત, વંચીત, ઉપેક્ષીત, મોટે ભાગે હાંસીયાની બહાર ધકેલાયેલા સમાજની યુવતીઓની અને તેમના પરીવારોની વીગત હતી. એ સૌ વચ્ચે સામ્ય હોય તો વીષમતાનું અને ઉચ્ચ શીક્ષણના અભાવનું."*

આવા ઉપયોગી સર્વેક્ષણો આપણે ત્યાં ઓછા થાય છે. સંસ્થાએ સર્વેક્ષણ આધારે વીશેષ પ્રયાસો હાથ ધર્યાં અને પરીણામે કોલેજનો લાભ 700 ઉપરાંત વીદ્યાર્થીનીઓ (બહુધા ગ્રામવીસ્તારની) લઈ રહી છે... શીક્ષણ થકી જ સાચું સશક્તીકરણ થઈ શકે છે તે હકીકત છે.

લેખક, પ્રકાશક તથા કોલેજના સંચાલકો-અધ્યાપકો અને તેમની ટીમને ધન્યવાદ. ઉચ્ચ શીક્ષણક્ષેત્રે પ્રવૃત્ત દરેક માટે ઉપયોગી પુસ્તક.

***સંવાદ :*** *લેખક - ગણેશ દેવી, નવભારત સાહીત્ય મંદીર અને સાહચર્ય પ્રકાશન. પ્રાપ્તીસ્થાન : 134, પ્રીન્સેસ સ્ટ્રીટ, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-400002, મુલ્ય : રુ. 250.*

આશરે અઢીસો પેજના આ ગ્રંથમાં પાને-પાને પ્રા. ગણેશ દેવીના કાર્ય અને ચીંતનનો નીચોડ છે. પ્રા. દેવી

*2002ના રમખાણો પછી બરાબર 100મા દીવસે પ્રા. દેવી સાથે જાણીતા સાહીત્યકાર મહાશ્વેતા દેવી અમદાવાદની મુલાકાતે આવેલાં. કોમી રમખાણ પછી ગુજરાતી સાહીત્ય પરીષદમાં યોજાયેલી એ પહેલી બેઠક...*




અત્યંત સંવેદનશીલ બૌદ્ધીક અને કર્મશીલ છે. એમના કાર્યમાં આદીવાસીઓ, વીચરતી-વીમુક્ત જાતીઓ અને હાંસીયામાં ધકેલાઈ ગયેલાં સમુદાયો છે, આ વર્ગો માટેની એમની નીસ્બત સાચા દીલની છે. યુવા આદીવાસીઓ સાથે તેજગઢમાં આદીવાસીઓ સાથે કલાકો સુધી સંવાદ સાધીને, આદીવાસીઓની દૃષ્ટીએ વીકાસ એટલે શું એની મથામણ કરેલી; પછી 'વીકાસ વીચાર' પુસ્તીકા છાપેલી તે 'નયા માર્ગ'માં વર્ષો અગાઉ છપાઈ છે. ગણેશ દેવી ગુજરાત અને દેશ બહાર પણ એમનાં કાર્યોથી જાણીતા છે. વર્ષો સુધી મ. સ. યુનીવર્સીટીમાં અને ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટમાં અંગ્રેજી વીષયમાં અધ્યાપન કાર્ય કર્યું. અગાઉ એમણે શ્રી અરવીંદની કવીતા અને ફીલોસોફી પર ડૉક્ટરેટ કર્યું. તેઓને પદ્મશ્રી ઉપરાંત દેશ-વીદેશનાં અનેક એવોર્ડ મળ્યાં છે. પ્રા. દેવીને મળવાનું થાય તો ખુબ સૌમ્ય પ્રકૃતીના વીદ્વાન હોવાની છાપ પડે પરંતુ તેમની પ્રતીબદ્ધતા જબરદસ્ત અને મક્કમ. 2002ના રમખાણો પછી બરાબર 100મા દીવસે પ્રા. દેવી સાથે જાણીતા સાહીત્યકાર મહાશ્વેતા દેવી અમદાવાદની મુલાકાતે આવેલાં. કોમી રમખાણ પછી ગુજરાતી સાહીત્ય પરીષદમાં યોજાયેલી એ પહેલી બેઠક... જોકે અહીં એની ચર્ચા નથી કરવી.

પ્રા. ગણેશ દેવી લોકશાહીના નખશીખ પુરસ્કર્તા છે. યુવાવર્ગ સાથે સતત સંવાદ કરતા રહે છે. તેજગઢમાં મકાનોનું નીર્માણકાર્ય નહોતું થયું ત્યારે રોજ ટ્રેઈનમાં આવ-જાવ કરે અને આદીવાસીઓ સાથે ગોષ્ઠી કરે, સમસ્યાઓ સમજે અને તેનો હલ શું હોઈ શકે તેના તારણ પર સહુ કોઈ આવે. પોતાના વીચારો લાદે નહીં, ખુબ અભ્યાસ હોવા છતાં ! પુસ્તકમાંથી કેટલુંક :

• *થોડા વર્ષો પહેલા આપણે ત્યાં ભાષા કેન્દ્રએ ચલાવેલી નીશાળની એક છોકરીને તીરકામઠાં હરીફાઈમાં ગુજરાત રાજ્ય સ્તરે પ્રથમ નંબરનું ઈનામ મળ્યું હતું. સાતમા ધોરણમાં ભણતી આ છોકરીએ પહેલા બે-ત્રણ મહીના તીરકામઠું ચલાવવાનું પ્રશીક્ષણ લીધું હતું... 'મહેનતનાં ફળ મીઠાં' એવું કહેવામાં આવે છે, તે સાચું જ છે !*

• *દોસ્તો, તમારા હાથમાં જે 'બોલ' નામનું પુસ્તક છે એ કમ્પ્યુટર દ્વારા બનાવેલ છે... હવે કોમ્પ્યુટર આપણા આદીવાસી બાળકોના હાથમાં આવી ગયું. હવે પછી ક્યારેય છોડવાનું નહીં. તો જ જમાના સાથે આપણે પણ આગળ વધતા રહીશું.*

• *શોષીત, પીડીત, વંચીત અને ભુખ્યા જનસમુદાય પ્રત્યે સહેજ પણ અનુકંપા હોય, ઉત્પાદન કરતાં શ્રમીકો માટે જરા પણ લાગણી હોય અને ભારતના વારસા અને કુદરતી સાધનો પ્રત્યે જેને સદ્ભાવ હોય તેવી દરેક વ્યક્તીને આજે ચીંતન કરવું રહ્યું કે અમર્યાદ લોભ-લાલસાવાળાઓના સકંજામાંથી દેશને કેવી રીતે છોડાવવો.*

• *આદીવાસી એકેડમીના આરંભના કાળમાં જે અભ્યાસક્રમ યોજાયા હતા તેમાં એક અભ્યાસક્રમ આદીવાસીના વીકાસને લગતો રહ્યો હતો અને બીજો અભ્યાસક્રમ આદીવાસી કલા અને સંસ્કૃતીને ધ્યાનમાં રાખી ઘડ્યો હતો... મારાં ગયા બાર વરસના કાર્યમાં એક વાત સારી રીતે હું શીખ્યો છું, 'વીચારથી શરુઆત કરવી, કૃતીથી વીચાર પ્રકટ કરવા અને દરેક કૃતી ઝુંબેશના બને ત્યાં સુધી પ્રયત્નશીલ રહેવું.' ત્યાર પછી સમાજ બદલાશે.*

• *વીકાસને અંત હોતો નથી. વ્યક્તી, કુટુંબ કે સમાજ વીકાસના દરેક તબક્કે નવા ધ્યેયો નક્કી કરે છે; કરવા જોઈએ, તો જ વીકાસ થતો રહેશે. જેમ નદીનો સ્વભાવ વહેતાં રહેવાનો છે, એવું વીકાસનું પણ છે.*

• *વીચાર એટલે વીકાસ વીવેક એટલે વીકાસ. આત્મ-નીર્ભરતા વગર, પોતાના પગે ઉભા રહ્યા વગર વીકાસની વાત કરવી પણ યોગ્ય નથી... વીવેક અને વીચાર એટલે વ્યસનથી મુક્ત થવું.*

• *આપણી દોડ સમય સાથે છે. સમય આપણાથી તાકાતવાન છે અને દોડશે અને એક ક્ષણ એવી આવશે કે આપણી તાકાત પુરી થશે. આપણે ત્યાં ઉભા રહેવાનું. એટલે જ્યાં સુધી ચલાય, ચાલવાનું અને ન ચલાય ત્યારે ઉભા રહેવાનું. સમય ચાલતો રહેશે. દુનીયા તો ચલતી રહેગી, યહી રીયાલીટી કા ફાઉન્ડેશન હૈ, એટલે મૃત્યુનો ભય નથી.*

નીસબત ધરાવતા સહુ બૌદ્ધીકો અને કર્મશીલોએ વાંચવા-વસાવવા જેવું પુસ્તક... ગણેશ દેવીને છેલ્લે 2016માં દાંડીકુચ વખતે મળવાનું થયું. ત્યારે જ મને 'હાર્ટ'માં પીડા થઈ હતી. પછી મળાયું નથી... પરંતુ પ્રા. દેવી કોઈ મઠાધીશની જેમ આદીવાસી એકેડમીમાં બીરાજમાન નથી... હવે 'દક્ષીણાયન'ના ઉપક્રમે કોમી સંવાદીતા તેમજ વંચીતો અને હાંસીયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના કલ્યાણ માટે કાર્યરત છે... અને હા, લેખનકાર્ય તો ખરું જ.

- ઈ૦

❑

# પત્ર-સાર

'વતન ઉર્ફે તમાચાથી ચા-પાણી સુધીની 47 વર્ષની સફર' બે ભાગનો ગણપતલાલ મગનલાલ પરમારનો લેખ... ક્ષણભર તમાચો ભુલી ગયા અને ચાની ચુસકી લેતા પોતાના 47 વર્ષની સફરનું પંચનામુ લખતા રહ્યા. લેખ ખરેખર ગમ્યો. નીખાલસપણે પોતાના વતનની સીધી-સાદી-સરળ ભાષા. અણગમો નહીં, તીરસ્કારની ભાવના નહીં, નફરત નહીં, કડવાશ નહીં. છતાંય છેલ્લે રોહીત અને વાલ્મીકી સમાજ પ્રત્યે ગામના લોકોની ભેદભાવની ગાંઠનો અફસોસ વ્યક્ત કર્યો. સમય જતાં આ ગાંઠ પણ છુટી જશે.

વરસો પહેલાં અમદાવાદમાં સાહીલ સાથે ભેટો થયો હતો (આજે પણ અસ્પષ્ટ રીતે ચહેરો ઉભરી આવે છે). સાહીલની કવીયાત્રાની વીશેષ ઓળખ આ લેખમાં મળી. બાકી આમ તો, 'નયા માર્ગ'માં એમની કવીતાઓ વાંચવા મળી છે. સાહીલ લખતા રહેજો, હું વાંચતો રહીશ...

**- સુભાષ પાળેકર**

[વડોદરા (મો) 99983 45602]

ટી. વી. ચેનલો પર અવારનવાર જુદા જુદા પક્ષોના પ્રવક્તાઓની ચર્ચાસભા ગોઠવાતી હોય છે. તેમાં જે વાર્તાલાપ થતો હોય છે તે એટલી નીમ્ન કક્ષાનો હોય છે કે જોનાર-સાંભળનારનું માથું ફરી જાય. ચર્ચામાં 'કુતરું તાણે ગામ ભણી અને શીયાળ તાણે સીમ ભણી' એવો માહોલ સર્જાતો હોય છે. હા, વરીષ્ઠ પત્રકારો જો જોડાયા હોય તો ચર્ચા માણવા જેવી ખરી. કોક નેતાની પોલ ખોલવાની વાત આવે ત્યારે તે નેતાના પક્ષ-પ્રવક્તા બચાવ માટે કુદી પડે છે અને મોટે મોટે અવાજે ઘાંટા પાડી આખી ચર્ચાને ખોરંભે પાડી દે છે. કોક પ્રવક્તા ભલે આગલે દીવસે જ પક્ષપલ્ટો કરી નવા પક્ષમાં જોડાયા હોય તોયે તે તેના આ નવા નેતાના બચાવમાં પણ આમ જ કુદી પડશે. આપણે શું સમજવું ? આવા સમયે એંકર બીચારા બની જાય છે. જો કે તેની કોઈ મજબુરી હશે. આવી ચર્ચાઓ જોવા-સાંભળવા જેવી ખરી ?

**- મણીભાઈ યુ. પટેલ**

[સુરત (મો) 9998002488]

વેપાર જગતમાં આગવી ઓળખ ઉભું કરનાર ગુજરાત આર્થીક ગુનેગારો માટે સ્વર્ગ સમાન બની ગયું છે એવો ઢંઢેરો પીટવો, સ્ત્રીશોષણ કરતા નરાધમ સત્તાધીશોને ગુજરાતમાં ઉની આંચ આવતી નથી એમ કહીને શાસક પક્ષના ધજાગરા ઉડાડવા, ભ્રષ્ટાચારીઓને લેમ્પ પોસ્ટ પર ફાંસીએ લટકાવી દેવા જોઈએ એવી ડંફાસ મારવી, ચીટ ફંડના કૌભાંડી અને ચુંટણીની ટીકીટ વેચનારા હીસાબ માગી રહ્યા છે એમ કહીને વીરોધીઓને લબડધક્કે લેવા, બેન- બેટીઓની આબરુ લુંટવા માટે ટેન્ટ સીટી બનાવનાર અને ચાલ-ચરીત્ર-ચહેરાની વાતો કરનાર મંત્રીઓની સેક્સ સીડીઓનું જાહેર પ્રદર્શન કરવાની ધમકી ઉચ્ચારવી, પોતાની માલીકીની કોઈ કાર નહીં ધરાવનારા નેતા ઉદ્યોગપતીઓના પ્લેનો અને હેલીકોપ્ટરોમાં ફર્યા કરે છે એવું કહીને અણગમતા નેતાને આડે હાથે લેવા, ચુંટણી લડતાં પહેલાં અગર અદાલતમાં શરણાગતી સ્વીકારતા પહેલાં પક્ષના દીવંગત નેતાની સમાધીની મુલાકાતે જઈને ધ્રુસકે ધ્રુસકે રડવું... આદી લપ્પનછપ્પન, અધમાચાર, ગઠીયાવેડા, શયતાનીયતથી ભરપુર દૃશ્યો હાલના રાજકીય ક્ષેત્રે દેખાય છે.

**- જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

[અમદાવાદ (મો) 8980 00 3681]

16/2ના અંકમાં અરુણ શૌરીની મુલાકાત દેશની વર્તમાન હાલત અંગેની રજુઆત ચીંતાજનક છે. ત્યારે શું કરીશું ? મોદી એકલા મનમાની કરી રહ્યા છે. મોદીને દીલ્હીની ગાદી ઉપર મતદારોએ બેસાડ્યા છે. ટ્રમ્પને પણ અમેરીકાના મતદારોએ અમેરીકાનું સુકાન સોંપ્યું છે. મોદી અને ટ્રમ્પ ભારત-અમેરીકાની લોકશાહીને ઠોકશાહી બનાવી રહ્યા છે. ભારતમાં મોદીનો વીરોધ દમ વીનાનો છે. ઈન્દીરાનો વીરોધ થયેલો. ઘણા લોકો જેલમાં ગયેલા, છુટ્યા અને ઈન્દીરા હાર્યા. પણ પાછા સત્તા પર આવી ગયા ! જયપ્રકાશજીની મહેનત અર્ધી સફળ થઈ પરંતુ પાછા હતા ત્યાં ને ત્યાં ! આવું કેમ થાય છે ? ભારતમાં લોકશાહી -ચાહકો સતત જાગ્રત રહેતા નથી. મતદારો-નાગરીકોનું લોકશાહી અંગે ઘડતર થતું નથી. આચમન (પૃ. 29)માં લખાયું છે : આજે કલમવીર અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, શીક્ષણવીદ્ અને સાહીત્યકારો ખરી સમસ્યાઓનાં મુળીયા સુધી પહોંચી શકતા નથી. આ બધાને પહોંચી વળવા માટે મોટા ગજાના કથાકાર કહે છે, 'તમામ સમસ્યાનો ઉકેલ રામનામ સ્મરણ કરવામાં રહેલો છે.' શું આપણે આ ઉપાય અપનાવશું ? મોદી-શાહ આખા દેશને ઉપરતળે કરે તેથી આ બે જણા જોરાવર છે તેવું સાબીત થાય છે ? જો આપણામાં ખામીઓ હોય તો તમામ રાષ્ટ્ર - માનવ - લોકશાહી પ્રેમીઓએ દેશ અને સમાજના

ભલા માટે એક મુદ્દા પર એકમત થવું જોઈએ... લાતોં કે ભુત બાતોં સે ન માને ! થોડી વાર પ્રેમને એક કોર મુકીને કામ કરવું જોઈએ... વાતો બહુ થઈ હવે તો વહેવારમાં લાવવું જોઈએ. વાતોથી વડા ન થાય, કડાઈમાં તેલ મુકવું જોઈએ !

**- કાંતીલાલ છ. ભુત**

[રાજકોટ (મો) 98985 17718]

16/2ના અંકમાં યશવન્ત મહેતાએ સારી માહીતી આપી છે. 'ભુમીપુત્ર'ના વયસ્ક વાચક તરીકે જગદીશભાઈની વીદાયથી દુઃખ અનુભવ્યું, તમે યથોચીત અંજલી આપી છે તેમાં સુર પુરાવું છું. 'માધુકરી'માં સારા લેખો વાંચવા મળ્યા.

**- બાબુલાલ ગોર**

[ભુજ(મો) 9427407432]

સત્ય અને વાસ્તવીક વાત રજુ કરવાની 'નયા માર્ગ'ની હીંમતને લાખ લાખ સલામ કરું છું. આજે મોટાભાગનું મીડીઆ જગત પૈસાના જોરે ખરીદાઈ રહ્યું છે તેવા વીપરીત સમયમાં 'નયા માર્ગ' અમારા જેવા યુવાનો માટે પ્રેરણારુપ છે. દેશમાં સ્વચ્છતા અભીયાનની સાથે જ ટોચના વડીલો માટે સ્વસ્થ માનસનું અભીયાન ચલાવવું જરુરી છે. આપણે વીશ્વાસ મુકીને ચુંટેલા વડીલો સંસદ - ધારાસભામાં જે ધમાલ મચાવે છે તે જોઈને એક નાગરીક તરીકે દુઃખની લાગણી અનુભવાય છે. શું આનું નામ જ આઝાદી છે ? પ્રજાના ભરોસાનું આ વળતર ? જેનો રાજા નબળો એની પ્રજા પાસે શું અપેક્ષા રાખી શકાય ?

**- દેવચંદ સાવલીયા**

[અમરેલી (મો) 94269 65234]

ગુજરાતના પંચમહાલ, છોટાઉદેપુર અને મધ્યપ્રદેશના અલીરાજપુર વીસ્તારના 'રાઠપ્રદેશ'માં વર્ષોથી આદીવાસી પ્રજા પોતાની માનતા પુરી કરવા પાવાગઢ પાસેના ચેલાવાડાના બાબાદેવ મંદીરે બલી અને તાડી ચઢાવવા અને પ્રસાદ તરીકે તેને આરોગવાની પ્રથા છે તેવું નથી. સમગ્ર રાઠ વીસ્તારના ગામે-ગામ બાબાદેવના સ્થાનક એક ઝાડ નીચે હોય છે. ત્યાં પણ માનતા પુરી કરવા બલી ચઢે છે. હા, જે લોકો કબીરપંથી, સ્વામીનારાયણપંથી, સંતપરંપરાપંથી અને બૌદ્ધધર્મી છે. તેઓ બલીપ્રથા, માંસાહાર, દારુ-તાડીના સેવનથી મુક્ત થયા છે ખરા. મારા જેવી સામાજીક અને ધાર્મીક વ્યક્તીઓ અને ધારાસભ્યો - સાંસદો 25 વર્ષથી લોકોને સમજાવવા પ્રયત્નો કરે છે. આદીવાસી, વણકરો અને અન્ય એસ.સી. લોકોમાં લગ્ન વખતે કુળદેવીને બલી ચઢાવવાની પ્રથા, દારુસેવનનો રીવાજ, પ્રેતભોજન અને ધોતીના બદલે લંગોટ પહેરવાની પ્રથા હતી. તે સંત જીવણદાસીના દાફડા વંશ જ સંત ભાવદાસ બાપુએ લોકોને સમજાવી બંધ કરાવી હતી.

કવાંટના આદીવાસી મેળા ભંગુરીયા-ગેરમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના આદીવાસી પુરુષોની પાઘડીઓ બાંધવાની જુદી જુદી પદ્ધતીઓ અને સ્ત્રીઓના એક સરખા રંગના ભીન્ન ભીન્ન વસ્ત્રોમાં અજંટાના ગુફા ચીત્રોમાંની છાંટવાળા ગુજરાત પુરાતત્ત્વના પુર્વનીયામક ડૉ. વાય. એસ. રાવતને લાગ્યા છે. સમગ્ર રાઠ વીસ્તારના બારીયાકોળી, રાઠવાકોળી, ઢોરકોળી, સુર્યવંશી કોળી ભગવાન બુદ્ધના કોળી લોહીના વંશજ છે. તેથી જ્યાં જ્યાં બાબાદેવના સ્થાનક હોય ત્યાં ત્યાં બૌદ્ધ ધર્મના ધાર્મીક પ્રતીકો - ચૈત્યવીહાર આકારની, સીંહ, હાથી, ઘોડા, બળદની પકવેલ માટીની (ટેરાકોટા) શીલ્પો બલીની માનતા પુરી કરતી વખતે સમર્પણ કરે છે. બુદ્ધદેવનું અપભ્રંશ બાબાદેવ નામ છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે, 'વૃક્ષની મંજુરી લઈ તેની કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવો.' તેથી રાઠવા આદીવાસીઓ પણ વૃક્ષની મંજુરી લઈ તેના લાકડાનો ઉપયોગ કરે છે. તેઓ પીઠોરા-પાનગુની માનતા પુરી કરવા ઘરની દીવાલો પર છે ચીત્રામણ કરે છએ. તેના પશુઓમાં બૌદ્ધ પ્રતીકો હોય છે, અને તે ચીત્રકલામાં પણ અજંટા અને બાઘની બૌદ્ધ ચીત્રકલાની પણ છાંટ દેખાય છે. ટુંકમાં તેઓ જે બાબાદેવ (બુદ્ધદેવ)ને પુજે છે તેઓએ તો ભારતમાં 'બલીપ્રથાનો વીરોધ' કરી 'પંચશીલ પાલન'નો ઉપદેશ આપેલ પરંતુ ભ્રમીત થઈ તેમના મંદીરોએ બલી ચઢાવીયો તો 'મહાપાપ' લાગે તેવો પ્રચાર સામાજીક કાર્યકરો, સાધુસંતો, શીક્ષકો અને શીક્ષીતોએ કરી સ્વામી દયાનંદની બલીપ્રથા વીરોધની ચળવળ સાથે આપવો રહ્યો. રાઠવા આદીવાસીઓ તીક્ષ્ણ પારીયું અને ધનુષ્યબાણ રાખે છે. તેથી પોલીસ પાસે આશા રાખવી વ્યર્થ છે. સોલંકીયુગ પહેલાં આ વીસ્તારો મોટા ધર્મસ્થાનો હતા તેથી દેવ-મોરીની જેમ સયાજીરાવ યુની. વડોદરા ટેકરાઓનું ઉત્ખનન કરે તો જરુર રાઠવાઓ પોતાના ઈતીહાસથી પરીચીત થશે.

**- જનબંધુ રા. કૌસાંબી**

[`મહાજન', શૈલગંગા ડુપ્લેક્ષ, ચાંદખેડા, અમદાવાદ-382424]

❑

# આપણા દેશની આર્થીક ગરીબી

## કુમારેશ કે. ત્રીવેદી

દેશમાં 16.2 ટકા નાગરીકો દલીત વર્ગના છે, 8.2 ટકા નાગરીકો આદીવાસી છે, 41થી 50 ટકા અન્ય પછાત વર્ગના છે. તેંડુલકર સમીતીની ભલામણ પ્રમાણે ગ્રામ વીસ્તારમાં 27 રુપીયા અને શહેરી વીસ્તારમાં 33 રુપીયા પ્રતીદીવસથી ઓછો ખર્ચ કરનાર ગરીબી રેખાની નીચે કહેવાય; જ્યારે રંગરાજન સમીતીની ભલામણ મુજબ આ આંકડો અનુક્રમે પ્રતીદીવસ 32 અને 47 છે. રંગરાજન સમીતીની ભલામણ મુજબ ગરીબી રેખાની નીચે 29.50 ટકા ભારતીય નાગરીકો આવી જાય છે. તેંડુલકર સમીતીના અહેવાલની ટીકા કરનારાઓએ રંગરાજન સમીતીના અહેવાલને ઉડાવી દીધો નથી, પરંતુ જે કુટુંબની વાર્ષીક આવક રુ. 27,000થી નીચે હોય તેને ગરીબીરેખાની નીચે ગણવા જોઈએ તેમ સ્વીકાર્યું છે; જે તેંડુલકર સમીતીને મળતો આવતો આંકડો કહી શકાય. બીજી તરફ વાર્ષીક રુ. 8 લાખથી વધુ આવક હોય તો વ્યક્તી મલાઈદાર વર્ગમાં (ક્રીમીલેયર) આવે તેવી દરખાસ્ત છે. અગાઉ આવક રુ. 6 લાખ પ્રતીવર્ષથી વધુ હોય તો ક્રીમીલેયરમાં ગણતરી થતી હતી અને અન્ય પછાત વર્ગને મળતી અનામતના લાભ ન મળતા. જ્યારે આવક વેરો તો વાર્ષીક રુ. અઢી લાખથી ઉપર કમાઓ એટલે લાગી જાય ! દેશમાં ખેતીની આવક પર આવક વેરો કેન્દ્ર સરકાર લઈ શકતી નથી. ખેતી સાથે 60 ટકાથી વધુ નાગરીકો સંકળાયેલા હોવાનો અંદાજ છે.

ઉપરોક્ત સંજોગોમાં દેશમાં ઈન્કમટેક્ષ ભરનારની સંખ્યા ખુબ જ ઓછી રહેવાની, સરકાર પાસે દેશના નાગરીકોની સ્થીતીના આંકડા હોવા છતાં શા માટે એવા નીવેદનોને મહત્ત્વ આપે છે કે દેશમાં 2થી 4 ટકા નાગરીકો જ ઈન્કમટેક્ષ / રીટર્ન ભરે છે ? દેશમાં અન્ય નાગરીકો-ગૃહસ્થોના પૈસા પર નભતા ધર્મધુરંધરો, સાધુઓ, બાવાઓ, રાજકારણીઓ, સંસ્થાઓના આજીવન કાર્યકરો આ બધાને તો આવક વેરો લાગવાનો જ નથી.

આવક વેરો વધારવો હોય તો વીકાસ પણ વધારવો પડશે. વીકાસ નહીં હોય તો આવક વેરો નહીં, તમામ વેરામાં ઘટાડો થશે. વીકાસ કઈ રીતે વધારી શકાય ? જ્યારે સમગ્ર દેશમાં પટાવાળાથી લઈને પ્રાઈમ મીનીસ્ટર સુધી ટ્વીટર, વોટ્સ એપ, ફેસબુક અન્ય સોશ્યલ મીડીયામાં સમય ફાળવતા હોય; બાબુઓ સોશ્યલ મીડીયામાં સમય આપતાં હોય; બધા જ પોતપોતાનાં ફોટા, સેલ્ફી લેવામાં વ્યસ્ત હોય; ફોરવર્ડ કરવામાં વ્યસ્ત હોય; ટોળા ભેગા કરી ભાષણોમાં, બોલવામાં, બોલ બોલ કરવામાં વ્યસ્ત હોય ત્યારે વીકાસ કોણ કરશે-કરાવશે ?

ઈન્ડીયન ઈન્કમટેક્ષ એક્ટ 1918, સુપર ટેક્ષ એક્ટ 1920, ઈન્ડીયન ઈન્કમટેક્ષ એક્ટ 1922 અંગ્રેજશાસન દરમ્યાન આવ્યા. પરંતુ અંગ્રેજોએ ફરીયાદ નહોતી કરી કે માત્ર અડધો ટકો કે થોડાક હજાર લોકો ટેક્ષ ભરે છે ! અંગ્રેજોએ વીકાસના પગલાં ભર્યાં. રેલ્વે, એરપોર્ટ, વીજળી, તાર, ટપાલ, બેંક, રોડ, પાણી, ડેમ... કાયદાનું શાસન સ્થાપ્યું. દેશને ટાટા, બીરલા, કીર્લોસ્કર, પીલુ મોદી, મર્ચન્ટ, ગોદરેજ... સો ઉપરાંત તંદુરસ્ત ઉદ્યોગપતી આપ્યા; જેમની દાનત વીકાસ સાધવાની જ રહી, બેન્કોનું કરી નાખવાની નહીં. આજે કોને તક અપાય છે ? મંત્રીઓના સગાવ્હાલાઓને કે તેમની સાથે ઘરોબો રાખનારને ! ભલે તેઓ ડફોળ હોય ! પરંતુ હોશીયાર / મહેનતુ નાગરીકોએ ફીક્સ પગાર પર નોકરી કરવી પડે છે કે તક મેળવવા માટે વીદેશ સ્થાયી થવું પડે છે ! પછી એ નામના મેળવે એટલે ભારતમાં બોલાવી સન્માન કરાવાય અને ફોટો સોપ્શ યોજાય છે વડાપ્રધાન, રાષ્ટ્રપતી મુખ્યમંત્રીઓ સાથે !

ઈન્કમટેક્ષ બધા પાસેથી મેળવવો હોય તો નાગરીકોને તકની સમાનતા મળવી જોઈએ. પરંતુ અહીં વફાદારો ડોબા હોય તો પણ તેમને જ તક અપાય છે, ધંધાનો અનુભવ ન હોય તો પણ લોન અપાય છે. મીલકત 1 લાખની હોય તો એક કરોડની બતાવાય છે. શું ફીક્સ પગારવાળા હોનહાર યુવાનો ઈન્મક ટેક્ષ ભરી શકે ?

વીદેશી મુડીરોકાણ આકર્ષવાનો આધાર શું હોઈ શકે ? વીકાસ માટે જમીન ખરીદો, એટલે ગુનેગાર થઈ જવાય એવી શરતો લાદવામાં આવે છે અને શરતભંગ માટે જમીન સરકાર હસ્તક દાખલ કેમ ન કરવી તેના ખુલાસા આપવા પડે છે. જમીન ખરીદવા માટેની પરવાનગીમાં એવી શરતો મુકવામાં આવે છે કે જો વડાપ્રધાન ખુદ સામાન્ય ઉદ્યોગપતી બનીને શરતોનું પાલન કરવા જાય તો તે અશક્ય બની જાય છે. ઉત્પાદન ચાલુ થાય તે પહેલાં જ અનેક જગાએ ‘દાન’

*દેશમાં બૌદ્ધીક સંપદાના રક્ષણ માટે સરકાર કટ્ટીબદ્ધ હોવી જોઈએ. પરંતુ આપણી ફીલ્મો જ ઉઠાંતરી કરાવીને બતાવાય છે, ત્યાં બૌદ્ધીક સંપદાના રક્ષણની વાત જ શી રીતે થઈ શકે ?*

કરવા પડે છે. પર્યાવરણને લગતા વાંધાઓ, કેસો ઉભા કરાવાય છે. મુખ્યમંત્રી કે મંત્રી, કમીશનર બદલાય તો ફરી નવા દાન ! પાંચ વર્ષમાં માત્ર એક જ વાર સીંગલ વીન્ડો પદ્ધતીથી દાન લેવાની જોગવાઈ નથી. અંગ્રેજોના શાસન દરમ્યાન કઈ રીતે ઉદ્યોગો સ્થપાયા અને માળખાગત સુવીધાઓ ઉપલબ્ધ થઈ તેનો અભ્યાસ કરવો જોઈએ. હાલ તો જેના જેના વીસ્તારમાં કામ કરો ત્યાં ત્યાં તેને જેટલીવાર સત્તા કે અધીકાર બદલાય તેટલી વાર દાન આપવા પડે છે કે નવા ખર્ચા કરવા પડે છે. મુખ્યમંત્રી જમીન ફાળવે તો અન્ય મંત્રી કે ધારાસભ્ય કે રાજકારણી પ્રેરીત દાવાઓ કે જાહેર હીતની અરજીઓ શરુ થઈ જાય.

વીજળીનો સતત પુરવઠો, પાણી, ડ્રેનેજ લાઈન, રોગચાળામુક્ત વાતાવરણ, મજુરો - કર્મચારીઓની માત્રા અને ગુણવત્તા, કાયદો-વ્યવસ્થાની સ્થીતી, અરજીના / તુમારના નીકાલ અને આવા કેસો સામે રોકાણકારોને નાણાકીય રક્ષણ / વળતર, વીકાસ સામે પાયા વગરના કેસો ઉભા કરતા નાગરીકો - સંસ્થાઓ પર પગલાં લેવાની જોગવાઈ વગેરે પર પણ વીદેશી મુડીરોકાણ આધાર રાખે છે.

વીદેશી મુડીરોકાણ માટે ઘણા દેશોની લાઈન લાગી છે. આ દેશોની સ્પર્ધા વચ્ચે ભારત એવું શું આપી શકે કે મુડીરોકાણ કરનારને રોકાણનું વાજબી અને સમય મર્યાદામાં વળતર મળે ? એમ ન હોય તો કોઈ મુડીરોકાણ ન કરે, સીવાય કે અહીંથી જ ‘ડ્રેઈન’ થયેલ પૈસા કોઈ પાછા લાવવા માંગતું હોય ! પરંતુ હવે તો ભારતીય નાગરીકો જ થોડા કરોડ ખર્ચી અમેરીકાના મુડી રોકાણ આધારીત ગ્રીનકાર્ડ / વીઝા મેળવી અમેરીકન બનવાની સ્પર્ધામાં જોડાયા છે, ત્યાં અહીં કોણ આવી શકે ? અમેરીકા મુડી-રોકાણ અને રોકાણ પછી વાજબી વળતરમાં માને છે, અહીં મુડી-રોકાણ કરનાર વ્યક્તી ઉત્પાદન કે કામ શરુ કરે તે પહેલાં જાતજાતના ‘ડોનેશન’ ઉઘરાવાય છે !

અમેરીકા રોકાણકારોને મુડીરોકાણના ક્ષેત્રો બતાવે છે, ભારતમાં ભારતીય નાગરીકે જ મુડીરોકાણ કરવું હોય તો તેના તંત્રોની જાહેરાત થતી નથી, સીવાય કે રાજકારણીઓ કહે તેને પાર્ટનર બનાવે ! કોન્ટ્રાક્ટની શરતોના પાલન, કરારભંગ બદલની નુકસાની, વળતર, કરારના ભંગ માટેના કેસો, નાણાંની વસુલાત, ચેક પરતના કેસો, લીઝની મુદત પુરી થાય ત્યારે જમીન-મકાન ખાલી કરાવવાના કેસો કેટલા ઝડપથી પુરા થાય તેના પર માત્ર વીદેશી જ નહીં, દેશી મુડી રોકાણનો પણ આધાર રહે છે. અંગ્રેજોના જમાનામાં રોકાણકારો ભાડે આપવા માટે મકાનો, ચાલીઓ, બનાવતાં; પરંતુ આજે રેન્ટ કન્ટ્રોલને કારણે અને મકાન ખાલી કરાવતાં વર્ષો નીકળી જતાં હોવાથી લીઝ પર આપવા માટે મકાનો બનતા નથી. પરીણામે ‘ઝુંપડીઓના વીકાસ’ સીવાય કોઈ વીકલ્પ રહેતો નથી.

માત્ર ઉત્પાદન આધારીત મુડી રોકાણને બદલે ટેક્નોલોજી ખરીદીને ઉત્પાદન કરાય તો દેશને વધુ લાભદાયી છે. જે કીમત છે, નફો આપે છે, તે ટેક્નોલોજી આપે છે; ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી આપે છે. દેશમાં બૌદ્ધીક સંપદાના રક્ષણ માટે સરકાર કટ્ટીબદ્ધ હોવી જોઈએ. પરંતુ આપણી ફીલ્મો જ ઉઠાંતરી કરાવીને બતાવાય છે, ત્યાં બૌદ્ધીક સંપદાના રક્ષણની વાત જ શી રીતે થઈ શકે ? કોઈ વાર મોબાઈલ ખોવાયો હોય અને ફરીયાદ નોંધાવવા તમે ગયા છો ?

કર્મચારીની ભરતીમાં ભલામણ માનવી પડે, ઘણીવાર બાબુઓના સગાને કંઈ આવડતું ન હોય તો પણ નોકરી આપવી પડે, રાજકારણીઓના સગા ગોઠવવા પડે, રાજકારણીઓને કોન્ટ્રાક્ટ આપવા પડે અને કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટ, કામ મળે ત્યારે ‘વર્ક ઓર્ડર’ પહેલાં જ ‘દાન’ કરવું પડે એ બધું અટકાવવું શક્ય છે ? સરકાર સ્થીર હોય પરંતુ નીતી-નીયમો અસ્થીર હોય, તેનો દુરુપયોગ થતો હોય, અર્થઘટનો બાબતે સરકારી સ્પષ્ટતા ન હોય ત્યારે મુડી રોકાણ કરનારની હાલત કફોડી બને છે. ભારતની ઘણી કંપનીઓએ ચીનમાં ઉત્પાદન એકમો ચાલુ કર્યા છે, કારણ ? રાજકારણીઓ અને બાબુઓને કારણોની ખબર નથી ?

સુરતમાં 2006માં તાપીના પુર તથા 2016ની નોટબંધીની સ્થીતી વચ્ચે એક સામ્યતા જોવા મળે છે. એ. કે. શર્મા, હસમુખ અઢીયા તથા મુરમુ CMO - મુખ્યમંત્રી

કાર્યાલયમાં હતા અને નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા. ઉકાઈનાં રુલ લેવલ બાબત નીર્ણય કઈ રીતે લેવાયો તે તત્કાલીન સીંચાઈ મંત્રી નરોત્તમભાઈ જ જાણે, પરંતુ પરીસ્થીતીની ગંભીરતા ધ્યાને લઈ નરેન્દ્રભાઈ સુરત ધસી ગયા અને કલેક્ટર કચેરીમાં બેસી પુરગ્રસ્ત સુરતને બહાર લાવ્યા. નોટબંધીમાં પણ નીર્ણય કઈ રીતે લેવાયો, તે અરુણ જેટલી જ જાણે, પરંતુ આ વખતે પણ ઉપરોક્ત ત્રણ અમલદારો PMO-વડાપ્રધાન કાર્યાલયમાં છે. નોટબંધી બાદ તરત વડાપ્રધાન એક દીવસ જાપાન ગયા, પરંતુ તે પછી પરીસ્થીતીની ગંભીરતા જાણી ભારતમાં જ રહી નોટબંધીની અસરોને કાબુમાં રાખવા સતત મોનીટરીંગ કર્યું. લાંબી કતાર અને ભ્રષ્ટાચારના પુરને નીયંત્રણમાં રાખવા અનેક પરીપત્રો બહાર પડાયા તો સાફસફાઈ માટે સી.બી.આઈ, ઈન્કમટેક્ષ, એન્ફોર્સમેન્ટ નીર્દેશાલય તમામ વીભાગોને કામે લગાડાયા. સુરત તો થોડા દીવસોમાં સ્વચ્છ થઈને તાપીના પુરની અસરોમાંથી બહાર આવી ગયું હતું. નોટબંધીની અસર, કતારો અને ભ્રષ્ટાચારના પુરમાંથી દેશને બહાર આવતાં કેટલી વાર લાગશે ?

રાજ્યસભાના સભ્ય રહી ચુકેલા વીજય માલ્યા બ્રીટીશ નાગરીક પણ હતા. તંત્રની નબળાઈનો દુરુપયોગ કરી લંડનમાં સ્થાયી થઈ ગયા. પ્રશ્ન એ છે કે સંસદને પોતાના જ સભ્યોની નાગરીકતાની પુરેપુરી જાણ હોય છે ખરી ? ફરી કોઈ વીદેશી નાગરીકતા ધરાવનાર વ્યક્તી ભારતની સંસદમાં ન આવી જાય તથા હાલમાં અન્ય દેશની નાગરીકતા ધરાવતા સંસદ સભ્યો છે કે કેમ તે બાબતોની ચકાસણી અને તકેદારી માટે સરકાર તથા ચુંટણી પંચ કોઈ પગલાં લેશે ?

નાયગ્રા ધોધ નજીક આવેલ રેઈન બો બ્રીજ અમેરીકા તથા કેનેડાને જોડે છે. અમેરીકાના છેડેથી નાયગ્રા ધોધના દર્શન માટે અમેરીકન બોટમાં ભુરા પ્લાસ્ટીકના કપડાં-યુનીફોર્મ પહેરાવી પર્યટકોને કેનેડા તરફ અને કેનેડા છેડેથી કેનેડીયન બોટમાં પર્યટકોને મરુન યુનીફોર્મ પહેરાવી અમેરીકા તરફ ધોધનો સંપુર્ણ નજારો લઈ શકાય એ રીતે ચકરાવો મરાવાય છે. અમેરીકન કે કેનેડીયન પાસપોર્ટ ધરાવનાર વ્યક્તી એ માટે બ્રીજ ક્રોસ કરી શકે છે. અહીં બ્રીજને છેડે સૈનીકોની ફોજ દેખાતી નથી. બન્ને દેશો વચ્ચે શસ્ત્રોની હરીફાઈ નથી. બન્ને દેશો એકબીજાની કે એકબીજાના નેતાઓની ટીકા કરતાં હોય એવું સાંભળ્યું નથી.

*ભારત-પાકીસ્તાનના રાજકારણીઓ અમેરીકાને વહાલા થવા તત્પર હોય છે. અમેરીકાને 'સ્ટેચ્યુ ઓફ લીબર્ટી' તો ફ્રાન્સ સરકારે ભેટમાં આપ્યું હતું. અહીં તો દેશને ખર્ચે, લાખો ડોલર ખર્ચી પુતળા બનાવવાની સ્પર્ધા જાગી છે.*

બીજી તરફ ભારત-પાકીસ્તાનના સંબંધો જુઓ. જખૌ પાસે દરીયામાં પાકીસ્તાન, ભારતીય માછીમારોની બોટ સહીત અટકાયત કરે છે; તો ભારત પાકીસ્તાની માછીમારોને મહીનાઓ સુધી જેલમાં રાખ્યા બાદ માછીમારોની મુક્તીનું આદાન-પ્રદાન થાય છે. યુદ્ધ વીરામ ભંગ માટે શસ્ત્રના સોદાગરો જવાબદાર છે કે રાજકારણીઓ કે બન્ને ? બન્ને દેશો શસ્ત્રો પાછળ કરોડો ડોલર ખર્ચે નહીં ત્યાં સુધી નાગરીકોને ઠસાવવામાં આવે છે કે શસ્ત્રોની ખરીદીમાં જ બન્ને દેશોનું હીત છે. આ શસ્ત્રો એક્સ્પાયરી ડેટ પછી નકામા છે, ભંગારમાં નખાય છે કે દાટી દેવાય છે, પરંતુ બન્ને દેશો પાસે તમામ સૈનીકોને બુલેટ પ્રુફ જેકેટ આપવાની પણ તૈયારી નથી.

ભારત-પાકીસ્તાનના રાજકારણીઓ અમેરીકાને વહાલા થવા તત્પર હોય છે. અમેરીકાને 'સ્ટેચ્યુ ઓફ લીબર્ટી' તો ફ્રાન્સ સરકારે ભેટમાં આપ્યું હતું. અહીં તો દેશને ખર્ચે, લાખો ડોલર ખર્ચી પુતળા બનાવવાની સ્પર્ધા જાગી છે. જ્યોર્જ બુશ કે બીલ ક્લીન્ટન કે ઓબામા પોતાના દેશમાંથી ખીતાબો, ટાઈટલ મેળવવા પડાપડી નથી કરતાં. પરંતુ શીક્ષણ, સેવા, વીજ્ઞાન, સૈન્ય, નાગરીકોની પ્રગતી ક્ષેત્રમાં પ્રમુખ કે સેનેટ, દ્વારા મેડલો નાગરીકોને અપાય છે. નામની આગળ લાગી શકે તેવા ટાઈટલ અપાતા નથી. અમેરીકાના બંધારણ અને ભારતના બંધારણની એવોર્ડ, અંગેની કલમો સરખી છે. પરંતુ રાજકારણીઓ અર્થઘટનો જુદા જ કરી પોતે એવોર્ડ મેળવે છે, વેચે છે કે દાન કરે છે. ભારત-પાકીસ્તાન વચ્ચે યુદ્ધ શક્ય નથી. ભારત-પાકીસ્તાન આધારીત રાજકારણ લાંબું ટકે તેવું ન હોવાથી, દેશમાં એક નવો ખેલ શરુ થયો છે. દેશની ગરીબી માટે રાજકારણીઓ, સાધુઓ, સમાજસેવકો, ધર્મગુરુઓ, સંસ્થાઓ જેમના પૈસા ખાઈને તગડા થયા છે, એ બધાં લોકોને જવાબદાર છે ?

[Email ID : kumareshtrivedi01@gmail.com
લેખક ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ છે.]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-3-2017

# કાવ્યોમાં સાંપ્રત

## હું તને બુલેટ ટ્રેન આપું છું...

તું ભુખ્યો અને દુ:ખી છે ? આવ, હું તને બુલેટ ટ્રેન આપીશ.
તારા માથે છાપરું નથી ? તું વરસાદમાં ભીંજાય છે ?
આવ, દોટ મુક, ચડી જા બુલેટ ટ્રેન પર.
તું ધીમે પગે ચાલતો ચાલતો જાય છે અને
પોલીસ, બળાત્કારી કે નીતીવાદીઓના દંડા
તને ઝડપથી પકડી પાડવા પાછળ પડ્યા છે ?
તે બધાને હંફાવવાનો એક માત્ર રસ્તો છે -
ચડી જા બુલેટ ટ્રેન પર,
બુલેટ ટ્રેન ઝડપી છે,
ઝડપી વીકાસ સાથે પગ માંડવા
બેડોળ, બીહામણી ચીજોને પાછળ પાડીને એ આગળ વધે છે,
તને લાગશે કે જાણે એવી ચીજોનું અસ્તીત્વ જ ક્યારેય ન હતું
અપાર દુ:ખોનો અંત લાવવા આતુર
હાથમાં ગાળીયો લઈ ઉભેલો તું ખેડુત છો ?
ગળામાં ગાળીયો ઘાલતાં પહેલાં બુલેટ ટ્રેન નીચે સુઈ જવાના
દેશાભીમાની પગલાંનો વીચાર કરી જો

**- પ્રા. બદરી રૈના**

[કવી મુળ કશ્મીરના છે. ચાર દાયકા દીલ્હી યુની.માં અંગ્રેજી ભણાવ્યા બાદ મેડીસન યુની.માંથી પીએચડી થયા અને હાલ ત્યાં જ અધ્યાપન કાર્ય કરે છે. આ રચના **‘સલામતી’**ના સૌજન્યથી પ્રગટ કરી છે.]

## સાંપ્રત સમાજની બલીહારી

‘બેટી બચાવો, બેટી પઢાવો’, સુત્ર આજે પ્રચલીત છે;
કીન્તુ બેટી કે આજની નારી શું સુરક્ષીત છે ?

સાંપ્રત સમાજની બલીહારી આ કેવી દીસે છે ?
નાની નાની બાલીકાઓ પણ આજે ભયભીત છે.

કાયદો કાયદાનું કામ કરશે, એમ છો બોલાય છે;
ઘટનાઓ એવી બને છે, સમાજ માટે કલંકીત છે.

સલામતી નથી ક્યાંય, એવો આ જમાનો કેવો ?
નારીની લાજ લુંટાય જ્યાં, એ શું ઉચીત છે ?

ફરીયાદ કરે તો કોને કરે, સાંભળે કોણ અહીં ?
જીંદગી બરબાદ થઈ જાય, એ નારી વ્યથીત છે.

કોણ આપશે ન્યાય ને સુણશે પુકાર કોણ ?
દુષ્કૃત્ય કરનારા તો સંવેદનાથી રહીત છે.

કયા માર્ગે જઈ રહ્યો છે આ સમાજ આજે ?
સંસ્કારો કેવા આ, નારી જ્યાં અપમાનીત છે.

**- દેવજી ત્રી. થાનકી**

[ગાંધીનગર (મો) 96879 23614]

## મુક...

સારું જ કરવુ છે ને ? નડવાનું મુક.
આંસુ મગરનાં સારી, રડવાનું મુક.

આ ખાઈ, આ ખાડા ખોદ્યા નથી બીજાએ
કુવા ને કોતર તારાં છે, પડવાનું મુક.

કો’ક તો માણસ હશે આ મેળામાં,
આખા જગત સામે, લડવાનું મુક.

માપી શકાય પંથ પગલાં ભરાય તો,
આકાશના ઉંબરાઓ, ચઢવાનું મુક.

ઠરી ગઈ છે પણ ઓલવાણી નથી,
રાખ ધુણીની છે, અડવાનું મુક.

તું જ સર્જક છો તારા કલેવરનો,
પારકાના પથ્થર, ઘડવાનું મુક.

**- ઈસુભાઈ ગઢવી**

[હીંમતનગર (મો) 98259 61270]

## અજંપો

અજંપાએ વધીને હદ કરી નાખી છે અત્યારે
અજંપો બેવડાયો તે અજંપાના જ વીચારે

નથી મનમાં કશુંયે સ્ફુરતું સુરજમુખી જેવું
ગયો છું છેક ઘરબાઈ અજંપાના જ અંધારે

અજંપાની જ સાથે માઈલોના માઈલો કાપ્યા
ન આવે યાદ એ પણ કે હતો હું એકલો ક્યારે ?

અજંપાગ્રસ્ત જાણે કે જગતમાં એકલો છું હું
ન લાગે એમ પણ પાછું અરીસો જોઉં છું ત્યારે

અજંપાની અવસ્થા આ બીમારી હોય તોયે શું ?
મળ્યું છે મન મને એવું ગરજ જે વૈદ્યની સારે.

અજંપામાંય હસવાના પ્રયત્નો મેં નથી છોડ્યા
અજંપો હદ વટાવે ત્યાંય રોવું તો નથી મારે

મળ્યા જે સ્મીત વદને તેમનો છું ખુબ આભારી
કર્યો છે ખુશ ભીરતથી મને સૌ સ્મીત કરનારે.

**- આત્મારામ ડોડીયા**

[94083 91181] ❑

‘નયા માર્ગ’ વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● ‘નયામાર્ગ’ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001